


ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425

30 DECEMBER, 2025 TUESDAY



પેજ 2  જુના કાંસીયાની પાવન ધરા પર 'દત્ત નામ'ની ગુંજ

પેજ 3  ગાંજા ના મુદ્દામાલ સાથે વડોદરાનો એક ઈસમ ઝડપાયો

પેજ 7  તેજસ્વી તારલાઓનું સન્માન સમારોહ યોજાયો

પેજ 5 આતંકી હુમલો હોય કે તોફાનો રેન્જ આઈજીની હાજરીમાં પોલીસે કૌવત બતાવ્યું



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 284 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


### દુલહસ્તી-2 પ્રોજેક્ટથી પાકિસ્તાની સાંસદોને વાંધો પડ્યો

# ભારતે દુ:ખતી રગ દબાવતા તરફડવા લાગ્યું પાકિસ્તાન!

### ત્રણ નદીઓ પર અમારો, ત્રણ નદીઓ પર ભારતનો હક : સાંસદ રહેમાન : પ્રોજેક્ટ-2માં 260 મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરાશે





• નવી દિલ્હી

ભારતે જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લા સ્થિત ચિનાબ નદી પર 260 મેગાવોટની 'દુલહસ્તી જળવિદ્યુત પ્રોજેક્ટ'ના બીજા તબક્કાને મંજૂરી આપ્યા બાદ પાકિસ્તાનને ઝટકો લાગ્યો છે. આ પહેલા ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર ચલાવીને પાકિસ્તાનમાં બેઠેલા આતંકીઓની કમર તોડી નાખી હતી, ત્યારબાદ કેન્દ્ર સરકારે સિંધુ જળ સમજૂતી સ્થગિત કરીને પાકિસ્તાનને પાણી માટે ભીખ માગતું કરી દીધું છે. એટલું જ નહીં હવે ભારતે દુલહસ્તી-2 પ્રોજેક્ટને મંજૂરી આપતા પાકિસ્તાનની મુશ્કેલીઓમાં વધુ વધારો થયો છે.

એકતરફ ભારતે દુલહસ્તી-2 પ્રોજેક્ટને મંજૂરી આપી દીધ છે, તો બીજીતરફ પાકિસ્તાની સાંસદને આ પ્રોજેક્ટથી વાંધો પડ્યો છે. પાકિસ્તાનની સમાચાર સંસ્થા ડૉનના રિપોર્ટ મુજબ, 'પાકિસ્તાની સાંસદ શેરી રહમાને કહ્યું છે કે, પાણીને હથિયાર બનાવવું સમજદારી નથી અને અમે તેને મંજૂરી પણ આપતા નથી. આવા નિર્ણયના કારણે બંને દેશો વચ્ચેનો તણાવ વધુ વધશે.'ભારતની કાર્યવાહીના કારણે પાકિસ્તાન પાણી માટે તરફડિયા મારી રહ્યું છે, ત્યારે સાંસદ રહમાને સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, 'ભારતે સિંધુ જળ સમજૂતી કરારનું જાહેરમાં ઉલ્લંઘન કરીને તાજેતરમાં જ દુલહસ્તી-2 પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે. એકતરફી નિર્ણય લઈને સમજૂતી કરાર રદ ન કરી શકાય, જેની યુએનના રિપોર્ટમાં પણ પુષ્ટી કરવામાં આવી છે. કરાર મુજબ ઈન્ડસ, ઝેલમ અને ચિનાબ નદીના પાણી પર પાકિસ્તાનનો હક છે, જ્યારે રાવી, બ્યાસ અને સતલુજ નદીઓ પર ભારતનો હક છે.'

ઉલ્લેખનીય છે કે, ભારતના પર્યાવરણ મંત્રાલયની એક સમિતિએ જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લા સ્થિત ચિનાબ નદી પર 260 મેગાવોટની 'દુલહસ્તી જળવિદ્યુત પ્રોજેક્ટ'ના બીજા તબક્કાને તાજેતરમાં જ મંજૂરી આપી દીધી છે. હવે આ 3200 કરોડ રૂપિયાના 'રન ઑફ ધ રિવર' પ્રોજેક્ટ માટે ટેન્ડર જારી કરવાનો રસ્તો સાફ થઈ ગયો છે. ભારત દ્વારા સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો અને દુલહસ્તી પ્રોજેક્ટના બીજા તબક્કાને મંજૂરી આપવાનો નિર્ણય પાકિસ્તાન માટે અનેક રીતે નુકસાનકારક સાબિત થઈ શકે છે. 'રન ઑફ ધ રિવર' જળવિદ્યુત પ્રોજેક્ટના ધ્યેય સાથે સંકળાયેલો બીજા તબક્કાનો પ્રોજેક્ટ એક એવો પ્રોજેક્ટ છે, જેમાં નદીઓના જળ પ્રવાહમાં કોઈપણ અડચણ ઊભી કર્યા વગર વીજળીનું ઉત્પાદન કરી શકાય છે. પ્રોજેક્ટની ખાસિયત એ છે કે, નદીમાં કોઈપણ અડચણ કર્યા વગર કુદરતી પ્રવાહનો ઉપયોગ કરી શકાય છે.

દુલહસ્તી જળવિદ્યુત પ્રોજેક્ટ પર વર્તમાનમાં 390 મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરવા પર કામ થઈ રહ્યું છે. વર્ષ 2007માં NHPCએ આ પ્રોજેક્ટ ચાલુ કર્યો હતો, જે હાલમાં પણ સફળતાપૂર્વક ચાલી રહ્યો છે. હવે પ્રોજેક્ટના બીજા તબક્કાને મંજૂરી મળ્યા બાદ વધુ 260 મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરી શકાશે.જમ્મુ-કાશ્મીરના પહલગામમાં 22 એપ્રિલ-2025ના રોજ આતંકવાદી હુમલો થયો હતો, ત્યારબાદ ભારત આતંકવાદને પ્રોત્સાહન આપતા પાકિસ્તાન વિરુદ્ધ એક પછી એક કાર્યવાહી કરી રહ્યું છે. ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પીઓકે અને પાકિસ્તાન સ્થિત આતંકવાદી ઠેકાણાઓને નષ્ટ કરી નાખ્યા હતા, એટલું જ નહીં ભારતે સિંધુ જળ સમજૂતી પણ રદ કરી દીધી હતી, જેના કારણે પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય મંચો પાસે જઈને ભારત વિરુદ્ધ ઝેર ઓકવાની સાથે પાણી માટે ભીખ માગી રહ્યું છે. એટલું જ નહીં, બિલાવ ભુટ્ટો સહિતના પાકિસ્તાની નેતાઓ ભારત પર પરમાણુ હુમલો કરવાની પણ ધમકી આપતા રહ્યા છે. હવે ભારતે પાકિસ્તાનને મોટો પાઠ ભણાવી મોટા પ્રોજેક્ટને મંજૂરી આપ્યા બાદ પાકિસ્તાનના ટેન્શનમાં વધુ વધારો થયો છે.

### ચીન-પાકિસ્તાનની ઊંઘ હરામ !

## ભારતે રૂા. 79,000 કરોડના સંરક્ષણ સોદાને આપી મંજૂરી



• નવી દિલ્હી

ચીન અને પાકિસ્તાનની ઊંઘ હરામ થઈ જવાની છે, કારણ કે, કેન્દ્ર સરકારે ભૂમિસેના, નૌસેના અને વાયુસેનાને વધુ અત્યાધુનિક બનાવવા માટે 79000 કરોડના હથિયારો અને સિસ્ટમો ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં પ્રસ્તાવને મંજૂરી મળી ગઈ છે. આ નિર્ણય ભારતની સૈન્ય તૈયારીઓના ભાગ રૂપે ખૂબ જ મહત્ત્વનો મનાઈ રહ્યો છે. પ્રસ્તાવ મુજબ, થલસેના માટે અત્યાધુનિક હથિયારો અને ડ્રોન વિરોધી સિસ્ટમ ખરીદવામાં આવશે.

ભારતની ત્રણેય સેનાઓ માટે નવા શસ્ત્રો અને સાધનોની ખરીદી અંગે નિર્ણય લેનારી સર્વોચ્ચ સંસ્થા 'રક્ષા અધિગ્રહણ પરિષદે' અનેક મહત્ત્વના પ્રસ્તાવને મંજૂરી આપી છે.

## હાઈટેક દુબઈને મચ્છરોએ બાનમાં લીધું, UAE સરકારે લેવા પડ્યા એક્શન

• દુબઈ

અત્યાધુનિક ઈમારતો, ઉમદા પરિવહન સેવાઓ, સ્વાસ્થ્યપૂર્ણ જીવનશૈલી અને ખૂબ સ્વચ્છતા માટે જાણીતું દુબઈ શહેર આજકાલ મચ્છરોથી ત્રસ્ત છે. ત્યાં મચ્છરોની સમસ્યા એટલી ગંભીર બની ગઈ છે કે યુએઈના આરોગ્ય મંત્રાલયે રહેવાસીઓ માટે ચેતવણી જારી કરવી પડી છે. સરકારે લોકોને સાવધાન અને સજ્જ રહેવાની અપીલ કરી છે. ચોખ્ખાચણાક દુબઈમાં મચ્છરોનો ઉપદ્રવ કઈ રીતે વધ્યો?

દુબઈ જેવા શુષ્ક પ્રદેશમાં પણ મચ્છરોની વસ્તી વધવાનું એક મુખ્ય કારણ પાણીનો સ્થિર સંગ્રહ છે. ઘરના છજાં, કુંડા, કૂલર અને ટાયરોમાં જમા થયેલું સ્થિર પાણી મચ્છરોના પ્રજનન માટે આદર્શ ઠેકાણું બને છે. મચ્છરના કરડવાથી ડેંગ્યુ, મલેરિયા અને ચિકનગુનિયા જેવા રોગ ફેલાવાની શક્યતા વધે છે.સરકારે લોકોને સાવધાન અને સજ્જ રહેવાની અપીલ કરી છે. ચોખ્ખાચણાક દુબઈમાં મચ્છરોનો ઉપદ્રવ કઈ રીતે વધ્યો?ગલ્ફ ન્યૂઝ અનુસાર દુબઈના આરોગ્ય મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક વિડિયો સંદેશ શેર કરીને લોકોને જાગૃત કરતાં કહ્યું છે કે, મચ્છરના ડંખને હળવાશમાં ન લેશો. જો ડંખ્યા પછી તાવ, તીવ્ર માથાનો દુખાવો અથવા શરીરમાં બીજી કોઈ તકલીફ જણાય તો તાબડતોબ ડૉક્ટરની સલાહ લેશો.

### પોલીસે કયા કારણોસર અકસ્માત સર્જાયો તેની તપાસ શરૂ કરી

## મુંબઈમાં બેસ્ટની બસે અનેકને કચડ્યા, 4ના મોત, આરોપી ડ્રાઈવરની ધરપકડ



• મુંબઈ

સોમવારે રાત્રે મુંબઈના ભાંડુપ રેલ્વે સ્ટેશન નજીક એક મોટો અકસ્માત સર્જાયો છે, જેમાં એક બેસ્ટ બસ બેકાબૂ થઈ પલટી મારી જતાં મુસાફરો સાથે અથડાઈ છે, જેમાં ચાર લોકોના મોત થયા છે જ્યારે નવ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ડ્રાઈવરની ધરપકડ કરી લેવામાં આવી છે.

પ્રાથમિક માહિતી અનુસાર આ ઘટના 29 ડિસેમ્બરના રોજ રાત્રે 10:05 વાગ્યે ભાંડુપ પશ્ચિમના સ્ટેશન રોડ પર બની હતી. બેસ્ટ બસ રિવર્સ પડી રહી હતી ત્યારે ડ્રાઈવરે સ્ટેરિંગ પરથી કંટ્રોલ ગુમાવી દીધો હતો અને બસની રાહ જોઈને ઉભેલા મુસાફરોને કચડી નાખ્યા હતા. જેમાં 4 લોકોના કમકમાટીભર્યા મોત થયા છે જ્યારે 9 લોકોને ઈજા પહોંચતા તેમણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ઘટનાની જાણ પોલીસ અને ફાયર વિભાગની ટીમોને કરવામાં આવી હતી, જે બાદ તેમણે તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી. ઘટનાસ્થળે લોકોના ટોળે ટોળાં થઈ જતાં પોલીસે સ્થિતિ કાબૂમાં લીધી હતી, પોલીસે કયા કારણોસર અકસ્માત સર્જાયો તેની તપાસ શરૂ કરી છે.

## બાંગ્લાદેશમાં ચૂંટણી પૂર્વે જમાત-એ-ઈસ્લામી સાથે ગઠબંધન અંગે વિદ્યાર્થી નેતાઓમાં તડાં

### એન.સી.પી.એ નામાંકન પૂર્વના એક દિવસે જમાત-એ-ઇસ્લામી સાથે ગઠબંધન કર્યું

ઢાકા : હત્યા, હિંસા અને લઘુમતિઓ ઉપર થતા જુલ્મો વચ્ચે બાંગ્લાદેશમાં ચૂંટણી અંગે ગરમી ફેલાઈ રહી છે. ફેબ્રુઆરીમાં યોજાનારી ચૂંટણી માટેનાં નામાંકન પત્ર ભરવાનો આજે (સોમવાર)નો છેલ્લો દિવસ હતો. તે પૂર્વે એક દિવસે શેખ હસીનાને પદભ્રષ્ટ કરાવનાર જૂથોમાં સૌથી વધુ મહત્વની ભૂમિકા ભજવનાર વિદ્યાર્થી નેતાઓમાં તડાં પડી ગયા છે. વિદ્યાર્થીઓના કેટલાંક જૂથે આ ચૂંટણીમાં જમાત-એ-ઈસ્લામી સાથે હાથ મેળવવાનો વિરોધ કર્યો છે.

એન.સી.પી.ના સંયોજક નાહિદ ઈસ્લામે રવિવારે રાત્રે આશરે ૮ વાગે અહીંના કામચલાઉ પાર્ટી-કાર્યાલયમાં એક પ્રેસ-કોન્ફરન્સને કરેલાં સંબોધનમાં જમાત-એ-ઈસ્લામી સાથેના ગઠબંધનની પુષ્ટિ કરી હતી.

તેણે કહ્યું હતું કે, પહેલાં તો અમે તમામ ૩૦૦ સીટો ઉપર ચૂંટણી લડવા નિર્ણય કર્યો હતો પરંતુ ઉસ્માન હાદિની હત્યાએ દેશનું રાજ નૈતિક પરિદ્રશ્ય જ બદલી નાખ્યું છે.આ તબક્કે પત્રકારોએ પૂછ્યું કે, 'શું તે ગઠબંધન વૈચારિક છે ?' ત્યારે તેણે કહ્યું કે, 'આ માત્ર ચૂંટણી સમજૂતી જ છે. અમે ન્યૂનતમ મુદ્દાઓ ઉપર સામાન્ય સમજૂતી સાધી છે. અમે સાથે રહીને ચૂંટણી લડીશું.'ઢાકા ટ્રિબ્યુનના રીપોર્ટમાં જણાવ્યું છે કે, જમાત-એ-ઈસ્લામી સાથેના ગઠબંધન અંગે કેટલાક વિદ્યાર્થી નેતાઓને વિરોધ છે. આથી કુલ ૩૦ નેતાઓએ તે અંગે પાર્ટી મોવડી મંડળને પત્ર લખી જમાત-એ-ઈસ્લામી સાથેનાં ગઠબંધનનો વિરોધ કર્યો છે. સાથે પોતાનાં ત્યાગ-પત્રો પણ આપી દીધાં છે. આ અંગે પાર્ટીના ચીફ કોઓર્ડીનેટર તુહીને કહ્યું હતું કે તે ૩૦માંથી ૧૬-૧૭ મનાવી લીધા છે. જોકે તે અંગે કોઈ વિધિવત્ પ્રમાણ મળતું નથી. ટૂંકમાં વિદ્યાર્થીઓની નેશનલ સીટીઝન પાર્ટીમાં ચૂંટણી પહેલાં જ તડાં પડવા શરૂ થઈ ગયા છે.એક નિરીક્ષકે તો સ્પષ્ટ કહ્યું હતું કે, ત્યાંના કટ્ટરપંથીઓ જ્યારે હિન્દુઓનો વિરોધ કરે છે અને કેટલાક તો હિન્દુઓને દેશમાંથી હાંકી કાઢવાની વાત કરે છે, ત્યારે તેઓ ભૂલી જાય છે કે બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત 'ઓમાર-ઓમાર બંગલા' લખનાર એક હિન્દુ બ્રાહ્મણ (ગુરૂદેવ ટાગોર)હતા.

### કુર્રાન અને હાદીથ સિવાય અન્ય કાનૂન નહી રહે

## 17 વર્ષ લંડનમાં રહેલા તારિક રહેમાનની પાર્ટી દેશમાં 'શરીયા' કાનૂન લગાડશે !

• ઢાકા

બાંગ્લાદેશમાં સામાન્ય ચૂંટણી પૂર્વે બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બી.એન.પી.)એ સોમવારે જાહેર કર્યું હતું કે, જો તેમનો પક્ષ સત્તા ઉપર આવશે તો દેશમાં શરીયા કાનૂન લાગુ પડશે બીએનપીના કાર્યકારી પ્રમુખ ૧૭ વર્ષ સુધી લંડનમાં સ્વૈચ્છિક દેશવટો ભોગવી સ્વદેશ પાછા ફર્યા પછી તેમણે ફેબુરઆરી ૧૨ની ચૂંટણી પહેલા તેમની પાર્ટીના મહામંત્રીએ કરેલા આ વિધાનોએ વ્યાપક હલચલ મચાવી દીધી છે.

ચૂંટણી પહેલાં યોજેલી પ્રચાર રેલીમાં પક્ષના મહામંત્રી ફખરૂલ ઈસ્લામ આલમગીરે કહ્યું : 'જો અમારો પક્ષ સત્તા ઉપર આવશે તો કુર્રાન અને હાદીથ સિવાયના કોઈ પણ કાનુન અમલી નહીં રહે.'


ઉલ્લેખનીય છે કે, ૧૯૭૨માં ઘડાયેલા દેશના સંવિધાન કરતા આ વિધાનો તદ્દન વિરોધાભાસી છે. તે સંવિધાનમાં તમામને સમાન અધિકારી આપવાની વાત કહી છે તેમજ લઘુમતીઓને અધિકારો આપવાની પણ વાત કરી છે.

દરમિયાન તારિક રહેમાને આજે સોમવારે પોતાનું નિર્વાચન નામાંકનપત્ર ભર્યું હતું. ઢાકાના ખેગૂન બગીચા વિસ્તારના ચૂંટણી અધિકારી સમક્ષ તેઓએ તેમનું નામાંકન પત્ર ભર્યું હતું. આ માહિતી આપતા વર્તમાનપત્ર ડેઈલી સ્ટારે જણાવ્યું છે કે, રહેમાન ૧૩મી જાતીય સંગસદની ૧૨ ફેબુરઆરીએ યોજાયેલી ચૂંટણીમાં ઢાકા ૧૭ મત વિસ્તારના સંગસદ (સાંસદ) પદ માટેનું તેમનું નામાંકનપત્ર ભર્યું હતું.

## પુતિન સાંતાક્લોઝ બન્યા : વિવિધ દેશોના નેતાઓને વિવિધ ભેટ આપી

### ઉત્તર કોરિયાના કીમ જોંગ ઊનને તલવાર ભેટમાં મોકલી છે

મોસ્કો : ક્રિસમસના દિવસે એકબીજાને ભેટ આપવાનો રીવાજ તો સદીઓ જૂનો છે. તેને અનુસરી પ્રમુખ પુતિને વિવિધ દેશોના પ્રમુખો કે વડાપ્રધાનોને વિવિધ ભેટો મોકલી છે. ભારત, ચીન, અમેરિકા અને તુર્કી સહિત ઘણા દેશોમાં તેઓએ ભેટો મોકલી છે.



ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેઓએ સુખોઈ એસ-યુ-૫૭ સ્ટીલ્થ ફાયટર જેટનાં વિમાનનું નાનકડું મોડેલ ભેટ મોકલ્યું છે.

તેમણે સૌથી પહેલી ગિફ્ટ ચીનના પ્રમુખ શી-જિનપિંગને મોકલી છે. તેમાં ડૉલર રશિયન રૂબલ અને ચીનના યુયાન દર્શાવતો પત્ર છે. જે ક્રિસમસ ટ્રી પર લગાડતાં ડૉલરની નિશાની જમીન પર પડી જાય છે. તે દ્વારા તેઓ તે દર્શાવવા માગતા હશે કે રશિયા અને ચીન મળીને ડૉલરને સીધો પડકાર આપવા તૈયાર છે.

ડોનાલ્ડ ટ્રમ્પને મોકલેલા ઉપહારમાં આલાસ્કા-શિખર મંત્રણાની યાદ અપાઈ છે. તેમાં ટ્રમ્પ સાથેની તેમની મુલાકાતની તસ્વીર છે.

જોકે આલાસ્કામાં થયેલી આ બેઠકમાં યુક્રેન યુદ્ધ અંગે કોઈ પરિણામ ન આવતાં આ તસ્વીર દ્વારા ટ્રમ્પ ઉપર કટાક્ષ પણ કર્યો છે.તૂર્કીના પ્રમુખ રજબ તૈયબ ઈરદોગન એક તસ્વીર મોકલી છે જેમાં પુતિન ઈર્દોગનને એક સ્નો-બોલ આપતા દેખાય છે. તેની ઉપર અક્કુ શબ્દ લખેલા છે. તે રશિયન કંપની રોસાટોમ દ્વારા તુર્કીમાં રચવામાં આવી રહેલાં પરમાણુ ઊર્જા સંયંત્રો રેખાંકિત કરે છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# શ્રી ગુરુલીલામૃત પારાયણ અને જ્ઞાનયજ્ઞની ભવ્ય પૂર્ણાહુતિ કરાઈ

### જુના કાંસીયાની પાવન ધરા પર 'દત્ત નામ'ની ગુંજ

• અંકલેશ્વર

અંકલેશ્વરના ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્વ ધરાવતા જુના કાંસીયા ગામની આંબાવાડી ખાતે શ્રી રંગ અવધૂત પરિવાર દ્વારા આયોજિત 'શ્રી ગુરુલીલામૃત ગ્રંથ પારાયણ'નો મંગલ સમાપન થયો હતો. નારેશ્વરના નાથ શ્રી રંગ અવધૂત મહારાજના નારેશ્વર આગમનના શતાબ્દી વર્ષની ભવ્ય ઉજવણીના ભાગરૂપે આ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, જુના કાંસીયાની આ આંબાવાડી એ જ સ્થળ છે જ્યાં પૂજ્ય બાપાએ અજ્ઞાતવાસ ગાળ્યોહતો, જેનાકારણેભક્તોમાટેઆસ્થળનુંવિશેષમહત્વ છે. ગત ૨૩ ડિસેમ્બરથી શરૂ થયેલા આ ધાર્મિક મહોત્સવમાં જ્ઞાનયજ્ઞ અને અનુષ્ઠાન કરવામાં આવ્યા હતા, જેની આજે વિધિવત સ્વાહાકાર સાથે પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

આ દિવ્ય યજ્ઞનું સંચાલન ગોલ્ડ મેડાલિસ્ટ વિદ્વાન બ્રાહ્મણ રાકેશ ભાઈ જોશીએ યજ્ઞાચાર્ય તરીકે અને જૈત્રક જોશીએ કર્માચાર્ય તરીકે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે કરાવ્યું હતું. આ સાત દિવસીય પારાયણ દરમિયાન સમગ્ર વિસ્તારનું



વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. પૂર્ણાહુતિના અવસરે અંકલેશ્વર અને આસપાસના પંથકમાંથી મોટી સંખ્યામાં રંગભક્તો ઉમટી પડ્યા હતા અને યજ્ઞના દર્શન તેમજ પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## ધરમપુરના બરૂમાળમાં LCB એ ઘરના વાડામાં છુપાવેલો ૨.૬૪ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો, એકની ધરપકડ

વલસાડ,વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે ધરમપુર પોલીસ સ્ટેશન વિસ્તારના બરૂમાળ ગામમાં ચોક્કસ બાતમીના આધારે ડેરી ફળીયામાં રહેતા ઈલેશભાઈ ગુલાબભાઈ ધો.પટેલના ઘરે અને વાડાના ભાગે દરોડો પાડ્યો હતો. આ તપાસ દરમિયાન ઘરના વાડામાં અત્યંત સાવચેતીપૂર્વક છુપાવી રાખવામાં આવેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂ, વ્હીસ્કી અને બીયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી વ્હીસ્કી અને બીયરના ૨૬ બોક્ષ તથા ૯૧૪ નંગ છુટી બાટલીઓ સહિત કુલ ૩૩૦.૭૪૦ લીટર દારૂ જપ્ત કર્યો છે.

આ કાર્યવાહીમાં પોલીસે ૨,૬૪,૯૪૨/- ની કિંમતનો વિદેશી દારૂ અને ૫,૦૦૦/- ની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ ૨,૬૯,૯૪૨/- નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે ૩૭ વર્ષીય આરોપી ઈલેશભાઈ પટેલની સ્થળ પરથી ધરપકડ કરી છે, જ્યારે આ દારૂના જથ્થાના વ્યવહારમાં સંડોવાયેલા નાની વહિયાળના અજય ઉર્ફે ખેડુત અરવિંદભાઈ પટેલને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. એલ.સી.બી. દ્વારા પકડાયેલ આરોપી અને મુદ્દામાલ આગળની કાયદેસરની કાર્યવાહી માટે ધરમપુર પોલીસ સ્ટેશનને સુપ્રત કરવામાં આવ્યો છે.

**અપીલ** ધારાસભ્ય કાંધલ જાડેજાની ભ્રામક વાતોથી દૂર રહેવા જનતાને અપીલ

# ગુજરાતમાં પોતાના ખર્ચે દર વર્ષે ખેડૂતો માટે સિંચાઈનું પાણી છોડવનાર કાંધલભાઈ જાડેજા

### સ્વખર્ચે પાણી છોડાવવા સરકારમાં મંજૂરી માગી



• વિરમભાઈ કે. આગઠ

૮૪ કુતિયાણા-રાણાવાવ વિધાનસભા બેઠકના લોકલાડીલા અને ખેડૂત હિતરક્ષક ધારાસભ્ય કાંધલભાઈ જાડેજા સતત ત્રણ ટર્મથી ચૂંટાઈ આવી પોતાના મતવિસ્તારના લોકો અને ખેડૂતો માટે ખરા અર્થમાં લોકપ્રહરી તરીકે ફરજ બજાવી રહ્યા છે. સમગ્ર ગુજરાતની ૧૮૨ વિધાનસભા બેઠકોમાં તેઓ એકમાત્ર એવા ધારાસભ્ય છે કે જે દર વર્ષે પોતાના ઘરના ખર્ચે ખેડૂતોને સિંચાઈ માટે ડેમમાંથી પાણી છોડાવે છે. મતવિસ્તારમાં જનતા કે ખેડૂતોને જ્યારે પણ કોઈ પ્રશ્ન કે મુશ્કેલી ઊભી થાય ત્યારે ધારાસભ્ય કાંધલભાઈ જાડેજા હંમેશા તેમની પડખે ઉભા રહ્યા છે. ખાસ કરીને દર વર્ષે શિયાળુ રવિ પાક દરમિયાન જ્યારે કેનાલો, વોંકળા, સ્થાનિક તળાવો અને ડેમોમાં પાણીની અછત સર્જાય છે, ત્યારે ખેડૂતોની વ્હારે આગળ આવી પોતાના ખર્ચે વિવિધ ડેમોમાંથી પાણી ભરાવીને સિંચાઈ માટે છોડાવે છે. આ વર્ષે પણ શિયાળુ પાક માટે ખેડૂતોને પાણીની તંગી ન પડે તે માટે ધારાસભ્ય કાંધલભાઈ જાડેજાએ પોતાના મતવિસ્તારના ખેડૂતોને સિંચાઈનો લાભ મળે તે હેતુસર અલગ-અલગ ડેમમાંથી પાણી છોડાવવા માટે મજૂરી સરકારમાં નિયમ અનુસાર મંજૂરી માગી છે. મંજૂરી મળતાં જ સરકારના નિયમ મુજબની રકમ પોતે ભરી તાત્કાલિક ધોરણે પાણી છોડાવવાની તેમની પ્રતિબદ્ધતા છે. આ અનુસંધાને તેમણે રાણા ખીરસરા ડેમમાંથી પાણી છોડાવવા બાબતે નાયબ કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવી રજૂઆત કરી છે. પત્રમાં જણાવ્યા મુજબ રાણાવાવ તાલુકાના ઠોયાણા, ભોળદર, મહિરા, નેરાણા, જાંબુ, કેરાળા અને પાદરડી તેમજ પોરબંદર તાલુકાના એરડા, દેરોદર અને લુશાળા ગામોને નીકળતી મીણસાર નદીમાં હાલ ખારું અને મોળું પાણી ભરાયેલ હોવાથી ખેડૂતોને કોઈ સિંચાઈ લાભ મળતો નથી. આ ગામોમાં એક પણ પાક લેવામાં ખેડૂતો અસમર્થ બન્યા છે. રાણા ખીરસરા ડેમ સિવાય અન્ય કોઈ ડેમમાંથી આ વિસ્તારો સુધી પાણી પહોંચવું શક્ય ન હોવાથી, નિયમ મુજબ ૫૦ એમ.સી.એફ.ટી. પાણી નદીમાં છોડવાની મંજૂરી આપવા અને જરૂરી રકમ પોતે ભરવા તૈયાર હોવાની સ્પષ્ટ રજૂઆત કરવામાં આવી છે. તેમજ ઈશ્વરીયા નાની સિંચાઈ યોજનામાંથી પાણી છોડવા બાબતે કરેલી ભલામણમાં જણાવવામાં આવ્યું છે કે માલ, કોટડા, મહોબતપરા અને કુતિયાણા ગામોમાં આશરે ૮૦ હેક્ટર વિસ્તારમાં ચણા, ઘઉં, જુવાર સહિતના શિયાળુ પાકોનું વાવેતર થયેલ છે. આ પાકો માટે પિયતના પાણીની તાત્કાલિક જરૂરિયાત ઊભી થતાં સરકારના નિયમ મુજબની રકમ ભરી ઈશ્વરીયા ડેમમાંથી નદીમાં પાણી છોડવાની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત ધારાસભ્ય કાંધલભાઈ જાડેજાએ ભાદર-૨ ડેમમાંથી ૩૦૦ એમ.સી.એફ.ટી. પાણી તથા બાંટવાના ખારા ડેમમાંથી ૮૦ એમ.સી.એફ.ટી. પાણી નિયમ મુજબ છોડવાની ભલામણ કરી છે, જેથી ઘેડ વિસ્તારના ખેડૂતોને શિયાળુ પાક માટે જરૂરી સિંચાઈ મળી શકે. ધારાસભ્ય કાંધલભાઈ જાડેજાએ સ્પષ્ટ જણાવ્યું છે કે તેમના મતવિસ્તારમાં સિંચાઈની જરૂરિયાતને ધ્યાને રાખીને વિવિધ ડેમમાંથી પાણી છોડાવવા માટે મંજૂરી માગવામાં આવી છે. સરકાર તરફથી મંજૂરી મળતાં જ કોઈ વિલંબ વિના પોતાના ખર્ચે ખેડૂતો માટે પાણી છોડાવવામાં આવશે. સાથે જ તેમણે જનતાને ભ્રામક વાતોમાં આવીને ગેરમાર્ગે ન દોરાવાની અપીલ પણ કરી છે. ખરેખર, ત્રણ ટર્મથી સતત ચૂંટાઈ આવતા અને પોતાના પૈસે ખેડૂતોના હિતમાં સિંચાઈનું પાણી છોડાવનાર કાંધલભાઈ જાડેજા ગુજરાત વિધાનસભાના ૧૮૨ ધારાસભ્યોમાં એક અનોખું અને પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યા છે.

### પ્રાણીન ફાઉન્ડેશન અને ચંદ્રલોક ફાઉન્ડેશન દ્વારા

# ૨૫૧ દીકરીઓના સમૂહ લગ્નનું નિ:શુલ્ક ભવ્ય આયોજન કરવામાં આવ્યું

**ભવ્ય આયોજન** ડાંગના બોરખેતમાં ૨૫૧ દીકરા-દીકરીઓના હસ્તમેળાપ સાથે ભવ્ય કરિયાવર

• આહવા

ડાંગમાં માનવતા મહેકી ૨૫૧ દીકરીઓના લગ્ન કરાવીને પ્રાણીન અને ચંદ્રલોક ફાઉન્ડેશને સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું ડાંગ જિલ્લાના બોરખેત ખાતે પ્રાણીન ફાઉન્ડેશન અને ચંદ્રલોક ફાઉન્ડેશન દ્વારા એક ખૂબ જ સુંદર અને મોટું આયોજન કરવામાં આવ્યું હતું. આજના સમયમાં જ્યારે લગ્નનો ખર્ચ કરવો સામાન્ય માણસ માટે અઘરો બની ગયો છે,ત્યારે આ સંસ્થાઓએ આગળ આવીને ૨૫૧ નવયુગલોના નિ:શૂલ્ક સમૂહ લગ્ન કરાવીને પ્રશંસનીય કાર્ય કર્યું છે.ડાંગના અંતરિયાળ વિસ્તારના ૨૫૧ યુગલોએ આ સમારોહમાં પ્રભુતામાં પગલાં પાડ્યા હતા.આ સંસ્થાઓએ માત્ર લગ્ન




જ નથી કરાવ્યા,પણ દરેક દીકરીને કરિયાવરમાં ઘરવખરીની તમામ જરૂરી વસ્તુઓ જેવી કે બેડ,ગાદલાં, રસોડાનો સામાન તેમજ ચાંદીનું મંગળસૂત્ર અને પાયલ પણ ભેટ આપી છે. આ જોઈને લાગે છે કે દીકરીઓને પિયરની ખોટ ન થાય એવો પૂરો પ્રયત્ન કરવામાં આવ્યો છે.લગ્ન ઉપરાંત અહીં યજ્ઞોપવિત (જનોઈ) સંસ્કારનું પણ સુંદર આયોજન હતું. આ પ્રસંગે આશરે ૧૦,૦૦૦થી પણ વધુ લોકો ઉમટી પડ્યા હતા,જેમની માટે ભોજન પ્રસાદની પણ ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. સતત બીજા વર્ષે આટલું મોટું નિ:શૂલ્ક આયોજન કરવું એ ખરેખર ખૂબ મોટી વાત છે.આ આયોજન એવા લોકો માટે એક શીખ છે જેઓ દેખાડો કરવા પાછળ ખોટો ખર્ચ કરે છે.પ્રાણીન ફાઉન્ડેશન અને ચંદ્રલોક ફાઉન્ડેશને સાબિત કરી દીધું કે સાચી સેવા એ જ છે જે જરૂરિયાતમંદના ચહેરા પર સ્મિત લાવી શકે.ડાંગની ધરતી પર થયેલું આ કાર્ય સમાજ માટે પ્રેરણારૂપ બની રહેશે. 'આજના આધુનિક યુગમાં લોકો પોતાના લગ્ન પાછળ કરોડો અને અબજો રૂપિયા ખર્ચી રહ્યા છે, ત્યારે પ્રાણીન ફાઉન્ડેશન અને ચંદ્રલોક ફાઉન્ડેશન દ્વારા એક સુંદર સંદેશ આપવામાં આવ્યો છે કે સાચી ખુશી જરૂરિયાતમંદ લોકોની મદદ કરી, તેમની ખુશીમાં પોતાની ખુશી માનવામાં જ રહેલી છે.' પ્રાણીન ફાઉન્ડેશન દ્વારા માત્ર સમૂહ લગ્ન જ નહીં, પરંતુ હિન્દુત્વ અને ગૌ સેવા, ગૌ રક્ષાના પણ અનેક સેવાકીય કાર્યો કરવામાં આવે છે. આપણી આવનારી પેઢીએ હિન્દુત્વ અને માનવ સેવાના મૂલ્યો આ સંસ્થા પાસેથી શીખવા જોઈએ

# દાંતા રાજવી પરિવારના સમર્થનમાં દાંતા સજ્જળ બંધ રાખી આવેદનપત્ર પાઠ્યું

### દાંતા આઝાદ ચોકથી રેલી યોજી હતી રેલી માં વેપારી ગામ લોકો સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા

• લક્ષ્મણ ઝાલા દાંતા

શક્તિ ભક્તિ અને આસ્થાનું ત્રિવેલી સંગમ એટલે જગ વિખ્યાત પવિત્ર યાત્રાધામ અંબાજી એ અરાવલી ની ગીરીમાંળામાં આવેલું છે જ્યાં માં જગત જનની માં અંબે બિરાજમાન છે ત્યારે દેશ દુનિયાના લોકો માં અંબેના દર્શન કરવા અને માં અંબે ના ચરણોમાં શિષ ઝુકાવી આશીર્વાદ લેવા આવતા હોય છે અને યાત્રાધામ અંબાજી માં નબરાત્રી નું ખુબ મહત્વ માનવામાં આવે છે અને માતાની નવલા નોરતામાં ગરબે ગુમવા લખોની સંખ્યા ભક્તો ગરબે ગુમવા આવતા હોય છે અને અષ્ટમી ના દિવસે માતાજીનો વિશેષ હવન અને પૂજા કરવામાં આવે છે.

આ પૂજા દાંતા સ્ટેટ દ્વારા કરવામાં આવતી હતી અને અત્યારે પરંપરા પૂજબ દાંતા સ્ટેટ ના વંશજો દ્વારા પૂજા કરવામાં આવે છે પરંતુ થોડા દિવસ પહેલા હાઈકોર્ટ દ્વારા વર્ષોથી 40 પેઢીથી એટલે કે 850 વર્ષ થી ચાલી આવતી જૂની પરમપરા પર રોક



લગાવી દેવામાં આવી હતી અત્યારે દાંતા રાજવી પરિવાર દ્વાર આ નિર્ણય ને ખોટો માન્યો હતો અને તેનો વિરોધ કર્યો હતો અને તેના અનુશાધાને આજ રોજ દાંતા સ્ટેટ દ્વારા દાંતા સંપૂણ્ય બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો ત્યારે આજ રોજ દાંતા ની તમામ બજારો સંપૂણ્ય બંધ રાખવામાં આવી હતી અને દાંતા ગામગ્રામ જનો વેપારીઓ સહિત અનેક લોકો દાંતા સ્ટેટ ના સમર્થનમાં જોડાઈ દાંતા સંપૂણ્ય પણે બંધ પાળ્યું હતું અને દાંતા આઝાદ ચોકથી મામલદાર સુધી રેલી યોજી આવેદન પત્ર પાઠવ્યું હતું

# ભરૂચના નર્મદા પાર્કમાં 'થર્ટી ફર્સ્ટ'ની ઈવેન્ટ પર તંત્રની રોક

### SDM એ મંજૂરી રદ કરતા આયોજકોમાં ફફડાટ

• ભરૂચ

ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં નર્મદા નદીના કિનારે આવેલા પ્રખ્યાત 'નર્મદા પાર્ક' ખાતે ૩૧મી ડિસેમ્બરની ઉજવણી માટે આયોજિત ખાનગી ઈવેન્ટની પરવાનગી વહીવટી તંત્ર દ્વારા રદ કરવામાં આવી છે. આ નિર્ણયને પગલે ઈવેન્ટના આયોજકો અને એડવાન્સ બુકિંગ કરાવનાર લોકો ભારે ચિંતામાં મુકાયા છે. ઉલ્લેખનીય છે કે, જિલ્લા પંચાયત સંચાલિત આ જાહેર બગીચાને ખાનગી ઈવેન્ટ માટે ભાડે આપવા સામે સ્થાનિક આરટીઆઈ (RTI) એક્ટિવિસ્ટોએ વહીવટી તંત્ર સમક્ષ લેખિતમાં સખત વિરોધ નોંધાવ્યો હતો. રજૂઆતમાં જણાવાયું હતું કે, નર્મદા પાર્કની આસપાસ અનેક પવિત્ર ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં આવી મોટી ઈવેન્ટના કારણે શાંતિભંગ થવાની અને ધાર્મિક લાગણીઓ દુભાવાની પૂરેપૂરી શક્યતા છે.

વધુમાં, એક્ટિવિસ્ટોએ તંત્રનું ધ્યાન દોર્યું હતું કે જો જાહેર બગીચાઓનો ઉપયોગ આ પ્રકારે ખાનગી કાર્યક્રમો માટે થવા લાગશે, તો સામાન્ય




નાગરિકો અને બહારથી આવતા પ્રવાસીઓ માટે હરવા-ફરવાના સ્થળ તરીકે બગીચાનું મહત્વ સમાપ્ત થઈ જશે. આ ગંભીર રજૂઆતોને ધ્યાને રાખી ભરૂચ એસડીએમ (SDM) દ્વારા જનહિતમાં આ ઈવેન્ટની પરમિશન રદ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. તંત્રના આ નિર્ણયને આરટીઆઈ એક્ટિવિસ્ટોએ આવકાર્યો છે અને જાહેર મિલકતોના રક્ષણ માટે લેવાયેલા આ પગલા બદલ વહીવટી તંત્રનો આભાર માન્યો છે. હવે આયોજકો દ્વારા આગળ શું પગલાં લેવામાં આવશે તેના પર સૌની નજર મંડાયેલી છે.

## ૨૦૨૩ થી નાસતા-ફરતા પોકસોના આરોપીને બિહારથી દબોચતી અંકલેશ્વર પોલીસ

• અંકલેશ્વર

અંકલેશ્વર GIDC પોલીસે વર્ષ ૨૦૨૩માં ૧૬ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચરવાના ગંભીર ગુનામાં સંડોવાયેલ અને છેલ્લા બે વર્ષથી પોલીસને થાપ આપી ફરાર રહેલા આરોપી મિથુન સહદેવ મંડલને બિહારથી દબોચી લીધો છે. પોકસો (POCSO) એક્ટ હેઠળ નોંધાયેલા આ ગુનામાં આરોપીની ધરપકડ કરવા માટે અંકલેશ્વર GIDC પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી તેનું ચોક્કસ લોકેશન મેળવ્યું હતું.

આરોપી મૂળ બિહારના ભાગલપુરનો હોવાની માહિતી મળતા, પોલીસની એક વિશેષ ટીમ તાત્કાલિક બિહાર રવાના કરવામાં આવી હતી, જ્યાં સ્થાનિક સ્તરે ઓપરેશન પાર પાડી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આ ગુનો દાખલ થયા બાદ પોલીસે અગાઉ ભોગ બનનાર સગીરાને સુરક્ષિત રીતે મુક્ત કરાવી હતી, પરંતુ આરોપી મિથુન મંડલ ધરપકડ ટાળવા માટે સતત નાસતો-ફરતો હતો. પોલીસની લાંબી શોધખોળ અને સઘન તપાસના અંતે બે વર્ષ બાદ આ શખ્સ જેલના સળિયા પાછળ ધકેલાયો છે. આ સફળ કામગીરીથી અંકલેશ્વર પોલીસે ગુનેગારોમાં સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ગુનો આચરી ગમે ત્યાં છુપાયેલા આરોપીઓ કાયદાની પકડથી બચી શકશે નહીં. હાલ પોલીસ દ્વારા આરોપીને અંકલેશ્વર લાવી કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### જોગેશપાર્ક ખાતે મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા; હિંદુઓ પરની હિંસા અટકાવવા અને સુરક્ષાની માંગ સાથે ગજવ્યા સૂત્રો

# અંકલેશ્વરમાં બાંગ્લાદેશી હિંદુઓ પરના અત્યાચાર સામે પ્રચંડ જનઆક્રોશ: શ્રી રામ ગ્રુપ દ્વારા વિરોધ પ્રદર્શન

• અંકલેશ્વર

બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુ સમુદાય પર થઈ રહેલા જીવલેણ હુમલા, અત્યાચાર અને હિંસાની હૃદયદ્રાવક ઘટનાઓ સામે અંકલેશ્વરમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં આવેલા જોગેશપાર્ક ખાતે 'શ્રી રામ ગ્રુપ' દ્વારા આ આક્રોશ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિરોધ પ્રદર્શન દરમિયાન શ્રી રામ ગ્રુપના સભ્યો અને સ્થાનિક રહીશોએ બાંગ્લાદેશમાં હિંદુઓની સુરક્ષા મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. બાંગ્લાદેશમાં હાલમાં હિંદુઓ ઉપર થઈ રહેલ અત્યાચાર અને



હિંસાની ઘટનાઓને સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય સ્તરે હિંદુઓના માનવ અધિકારોનું રક્ષણ થાય અને હિંસા આચરનારા તત્વો સામે કડક કાર્યવાહી થાય તેવી માંગ ઉઠી હતી. જોગેશપાર્ક ખાતે એકત્રિત થયેલા લોકોએ એકસૂરે બાંગ્લાદેશી હિંદુઓના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા.

જીઆઈડીસી વિસ્તારમાં યોજાયેલા આ વિરોધ પ્રદર્શન દ્વારા શ્રી રામ ગ્રુપે સ્પષ્ટ સંદેશ આપ્યો હતો કે સનાતન ધર્મ અને તેના અનુયાયીઓ પરના અત્યાચાર સાંખી લેવામાં આવશે નહીં. આ કાર્યક્રમમાં સામાજિક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં યુવાનોએ જોડાઈને પીડિત હિંદુ પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

# આર્ટ ઓફ લિવિંગના વૈદિક ધર્મ સંસ્થાન દ્વારા પેટલાદના ફાંગણી ગામમાં ચંડી હોમાનું આયોજન

## , ૧૧૦૦થી વધુ ભક્તોની ઉપસ્થિતિ

• પેટલાદ



પેટલાદ તાલુકાના ફાંગણી ગામમાં પ્રથમ વખત ભવ્ય અને વૈદિક પરંપરાનુસાર ચંડી હોમાનું આયોજન કરવામાં આવ્યું. આ પવિત્ર હોમાનું આયોજન ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીની સંસ્થા આર્ટ ઓફ લિવિંગના અંતર્ગત આવતી વૈદિક ધર્મ સંસ્થાન, બેંગલુરુ આશ્રમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ આધ્યાત્મિક કાર્યક્રમમાં ફાંગણી ગામ સહિત આસપાસના વિસ્તારોમાંથી ૧૧૦૦થી વધુ ભક્તો અને શ્રદ્ધાળુઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ફાંગણી ગામમાં પ્રથમ વખત આવા વિશાળ સ્તરે ચંડી હોમાનું આયોજન થતા સમગ્ર ગામમાં ધાર્મિક અને આધ્યાત્મિક ઉત્સાહનો માહોલ જોવા મળ્યો. વૈદિક શાસ્ત્રોક્ત વિધિ અને મંત્રોચ્ચાર સાથે યોજાયેલ ચંડી હોમાનું મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં શાંતિ, સુખ-સમૃદ્ધિ, સકારાત્મક ઉર્જા તથા સર્વજન કલ્યાણની ભાવનાને મજબૂત બનાવવાનો હતો. યજ્ઞ દરમિયાન મંત્રોના નાદ અને અગ્નિની પવિત્રતાથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક ઊર્જાથી પરિપૂર્ણ બન્યું હતું.

# ભરૂચમાં ગુંજશે ભક્તિનો નાદઃ પૂજ્ય બજરંગદાસ બાપાની ૪૯મી પુણ્યતિથિએ યોજાશે 'આનંદનો ગરબો'

ભરૂચ, ભરૂચના આંગણે પરમ પૂજ્ય સંત શિરોમણી શ્રી બજરંગદાસ બાપાની ૪૯મી પુણ્યતિથિ નિમિત્તે એક ભક્તિમય કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. બાપા સીતારામ પરિવાર દ્વારા આ પાવન અવસરે 'માં આનંદના ગરબા'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભરૂચ અને આસપાસના વિસ્તારના ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડશે તેવી શક્યતા છે. આ ધાર્મિક મહોત્સવમાં પૂજ્ય બાપાના આશીર્વાદ મેળવવા અને માં જગદંબાની આરાધના કરવા માટે અત્યારથી જ જોરશોરથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

આ આગામી મહોત્સવની વિગતો મુજબ, પૂજ્ય બાપાની ૪૯મી પુણ્યતિથિ ના ઉપલક્ષમાં 'માં આનંદના ગરબા'નું ગાન કરવામાં આવશે, જેના માટે ખાસ માતર (મીયાંગામ કરજણ) થી મંડળ પધારીને ગરબાની મધુર પ્રસ્તુતિ કરશે. આ ભક્તિ સભા તા. ૦૫/૦૧/૨૦૨૬, સોમવારના રોજ રાત્રે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમિયાન યોજાશે. આ કાર્યક્રમ કલેકટર ઓફિસ રોડ પર આવેલ ઝવેરનગર શોપિંગ સેન્ટરમાં, મનોહર બેકરીની બાજુમાં 'ક્રિષ્ના ફોટો ફ્રેમિંગ' ખાતે રાખવામાં આવ્યો છે. બાપા સીતારામ પરિવાર દ્વારા તમામ ભક્તોને આ પાવન પ્રસંગે હાજર રહી ભક્તિનો લ્હાવો લેવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

**વિરોધ** શેઠ એચ.એચ શિરોલાવાલા હાઈસ્કૂલ, બોડેલી દ્વારા આયોજન કરાયું હતું

# બોડેલીમાં પ્રથમવાર ઈન્ટર સ્કૂલ ક્રિકેટ ટુર્નામેન્ટ, શિરોલાવાલા હાઈસ્કૂલ ફાઈનલ વિજેતા

## નવજીવન હાઈસ્કૂલની ટીમ રનર્સ અપ રહી

• તોસીફ ખત્રી બોડેલી

બોડેલી નગરમાં સૌપ્રથમવાર શેઠ એચ એચ શિરોલાવાલા હાઈસ્કુલ, બોડેલી દ્વારા ઈન્ટર સ્કૂલ ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટુર્નામેન્ટની યજમાન શાળા શિરોલાવાલા હાઈસ્કૂલ સાથે ગામની નવજીવન હાઈસ્કૂલ, સેફાયર હાઈસ્કૂલ, ખત્રી વિદ્યાલય સ્વામિનારાયણ સ્કૂલ ( બીએપીએસ) અને શિવ ભારતી સ્કૂલ મળી કુલ. છ શાળાની ટીમોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આજે ટુર્નામેન્ટના ત્રીજા દિવસે ફાઈનલમાં બોડેલીની શેઠ એચ.એચ શિરોલાવાલા હાઈસ્કૂલ અને નવજીવન હાઈસ્કુલ ની ટીમો ફાઈનલમાં આવી હતી જે બંને સ્કૂલોની ટીમો વચ્ચે ફાઈનલ મેચ આજરોજ શિરોલાવાલા હાઈસ્કુલનાં મેદાન પર ખૂબ જ ઉત્સાહપૂર્વક બાર બાર ઓવરની રમાઈ હતી. ત્યારે શિરોલાવાલા હાઈસ્કુલ કમિટી ટ્રસ્ટનાં આજીવન ટ્રસ્ટીશ્રી ભાવેશભાઈ શિરોલાવાલા શાળાનાં આચાર્ય સુરેશકુમાર એસ. પટેલ, એસ બી આઈનાં મેનેજરશ્રી પ્રમોદકુમાર શર્મા, સફાયર હાઈસ્કૂલનાં સંચાલક રાહુલભાઈ ઈસરાની, ગીરીશભાઈ દલાલ, નવજીવન હાઈસ્કૂલનાં સ્ટાફ મિત્રો તેમજ



શાળાનાં સુપરવાઈઝરશ્રીઓ, સ્ટાફ મિત્રો અને સમગ્ર શાળાનાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા શિરોલાવાલા હાઈસ્કૂલ અને નવજીવન હાઈસ્કૂલ વચ્ચે બાર બાર ઓવરની ફાઈનલ મેચ રમાઈ હતી જેમાં નવજીવન હાઈસ્કૂલની ટીમ 12 ઓવરમાં 82 રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. જેના જવાબમાં શિરોલાવાલા હાઈસ્કૂલ ટીમે 12 ઓવરમાં 83 પુરા કરીને વિજય મેળવ્યો હતો અને શિરોલાવાલા હાઈસ્કૂલની ટીમ ફાઈનલ વિજેતા જાહેર કરવામાં આવી હતી. આમ,ખૂબજરસાકસીભરીફાઈનલમેચનીવિજેતા શિરોલાવાલા હાઈસ્કુલની ટીમનાં કેપ્ટન દીપ બારીયાને ફાઈનલ વિજેતાની ટ્રોફી શિરોલાવાલા હાઈસ્કુલ, બોડેલીનાં કાયમી ટ્રસ્ટી અને પ્રમુખશ્રી ભાવેશભાઈ શિરોલાવાલા તથા આચાર્યશ્રી સુરેશકુમાર એસ પટેલનાં હસ્તે એનાયત કરવામાં આવી હતી. જ્યારે રનર્સ અપ બનેલી નવજીવન હાઈસ્કૂલની ટીમનાં કેપ્ટનન જૈમેષકુમાર રાઠવાને સુપરવાઈઝરશ્રી એમએસ ગજ્જર તથા પી.એફ રાઠવાનાં હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

ટૂર્નામેન્ટમાં શિરોલાવાલા હાઈસ્કુલનાં ખેલાડી ધૃવિલ બારીયાને મેન ઓફ ધ સીરીઝ ની ટ્રોફી તેમજ નવજીવન હાઈસ્કૂલનાં ખેલાડી આકાશભાઈ નાયકાને મેન ઓફ ધી મેચ ની ટ્રોફી આપી ઉપસ્થિત મહાનુભાવના હસ્તે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ફાઈનલ વિજેતા બનેલ શિરોલાવાલા હાઈસ્કુલની ક્રિકેટ ટીમનાં કેપ્ટન દીપ બારીયા સહિત ટીમનાં તમામ ખેલાડીઓને શાળાનાં પ્રમુખશ્રી ભાવેશભાઈ શિરોલાવાલા, શાળાનાં આચાર્યશ્રી સુરેશભાઈ એસ પટેલ તેમજ સમગ્ર શાળા પરિવાર દ્વારા ફાઈનલમાં વિજય થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. વિજેતા બનેલ ટીમોને ટ્રોફી અર્પણ કરતા શાળાનાં પ્રમુખશ્રી ભાવેશભાઈ શિરોલાવાલા દ્વારા આવનાર સમયમાં બોડેલી તાલુકાની ઈન્ટર સ્કૂલ ક્રિકેટ ટૂર્નામેન્ટયોજાશેતેવીજાહેરાતકરવામાંઆવીહતી. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન શાળાનાં પી.ટી શિક્ષકોશ્રી રણજીતભાઈ રાઠવા અને કમલેશભાઈ રાઠવા દ્વારા મળેલ માર્ગદર્શન અને સહકાર બદલ તેમજ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર તમામ શાળાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## એસઆરપી બેન્ડની સુરાવલી સાથે સ્વાગત કરવામા આવ્યુ હતુ

# રાજ્ય પોલીસવડા વિકાસ સહાયે નિવૃતિ પહેલા ગોધરાની મુલાકાત લીધી

**પ્રશંસા** પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજી પોલીસદળની કાર્યક્ષમતા અને શિસ્તની પ્રંશસા કરી



• ગોધરા

પંચમહાલ જીલ્લાના વડા મથક ગોધરાની ગુજરાતના પોલીસવડા વિકાસ સહાયે શુભેચ્છા લીધી હતી. વિકાસ સહાયનુ પંચમહાલ રેન્જ આઈજી દ્વારા સ્વાગત કરવામા આવ્યુ હતુ.જીલ્લા પોલીસવડાની કચેરી ખાતે પંચમહાલ રેન્જમાં સમાવેશ જીલ્લાના પોલીસવડા તેમજ પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. વિકાસ સહાયે પોતાની પોલીસ કારકિર્દીની શરુઆત ગોધરા ખાતેથી કરી હતી. ગોધરા શહેરના સામાજીક અને રાજકીય અગ્રણીઓ દ્વારા પણ તેમનુ સન્માન કરવામા આવ્યુ હતું.

ગુજરાત રાજ્યના પોલીસવડા વિકાસ સહાય ગોધરાની મુલાકાત આવ્યા હતા.સિવિલ લાઈન્સ રોડ પર આવેલી જીલ્લા પોલીસવડાની કચેરી ખાતે આવી પહોચતા એસઆરપી બેન્ડની સુરાવલી સાથે સ્વાગત કરવામા આવ્યુ હતુ. પંચમહાલ પોલીસના રેન્જ આઈજી રાજેન્દ્ર અસારી, પંચમહાલ જીલ્લા પોલીસવડા ડો. હરેશકુમાર દુધાત, મહિસાગર જીલ્લા પોલીસવડા સફીન હસન તેમજ દાહોદ જીલ્લા પોલીસવડા રવિરાજસિંહ જાડેજા સહિત જીલ્લાના નાયબ પોલીસ અધિક્ષકો, તેમજ પોલીસ અધિકારીઓ. એસઆરપી પોલીસના અધિકારીઓની ઉપસ્થિતિમાં એક બેઠકનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતું.આ બેઠકમા કાયદો અને વ્યવસ્થાની સ્થિતી ,પોલીસ કામગીરીની સમીક્ષા, ભવિષ્યના પડકારો, જનસુરક્ષાને મજબુત બનાવાને લઈને મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. વધુમા રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે પોતાના અનુભવના આધારે પોલીસ અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતુ. અને પોલીસદળની કાર્યક્ષમતા અને શિસ્તની પ્રંસશા કરી હતી. સાથે સાથે તેમને પોલીસ વિભાગમાં પ્રમોશન મળેલા અધિકારીઓ તેમજ પોલીસ કર્મચારીઓ સાથે પણ શુભેચ્છા મુલાકાત કરી હતી.

વિકાસ સહાયે મિડિયા સાથેની વાતચીતમા જણાવ્યુ કે " આજે ગોધરાની મુલાકાત લીધી અને મે પંચમહાલ રેન્જના ત્રણેય જીલ્લાના પોલીસ વડાઓ તેમજ ડીવાયએસપી અધિકારીઓ અને અન્ય અધિકારીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

મારી કાર્યકાળમા અનેક વખત ગોધરા આવાની તક મળી છે. જે જીલ્લાથી મે મારી કારકિર્દીથી શરુઆત ગોધરાથી શરુ કરી હતી જે જગ્યાની ફરી મુલાકાત કરીએ અને પોલીસ અધિકારીઓને પણ મળીએ, અને પોલીસની પ્રોફેશનલ બાબતોની પણ ચર્ચા કરીએ, આ મુલાકાત દરમિયાન પોલીસ વિભાગમા જેમને પીઆઈથી ડીવાયએસપી તેમજ કોન્સ્ટેબલથી હેડ કોન્સ્ટેબલ તેમજ દરેક સંવર્ગમા જેમને પ્રમોશન મળ્યા છે. તેમની સાથે પણ મુલાકાત કરી છે. એસઆરપીના પ્રશ્નોની પણ ચર્ચા કરી છે."

# વડોદરાના એક ઈસમને ગાંજાના જથ્થા સાથે વાઘોડિયા પોલીસે ઝડપ્યો

## રૂપિયા 6082/- ના ગાંજા ના મુદ્દામાલ જપ્ત કરાયો

• કિશન રોહિડા વાઘોડિયા



વાઘોડિયા નગરમાં નશાકારક માદક દ્રવ્ય વનસપતી ગાંજા નો જથ્થા સાથે વડોદરા ના એક ઈસમને વાઘોડિયા પોલીસે અટકાયત કરી હતી વાઘોડિયા નગરના ખંધા રોડપર મેલડી માતાજી ના મંદિર સામે નગરી તરફ જવાના માર્ગ નજીક ખાચા માં એક શંકાસ્પદ ઈસમ પાસે ગાંજા નો જથ્થો હોવાની પાક્કી બાતમી ના આધારે વાઘોડિયા પોલીસ હરકતમાં આવી દરોડો પાડતાં વડોદરા શહેર ના ઈબ્રાહિમ મસાની ચાલી અજબડી મિલ પાસે રહેતા યાકૃતપુરા ના અનવર હુસેન ગુલામ રસુલ મન્સૂરી ઉંમર 52 વર્ષ ના શખ્સ ની અટકાયત કરી અંગજડતી કરતા તેની પાસેથી નશાકારક માદક પદાર્થ વનસ્પતિ ગાંજા નો 118,30/- ગ્રામ જેની અંદાજિત કિંમત રૂ,5915/- તથા રોકડ રકમ રૂ,167/- કુલ મળીને રૂ,6082/- નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો આરોપી ની અટકાયત કરી વધુ સઘન પુછપરછ આદરતા આ ગાંજા નો જથ્થો સુરત શહેર ના મૌલવી વડોદરા ની અજબડી મિલ દરગાહે અવારનવાર આવતા હોવાથી વડોદરા ના અનવર હુસેન સાથે મુલાકાત થતાં આ ગાંજા નો જથ્થો તેની પાસેથી મેળવી ને છુટક વેચાણ કરતો હતો તેવું પોલીસ ની પ્રાથમિક તપાસમાં થી બહાર આવવા પામ્યું છે.

વાઘોડિયા પોલીસે ગાંજા ના જથ્થા સાથે NDPS એક્ટ હેઠળ ગુન્હો નોંધી ને અનવર હુસેન મન્સૂરી ધરપકડ કરીને સુરત શહેર ના મૌલવી વિરુદ્ધ ગુન્હો દાખલ કરી આગળની તપાસ ના ચક્રો ગતીમાન પોલીસે કર્યા છે

# અમદાવાદમાં SMC એ 15 લાખનું હાઈબ્રિડ 'હાઈડ્રો વીડ' ડ્રગ્સ ઝડપી પાડ્યું



• અમદાવાદ

ગુજરાત રાજ્યના સ્ટેટ મોનિટરિંગ સેલે ( S MC) અમદાવાદના શીલજ-બોપલ રોડ પ ર એપલવુડ્સ વિલા નજીકથી લાખોની કિંમતનું નશીલું દ્રવ્ય ઝડપી પાડ્યું છે. SMC પી.આઈ. એમ.એસ. ત્રિવેદીના નેતૃત્વમાં કરવામાં આવેલી આ કાર્યવાહી દરમિયાન કુલ 16,80,070 નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ મુદ્દામાલમાં મુખ્યત્વે 15,12,000 ની કિંમતનું 432 ગ્રામ 'હાઈડ્રો વીડ' (Hydro Weed), 1,10,000 ની કિંમતના 3 મોબાઈલ ફોન, 50,000 નું એક હોન્ડા એક્ટિવા અને 8070 ની રોકડ રકમનો સમાવેશ થાય છે.

આ દરોડા દરમિયાન પોલીસે ઘટનાસ્થળેથી ત્રણ શખ્સોની ધરપકડ કરી છે, જેમાં વ સ્ત્રાપુરના રવિ બાબુભાઈ માકણા, જજિસ બંગલો રોડના દર્શન નરેન્દ્રભાઈ પરીખ અને ગાંધીનગરના રાહુલ સ્વરૂપસિંહ ભદોરિયાનો સમાવેશ થાય છે. જોકે, આ ડ્રગ્સ નેટવર્કનો મુખ્ય સપ્લાયર અર્ચિત અગ્રવાલ અને તેનો ભાગીદાર ચિન્મય ઉર્ફે લાલો સોની હાલ પોલીસ પકડથી દૂર હોવાથી તેમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા આ મામલે NDPS એક્ટની કલમ મુજબ ગુનો નોંધીને વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# લાખણી તાલુકાના ધુણસોલ ગામે Unity Group ની પહેલથી યોજાયેલ પોલીસ ભરતીનો માર્ગદર્શન સેમિનાર




• દીપક પરમાર ઘડિયા

તા.28/12/2025 ના રોજ જી.વાવ થરાદ ના લાખણી તાલુકાના ધુણસોલ ગામે Unity Group ની પહેલથી યોજાયેલ પોલીસ ભરતીના માર્ગદર્શન સેમિનારમાં વિદ્યાર્થી યુવાનો - યુવતીઓ ખુબ મોટા પ્રમાણમાં ઉત્સાહથી ભાગ લીધો અને ખાસ લાખણી તાલુકાના સરપંચશ્રીઓ અને ધુણસોલ ગામનાં સરપંચશ્રી ઠાકોર ભમરાજીએ તેમજ દેતાલ ગામનાં યુવા BK-Detal એ lખુબ ઉત્સાહથી આ કાર્યક્રમ માટે તમામ સાથ સહકાર આપ્યો. આ કાર્યક્રમ સમાજના શિક્ષણવિદ અક્ષર અકાદમીના ડાયરેક્ટર એવા પ્રો. ડૉ. બી. સી. રાઠોડ સાહેબના પ્રમુખ સ્થાને યોજાયો. Unity Group Member અંકિત ઠાકોર, BKTS President Adv ચંદ્રપાલસિંહ, BK-Detal,એડવોકેટ અજયસિંહ, પ્રતીકજી ઠાકોર, જગતજી ઠાકોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા

5

# વાપી ટાઉન પોલીસે ૨૪ કલાકમાં બે કારમાંથી ૪ લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂ ઝડપાયો

• વાપી





વલસાડ જિલ્લાની વાપી ટાઉન પોલીસે ૨૪ કલાકના ટૂંકા ગાળામાં બે અલગ-અલગ દરોડા પાડી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો છે. આ કામગીરી દરમિયાન પોલીસે ઈનોવા અને ટાટા નેક્સન જેવી લક્ઝુરિયસ કારમાંથી કુલ ૨૪૦૦ નંગ દારૂની બાટલીઓ અને ટીન બીયર જપ્ત કર્યા છે, જેની કુલ કિંમત ૪,૦૪,૧૩૬/- થાય છે. વાપી પોલીસે દારૂના જથ્થા સહિત કુલ ૧૩.૦૯ લાખનો મુદ્દામાલ કબજે કરી એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે અન્ય પાંચ શખ્સોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

પહેલા દરોડાની વિગત મુજબ, વાપીના જી.એસ.ટી. ભવન પાસે નાકાબંધી દરમિયાન દમણ તરફથી આવતી ઈનોવા કાર (GJ-18-AM-4343) નો ચાલક પોલીસને જોઈને કાર મૂકી નાસી છૂટ્યો હતો. આ કારમાંથી ૨,૫૩,૭૫૨/- ની કિંમતના ૧૨૭૨ નંગ દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

ત્યારબાદ, બીજી એક બાતમીના આધારે ચલા પ્રમુખ ચેક પોસ્ટ પાસે નાકાબંધી કરી પોલીસે ટાટા નેક્સન કાર (GJ-21-CA-0761) ને અટકાવી હતી. આ કારમાંથી ૧,૫૦,૩૮૪/- ની કિંમતના ૧૧૨૮ નંગ દારૂ સાથે ચાલક શૈલેન્દ્રકુમાર અખિલેશ યાદવની ધરપકડ કરવામાં આવી છે. પોલીસની તપાસમાં સુરતના કડોદરા વિસ્તારના નવલ યાદવ, સૌરભ યાદવ, શૈલેષ યાદવ અને રાકેશકુમાર વર્માના નામો ખુલતા તેમને વોન્ટેડ જાહેર કરાયા છે. વાપી ટાઉન પોલીસે પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધીને આ રેકેટના મૂળ સુધી પહોંચવા તપાસ તેજ કરી છે.

# બાલાસિનોરના હેપેટાઇટિસ-A ના અસરગ્રસ્ત વિસ્તારોની જિલ્લા કલેક્ટર દ્વારા રૂબરૂ મુલાકાત



• વીરભદ્રસિંહ સિસોદિયા
મહીસાગર

મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના શહેરી વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી હેપેટાઈટિસ-A (કમળા) ના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળતા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મહીસાગર જિલ્લા કલેક્ટરએ આ મુદ્દાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને બાલાસિનોરના અસરગ્રસ્ત વિસ્તારોની સીધી મુલાકાત લીધી હતી. કલેક્ટરએ આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે સ્થિતિની સમીક્ષા કરી જરૂરી સૂચનાઓ આપી હતી.

કલેક્ટરએ ખાસ કરીને કમળાના વધુ કેસો ધરાવતી નીલમ સોસાયટી અને જલારામ સોસાયટી સ હિ તના અન્ય અસરગ્રસ્ત વિસ્તારોમાં જઈને પરિસ્થિતિનું તલસ્પર્શી નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમણે સ્થાનિક નાગરિકો સાથે સીધો સંવાદ સાધ્યો હતો અને તેમની સમસ્યાઓ તેમજ આરોગ્ય વિષયક પ્રશ્નો અંગે વિગતવાર ચર્ચા કરી હતી. વહીવટી વડાને પોતાની વચ્ચે જોઈને સ્થાનિકોએ પણ પોતાના પ્રશ્નો નિખાલસતાથી રજૂ કર્યા હતા. મુલાકાત દરમિયાન કલેક્ટરએ આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવી રહેલા ડોર-ટુ-ડોર સર્વેની કામગીરી ચકાસી હતી. તેમણે સ્થાનિકોને પૂછપરછ કરી હતી કે આરોગ્ય વિભાગ દ્વારા વાયરસ અંગે જનજાગૃતિના કાર્યક્રમો કરવામાં આવે છે કે નહીં. કલેક્ટરએ નાગરિકોને અપીલ કરતા જણાવ્યું હતું કે, રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે સાવચેતી ખૂબ જરૂરી છે, તેથી દરેક નાગરિકે પાણી ઉકાળીને પીવું અને સ્વચ્છતા જાળવવી જેથી વાયરસના ફેલાવાને અટકાવી શકાય. જિલ્લા કલેક્ટરની આ આકસ્મિક અને સીધી મુલાકાતથી બાલાસિનોર પં થકના લોકોમાં વહીવટી તંત્રની કા મગીરી પ્રત્યે ઊંડો સંતોષ અને સ કારાત્મક પ્રભાવ જોવા મળ્યો છે. તંત્ર દ્વારા લેવામાં આવેલા ત્વરિત પગલાં અને કલેક્ટરશ્રીના સંવેદનશીલ અભિગમથી લોકોમાં આશા જાગી છે કે ટૂંક સમયમાં જ આ રોગચાળા પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવશે. આ મુલાકાતમાં બાલાસિનોર પ્રાંત અધિકારી બાલાસિનોર મામલતદાર, નગરપાલિકા ચિફ ઓફિસર તથા અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા.

**કાર્યવાહી** સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે કે નહીં તે ચર્ચાનો વિષય

# ચૌટાબજારમાં પાલિકા તંત્ર અને પોલીસ તંત્ર સુસ્ત પડતા ફરી એક વાર દબાણકર્તાઓ સક્રિય થયા

## ચૌટા બજાર ની જેમ જ વરાછા બરોડા પ્રીસટેજ દબાણ વર્ષો જુના હતા

• સુરત

સુરત પાલિકા અને પોલીસે મોટા ઉપાડે ચોટા બજારના દબાણ દુર કરવા માટે કામગીરી શરૂ કરી હતી પરંતુ ચૌટાબજારના દબાણ ચાર દિન કી ચાંદની બાદ મે ફીર અંધેરા જેવો ઘાટ થયો છે. ચૌટા બજારમાં પાલિકા અને પોલીસની કામગીરી સુસ્ત પડતા ફરી દબાણ કરનારાઓ સક્રિય થઈ ગયા છે જેના કારણે ચૌટા બજાર ફરીથી ગેરકાયદે દબાણ ના ભરડામાં આવી ગયો છે. પાલિકા અને પોલીસે આપેલા પંદર દિવસનું અલ્ટીમેટમ પૂરું થવા આવ્યું છે તેમ છતાં છતાં દબાણ થતા સ્થાનિકોમાં આક્રોશ ફેલાયો છે કે, જો વરાછા બરોડા પ્રિસ્ટેજ દબાણ કાયમી હટી શકે તો ચૌટાબજારના કેમ નહીં ? આ સાથે લોકો ચૌટા બજારમાં દબાણ કાયમી ધોરણે દુર કરે તેવી માંગણી થઈ રહી છે.



સુરત મહાનગરપાલિકાએ ઝીરો દબાણ રૂટ પરના દબાણ દૂર કરવાની કામગીરી મોટા ઉપાડે શરુ કરી છે. પાલિકાએ કેટલાક ઝીરો દબાણ રૂટ પરથી પાલિકા દબાણ દુર કરી શકી છે પરંતુ દબાણ માટે કુખ્યાત એવા ચૌટા બજાર વિસ્તારમાં પાલિકાની દબાણ દુર કરવાની શાહમૃગ નીતિ થી દબાણ વધી રહ્યા હતા. દરમિયાન સુરતના મેયર દક્ષેશ માવાણીએ પોલીસ કમિશનર અનુપસિંહ ગેહલોતે વરાછા બરોડા પ્રિસ્ટેજ ના વર્ષો જુના દબાણો દુર કર્યા બાદ ચૌટા બજાર ના રહીશો એ મેયરને પત્ર લખીને ચૌટાબજારના કાયમી દબાણ દુર કરવા માટે રજૂઆત કરી હતી. મેયર- પોલીસ કમિશ્નરે ચૌટા બજાર ની મુલાકાત લીધી હતી અને 15 દિવસમાં દબાણ દુર કરવા માટે અલ્ટીમેટમ આપ્યું હતું. જોકે, પોલીસ પાલિકાએ આપેલું અલ્ટીમેટમ હવે પુરૂ થવા પર છે અને પાલિકા પોલીસે ચૌટા બજારમાં પાલિકા પોલીસ તંત્રની કામગીરી શુષ્ક થતા ચૌટાબજારના માથાભારે દબાણ કરનારાઓ સક્રિય થઈ ગયા છે અને ફરીથી ચૌટા બજારને દબાણ ના ભરડામાં કરી લીધું છે.

સુરત પોલીસ અને પાલિકાની તાકીદ છતાં પણ ચૌટા બજારમાં દબાણ થઈ જતા સ્થાનિકોને મનમાં અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. પાલિકા અને પોલીસે 15 દિવસનુ અલ્ટીમેટમ આપ્યું છે અને તે પુરુ થવા આવ્યું છે છતાં માથાભારે દબાણ કરનારાઓ પાલિકા- પોલીસને પડકાર ફેંકતા હોય તેમ જાહેરમાં દબાણ કરી રહ્યાં છે.

સ્થાનિકો એવું કહી રહ્યાં છે કે ચૌટા બજાર ની જેમ જ વરાછા બરોડા પ્રીસટેજ દબાણ વર્ષો જુના હતા તે દબાણ પાલિકા- પોલીસ દુર કરી શકતા હોય તો ચૌટાબજારના દબાણ કેમ દુર ન થાય ? આ પંદર દિવસનો સમય પૂરો થયા બાદ પાલિકા- પોલીસે આપેલી ચીમકી મુજબ ગુનો દાખલ કરવા કે સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે કે નહીં તે ચર્ચાનો વિષય બન્યો છે.

શ્રી ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટની શૈક્ષણિક પહેલ

# વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષા સાબરકાંઠા એપ્ટિટ્યુડ ટેસ્ટ (SAT) તથા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

**સેમિનાર** સાબરકાંઠા એપ્ટિટ્યુડ ટેસ્ટનું સતત 10મી વખત આયોજન કરવામાં આવ્યું

• દુર્ગેશ જયસ્વાલ સાબરકાંઠા

શ્રી ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા એપ્ટિટ્યુડ ટેસ્ટ (SAT)નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં સાબરકાંઠા જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી કુલ 106 વિદ્યાર્થીઓએ ભાગ લઈને પોતાની ક્ષમતાઓ અજમાવી હતી. સાથે આયોજિત કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં 120થી વધુ વાલીઓની ઉત્સાહભરી હાજરી નોંધાઈ હતી. આ SAT પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓને પોતાની આંતરિક પ્રતિભા ઓળખવાની તક મળી હતી તેમજ તેમના આત્મવિશ્વાસમાં વધારો થયો હતો. પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને આગળના અભ્યાસ માટે આર્થિક સહાયરૂપ સ્કોલરશીપ આપવાનો પણ હેતુ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ તથા વાલીઓને અભ્યાસની યોગ્ય દિશા, વિવિધ કારકિર્દી વિકલ્પો અને ભવિષ્યની તકો અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વાલીઓએ ટ્રસ્ટની આ પહેલને વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે સમયોચિત અને ઉપયોગી ગણાવી હતી.ઉલ્લેખનીય છે કે શ્રી ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સાબરકાંઠા એપ્ટિટ્યુડ ટેસ્ટનું સતત 10મી વખત આયોજન કરવામાં આવ્યું છે, જે ટ્રસ્ટની શિક્ષણક્ષેત્રે સતત અને સમર્પિત કામગીરીને ઉજાગર કરે છે. કાર્યક્રમના અંતે ટ્રસ્ટના



પ્રતિનિધિઓએ તમામ વિદ્યાર્થીઓ તથા વાલીઓના સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ આયોજનમાં શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ-નવી દિલ્હી, શ્રી ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ, યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ તથા શ્રી કે.બી.દેસાઈ અર્બુદા સ્કૂલ વગેરે જેવી સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ આયોજનમાં શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ-નવી દિલ્હી, નરસિંહભાઈ દેસાઈ સેન્ટર ફોર કરિયર ડેવલોપમેન્ટ, યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ તથા શ્રી કે.બી. દેસાઈ અર્બુદા સ્કૂલ વગેરે જેવી સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

મહિસાગરના લુણાવાડા ખાતે ‘ ફિટ ઇન્ડિયા, ફિટ મીડિયા‘ થીમ અંતર્ગત

# મીડિયા કર્મીઓ માટે હેલ્થ ચેક-અપ કેમ્પ કાર્યક્રમ યોજાયો

• વીરભદ્ર સિંહ સિસોદીયા
મહિસાગર

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, લુણાવાડા ખાતે મીડિયા કર્મીઓનું આરોગ્ય પરીક્ષણ કરાયું ગુજરાત સરકાર અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાતના સંયુક્ત ઉપક્રમે રાજ્યભરના મીડિયા કર્મીઓના સ્વાસ્થ્ય રક્ષણ માટે ‘ફિટ ઈન્ડિયા, ફિટ મીડિયા‘ કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યો છે. જે અંતર્ગત મહીસાગર જિલ્લા માહિતી કચેરી અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી-લુણાવાડાના સહયોગથી પત્રકાર મિત્રો માટે નિ:શુલ્ક હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આરોગ્ય કેમ્પમાં મીડિયા કર્મીઓ માટે કમ્પ્લીટ બ્લડ કાઉન્ટ (CBC), બ્લડ ગ્રુપ, લિવર અને કિડની ફંક્શન ટેસ્ટ, લિપિડ પ્રોફાઈલ, કેલ્શિયમ અને વિટામિન B-12 સહિતના મહત્વપૂર્ણ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત 35 વર્ષથી વધુ વયના પત્રકારો માટે એક્સ-રે ચેસ્ટ અને ઈસીજી (ECG)



જેવી તપાસની સુવિધા પણ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જિલ્લાના વિવિધ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારોએ આ કેમ્પનો ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. સમગ્ર દિવસ દરમિયાન અંદાજે ૨૦થી વધુ બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા હતા અને 10 થી વધુ પત્રકારોના ઈસીજી તથા એક્સ-રે રિપોર્ટ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સહાયક માહિતી નિયામક હરીશ પરમાર અને માહિતી કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહી પત્રકારોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ દર્શાવી હતી. આ કેમ્પમાં રેડ ક્રોસ રાજ્ય શાખા, અમદાવાદ તરફથી કેમ્પ ઈન્ચાર્જ, એક્સ-રે અને ઈસીજી ટેકનિશિયનોએ વિશેષ સેવાઓ પૂરી પાડી હતી. આ આયોજનનો મુખ્ય હેતુ દિવસ-રાત સમાચાર સેવામાં વ્યસ્ત રહેતા મીડિયા કર્મીઓ પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ બને અને સમયાંતરે શારીરિક તપાસ કરાવી ’ફિટ મીડિયા’ના અભિયાનને સાર્થક કરે તેવો રહ્યો હતો.

# જરોદ સહિત પંથકમાં થટી ફર્સ્ટ ની ઉજવણી કરવા માટે યુવાઓમાં થનગનાટ જોવા મળ્યો

• કિશન રોહિડા વાઘોડિયા જરોદ

2025 નો અંત અને 2026 પ્રારંભ ને માત્ર ગણતરીના કલાકો બચ્યા છે ત્યારે જરોદ સહિત પંથકમાં થટી ફર્સ્ટ ની ઉજવણી કરવા માટે યુવાઓ માં થનગનાટ જરોદ સહિત પંથકમાં 2025 ની વિદાય અને 2026 ના વર્ષ ને આગમનની હવે માંડ બે દિવસ બાકી રહ્યા છે ત્યારે નવા વર્ષને વધાવવા માટે યુવાઓ એ આખરી ઓપ આપી દિધો હોવાનું જાણવા મળી રહ્યું છે આમ એકંદરે નશા યુક્ત વર્ગ માટે કહેવાય એ પ્રમાણે પીને વાલો કો પીને કા બહાના ચાહિએ એમ છેલ્લા કેટલાક સમયથી પરીવર્તન હેઠળ ભારત વર્ષ માં રહેતા દરેક પર પ્રાંત ના ઘણા ખરા શોખીનો અંગ્રેજી નવું વર્ષ અંગ્રેજી શરાબ થી ઉજવવા મશગુલ બનતું હોય ત્યારે હવે આ ફેશન દિન પ્રતિદિન ધીમેધીમે ગ્રામ્ય સ્તરે પણ અંગ્રેજી વર્ષ ની ઉજવણી ઉત્સાહભેર કરાઇ રહી છે ત્યારે શરાબ અને શબાબ ના શોખીનો માટે પોલીસ તંત્ર સખ્તાઈ કડક કામગીરી હાથ ધરાતા કપરું સાબિત થાય છે હાલ નવ વર્ષ ના વિદાય ની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે પોલીસ તંત્ર પણ હરકતમાં આવીને ચુસ્ત બંદોબસ્ત ગોઠવી ને ઠેર ઠેર ચેકીંગ હાથ ધરાઈ રહ્યું છે ત્યારે ભેજાબાજ શોખીનો પણ પોલીસ ના કડક જાપ્તા ને હાથ તાળી આપીને ક્યાંક અજ્ઞાત સ્થળોએ પાટી ની મહેફીલ ઉજવતા હોય છે પોલીસ તંત્ર દ્વારા પાટી પ્લોટ અને રેસ્ટોરન્ટ અને હોટલો પર ચાંપતી નજર રાખી રહ્યા છે ત્યારે ભેજા યુક્ત શોખીનો પોતાના પ્લાનિંગ મુજબ અજ્ઞાત સ્થળોએ પોતાનો પ્રોગ્રામ બનાવી ને મહેફિલ માણતા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે હાલ સમગ્ર વાઘોડિયા તાલુકાના માં વાઘોડિયા પોલીસ અને જરોદ પોલીસ છેલ્લા પાંચ એક દિવસ થી થટી ફર્સ્ટ પાટી ના શોખીનો પર અને સ્થળો પર બાજ નજર રાખી રહ્યા છે ત્યારે પોલીસ ને મળતી બાતમી ના આધારે 31 ડિસેમ્બર ની રાત્રીએ ક્યાં ત્રાટકશે તે સમય અને સંજોગો ને આધીન છે ત્યારે પ્લાનિંગ બાજ શરાબ અને શબાબ ના શોખીનો પોલીસ તંત્ર ને થાબ ખવડાવી ને ક્યાં મહેફીલો યોજશે તે પણ સમય અને સંજોગો આધીન છે પોલીસ અને નશા યુક્ત યુવાનો ની સંતાકૂકડી ની રમત એટલે 31 ડિસેમ્બર ની રાત્રી ના દ્રશ્યો જોવા માટે નો એક અનોખો વર્ગ પણ ઉત્સાહિત બનવા પામ્યો છે

## બાલાસિનોર નગરપાલિકા વિસ્તારમાં જર્જરિત પાઇપલાઇન બદલવાની કામગીરી તેજ ગતિએ શરૂ

• વીરભદ્રસિંહ સિસોદિયા મહીસાગર

બાલાસિનોર નગરપાલિકા વિસ્તારમાં રોગચાળાની ગંભીરતાને ધ્યાને લેતા જૂની અને વારંવાર લીકેજ થતી પાણી તથા ગટરની પાઈપલાઈનો તાત્કાલિક બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સંદર્ભે માનનીય અગ્ર સચિવશ્રી (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ) દ્વારા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં એક વિશેષ કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટી દ્વારા ગત તા. ૨૪/૧૨/૨૦૨૫ ના રોજ એક બેઠકનું આયોજન કરી રોગચાળાને ડામવા અને જનસુખાકારી માટેના વિવિધ પગલાંઓની સમીક્ષા કરવામાં આવી હતી.

નગરપાલિકાના વિજય ટોકીઝ અને ટીમ્બા મહોલ્લા વિસ્તારમાં કમળાના વધુ કેસો જોવા મળ્યા છે, જેમાં વિજય ટોકીઝ વિસ્તારમાં ૩૬ અને ટીમ્બા મહોલ્લામાં ૨૨ કેસ નોંધાયા છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ આરોગ્ય વિભાગ દ્વારા વિજય ટોકીઝના ૨૮૦ અને ટીમ્બા મહોલ્લાના ૭૦ મકાનોનો સઘન સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે. હાલમાં આ અસરગ્રસ્ત વિસ્તારોમાં ૬૦૦ મીટર જેટલી જર્જરિત પાઈપલાઈન બદલવાનું કામ યુદ્ધના ધોરણે ચાલુ છે, જે આગામી સમયમાં ઝડપથી પૂર્ણ કરવામાં આવશે જેથી નાગરિકોને શુદ્ધ પાણી મળી રહે અને રોગચાળા પર નિયંત્રણ લાવી શકાય.

‘શ્રી શ્યામ અખંડ જ્યોત પાઠ’નું ભવ્ય આયોજન

# અંકલેશ્વર નગરના શ્યામધામ મંદિરે ભક્તિનો મહાસાગર ઉમટી પડ્યો

• અંકલેશ્વર

અંકલેશ્વર પાસે નેશનલ હાઈવે પર એરપોર્ટની સામે આવેલ અંબે એસ્ટેટ સ્થિત નવનિર્મિત ’શ્રી શ્યામધામ મંદિર’ ખાતે ભક્તિ અને શ્રદ્ધાનો ત્રિવેણી સંગમ સર્જાયો હતો. શ્રી શ્યામ સેવા ટ્રસ્ટ અંકલેશ્વર-ભરૂચ દ્વારા આયોજિત ’શ્રી શ્યામ અખંડ જ્યોત પાઠ’માં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ ઉમટી પડી ધન્યતા અનુભવી હતી.

આ પાવન અવસરે મુખ્ય પાઠ વાચક રા કેશ અગ્રવાલ અને રાજુ ગાદોડીયાએ સુમધુર શૈલીમાં શ્રી શ્યામ અખંડ જ્યોત પાઠનું રસપાન કરાવ્યું હતું. ભગવાન શ્યામ બાપાના મનમોહક શૃંગાર અને અખંડ જ્યોતના દર્શન કરવા



માટે વહેલી સવારથી જ ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી.

ધાર્મિક મહોત્સવના ભાગરૂપે પ્રભુને વિવિધ વ્યંજનો સાથેનો ’છપ્પન ભોગ’ અર્પણ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ યોજાયેલી ભજન સંધ્યામાં ગાયકોએ ભક્તિરસની હેલી રેલાવી હતી, જેમાં ભક્તો ઝૂમી ઉઠ્યા હતા. કાર્યક્રમના અંતે તમામ શ્રદ્ધાળુઓ માટે મહાપ્રસાદીનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે શ્રી શ્યામ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસં ગે અંકલેશ્વર અને ભરૂચ પંથક ના અનેક આગેવાનોએ પણ હાજરી આપી દર્શનનો લાભ લીધો હતો. શ્યામધામ મંદિરના આ ભવ્ય આયોજનથી સમગ્ર વિસ્તારમાં આધ્યાત્મિક વાતાવરણ છવાઈ ગયું હતું.

# દહેગામના સલકી ગામના એક રહેણાંક મકાનમાંથી ચાઈનીઝ દોરીનું વેચાણ કરતો વેપારી ઝડપાયો

### ચાઈનીઝ દોરી સંદર્ભે આ વર્ષે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે

• દહેગામ

ઉતરાયણ પર્વમાં ચાઈનીઝ દોરીને કારણે નિર્દોષ લોકોના જીવ જતા હોય છે ત્યારે પોલીસથી બચવા માટે ઉતરાણ પહેલા જ ચાઈનીઝ દોરીનો જથ્થો લાવી તેનું વેચાણ કરતા ગાંધીનગર જીલ્લાના દહેગામ સલકીના વેપારીને પોલીસે ચાઈનીઝ દોરીના જથ્થા સાથે ઝડપી લીધો હતો અને તેની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ઉતરાણ પર્વમાં ચીનમાંથી આવતી ઘાતક દોરીને કારણે પશુ પક્ષીઓની સાથે નિર્દોષ મનુષ્યના પણ જીવ જઈ રહ્યા છે. આ સ્થિતિને કારણે આ દોરી ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે અને ઉતરાયણ પર્વમાં પોલીસ દ્વારા આ દોરીને પકડવા માટે ખાસ ડ્રાઈવ ચલાવવામાં આવતી હોય છે પરંતુ હવે વેપારીઓ પણ પોલીસને ચકમો આપવા માટે ઉત્તરાયણ પર્વ પહેલા જ ચાઈનીઝ દોરીનો જથ્થો લાવીને સંતાડી રહ્યા છે ત્યારે દહેગામ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, સલકી ગામમાં આવેલા મોટા વાસમાં રહેતા કમલેશસિંહ મનુસિંહ ઝાલા તેના ઘરે પ્રતિબંધિત ચાઈનીઝ દોરી નો જથ્થો રાખે છે અને તેનું વેચાણ કરી રહ્યો છે. જે બાતમીના આધારે પોલીસ દ્વારા તેના ઘરે દરોડો પાડવામાં આવ્યો હતો અને તે હાજર મળી આવ્યો હતો. જેને સાથે રાખીને ઘરમાં તપાસ કરવામાં આવતા પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ૮ જેટલા રીલ મળી આવ્યા હતા. જેથી તેની સામે જાહેરનામા ભાંગ બદલ ગુનો દાખલ કરીને આ રીલ જપ્ત કરવામાં આવ્યા હતા અને ક્યાંથી લાવવામાં આવ્યા હતા તે જાણવા પણ તપાસ શરૂ કરવામાં આવી છે. પ્રતિબંધિત ચાઈનીઝ દોરી સંદર્ભે આ વર્ષે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે અને ઉતરાણ કરવા અગાઉ જ આવા જથ્થાને પકડીને લોકોના જીવ બચાવવામાં આવી રહ્યા છે.

## અમદાવાદ : ચાંગોદર પોલીસે મટોડાથી ચાઈનીઝ દોરી ઝડપી:બે શખ્સો સહિત 1.89 લાખનો મુદ્દામાલ જપ્ત

• અમદાવાદ

અમદાવાદ ચાંગોદર પોલીસે મટોડા ગામ પાસેથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના મોટા જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા અને હજુ એક આરોપી ફરાર છે ચાંગોદર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ અને મોન્ટુસિંહને મળેલી બાતમીના આધારે મટોડા ગામના સ્મશાન પાસે દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ચાઈનીઝ દોરીની 39 રીલ અને બે મોટરસાયકલ સહિત કુલ રૂ. 1,89,500 નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે આ મામલે મોરૈયા ગામના જયદીપ રાઠોડ અને મટોડા ગામના જીગર મકવાણા નામના બે આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે સાણંદના ફાંગડી ગામનો ધવલ નામનો એક શખ્સ વોન્ટેડ જાહેર કરાયો છે અને તેને પકડવા માટે વધુ તપાસ ચાલી રહી છે. ઉત્તરાયણ પર્વ પૂર્વે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા તત્વો વિરુદ્ધ પોલીસે કાયદેસરની કાર્યવાહી વધુ સઘન બનાવી છે.

**સફળ પ્રયાસ** ગુજરાત સરકારે GBU મારફતે બ્રેઇન ડ્રેન અટકાવવાનો સફળ પ્રયાસ કર્યો

# ગાંધીનગરની GIFT સિટીની GBU બની ઉચ્ચ શિક્ષણના વૈશ્વિકીકરણનું રોલ મોડેલ

### NITI આયોગના અહેવાલમાં ગુજરાતની અનોખી પહેલની નોંધ લેવાઈ

• ગાંધીનગર

NITI આયોગ દ્વારા ઉચ્ચ શિક્ષણના વૈશ્વિકીકરણ અંગે જાહેર કરાયેલા તાજેતરના અહેવાલમાં ગુજરાત સરકારની દૂરદૃષ્ટિપૂર્ણ પહેલને વિશેષ પ્રશંસા મળી છે. ગાંધીનગરની GIFT સિટીમાં લગભગ પાંચ વર્ષ પહેલાં સ્થાપિત કરાયેલી ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી (GBU)ને ભારતના ઉચ્ચ શિક્ષણના આંતરરાષ્ટ્રીયકરણ માટેનું સફળ અને પુનરાવર્તનીય મોડેલ ગણાવવામાં આવ્યું છે.NEP-2020 અને 'વિકસિત ભારત@2047'ના વિઝન પર આધારિત આ અહેવાલમાં જણાવાયું છે કે આજે એક વિદેશી વિદ્યાર્થી સામે 28 ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ માટે દેશ બહાર જાય છે, જેના કારણે ભારતની GDPના આશરે 2 ટકા જેટલી રકમ વિદેશમાં જતી રહે છે. આ પડકાર સામે ગુજરાત સરકારે વર્ષ 2020માં GBUની સ્થાપના કરીને વિદ્યાર્થીઓને દેશમાં જ આંતરરાષ્ટ્રીય કક્ષાનું શિક્ષણ મળે તે માટે પહેલ કરી હતી. સ્કોટલેન્ડની યુનિવર્સિટી ઓફ એડિનબરા




સાથે ભાગીદારીમાં શરૂ થયેલી GBU, વિશ્વની પ્રથમ બાયોટેકનોલોજી યુનિવર્સિટી તરીકે ઓળખાય છે. GIFT સિટીમાં 23 એકરના અદ્યતન કેમ્પસમાં રૂ.80 કરોડથી વધુના સંશોધન સાધનો અને રૂ.200 કરોડના ખર્ચે ઊભું થતું આંતરરાષ્ટ્રીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર NITI આયોગના GIFT સિટીને વૈશ્વિક શિક્ષણ હબ બનાવવાના વિઝનને સાકાર કરે છે.GBUમાં પ્લાન્ટ, એનિમલ, મેડિકલ, ઈન્ડસ્ટ્રિયલ અને એન્વાયરમેન્ટલ બાયોટેક્નોલોજીના માસ્ટર્સ અભ્યાસક્રમો અમલમાં છે. ચેલેન્જ આધારિત પ્રેક્ટિકલ, નવ મહિનાની રિસર્ચ ડિસર્ટેશન અને પસંદગીના વિદ્યાર્થીઓ માટે એડિનબરામાં રિસર્ચ ઈન્ટર્નશીપ જેવી નવીન વ્યવસ્થાઓ યુનિવર્સિટીને અલગ ઓળખ આપે છે. વર્ષ 2025માં GAT-B દ્વારા દેશના 17 રાજ્યોના વિદ્યાર્થીઓએ અહીં પ્રવેશ લીધો છે.મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાના નેતૃત્વમાં GBUએ રૂ.40 કરોડથી વધુની રિસર્ચ ગ્રાન્ટ્સ મેળવી છે. સાથે જ PhD સ્કોલર્સને ફેલોશિપ અને સંશોધન માટે વ્યાપક તકો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તાજેતરમાં મળેલ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ તથા ફંડિંગે GBUની વૈશ્વિક પ્રતિષ્ઠાને વધુ મજબૂત બનાવી છે.NITI આયોગના અહેવાલ મુજબ, એડિનબરા યુનિવર્સિટીના 440 વર્ષના શૈક્ષણિક વારસાને GIFT સિટીના આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડીને ગુજરાત સરકારે GBU મારફતે બ્રેઈન ડ્રેન અટકાવવાનો સફળ પ્રયાસ કર્યો છે. પરિણામે, ઉચ્ચ શિક્ષણના વૈશ્વિકીકરણમાં ગુજરાત આજે દેશનું અગ્રણી રાજ્ય બનીને ઉભર્યું છે.

આ ગામોને કાયદેસર રીતે ગામતળનો દરજ્જો આપી તેના વહીવટી અને વિકાસના પ્રશ્નોનું કાયમી નિરાકરણ લાવવામાં આવે

# ગાંધીનગર જિલ્લાના સાત ગામના અસરગ્રસ્ત ખેડૂતો હવે સત્યાગ્રહ છાવણી પર ઉપવાસ આંદોલન શરૂ કરશે

**રજૂઆતો** અસરગ્રસ્ત ખેડૂતોને ફાળવવામાં આવેલી ચીપ ટાઈપની દુકાનો ભાડા પદ્ધતિથી નહી પરંતુ માલિકી હકથી આપવામાં આવેની માગ

• ગાંધીનગર

ગાંધીનગર શહેરની રચના માટે મહામૂલી જમીન આપનાર સાત ગામના વર્ષો જૂના પ્રશ્નો હજી સુધી ઉકેલાયા નથી ત્યારે હવે ન્યાય માટે આ ખેડૂત પરિવારો દ્વારા ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ઉપર ૧૧ દિવસના ઉપવાસ આંદોલનની જાહેરાત કરવામાં આવી છે અને આ માટે વહીવટી તંત્ર પાસે મંજૂરી માંગવામાં આવી છે. થોડા સમય અગાઉ સચિવાલય સામે આક્રોશ રેલી કાઢી હતી પરંતુ નિર્ણય લેવાયો ન હતો. ગાંધીનગર શહેરની રચના કરવામાં આવી ત્યારે આસપાસના પાલજ,બાસણ, ઈન્દ્રોડા, ધોળાકુવા બોરીજ, આદીવાડા, ફતેપુરા જેવા



ગામોની જમીન સંપાદિત કરવામાં આવી હતી. જોકે શહેર માટે પોતાની મહામૂલી જમીન આપી દેનાર આ ગ્રામજનોની હાલત હાલ ખૂબ જ ખરાબ છે. છેલ્લા ઘણા વર્ષોથી તેમની વિવિધ પડતર માગણીઓ સંદર્ભે કોઈ જ નિર્ણય લેવામાં આવતો નથી ત્યારે થોડાં સમય અગાઉ તેમની માગણીઓને લઈ વિવિધ બેનરો સાથે મોટી સંખ્યામાં ગ્રામજનો ગાંધીનગરમાં આવી ગયા હતા અને સચિવાલય, કલેકટર કચેરી, મહાનગરપાલિકા સહિત અન્ય કચેરીઓમાં જઈને વિરોધ નોંધાવ્યો હતો. તેમ છતાં સરકારના પેટનું પાણી હાલતું નથી અને આ ખેડૂતો સંદર્ભે કોઈ જ નિર્ણય લેવામાં આવતો નથી. અગાઉ મુખ્યમંત્રીની હાજરીમાં બોલાવેલી બેઠકમાં પણ ગામના પ્રશ્નોને તાત્કાલિક હલ કરવા તાકીદ કરવામાં આવી હતી પરંતુ તે અંગે પણ નિર્ણય લેવાતાં નથી ત્યારે નાછૂટકે હવે આ અસરગ્રસ્ત ખેડૂતોના પરિવારો દ્વારા ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે ૧૧ દિવસના ઉપવાસ આંદોલન કરવાની જાહેરાત કરવામાં આવી છે અને આ માટે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર પાસે મંજૂરી માંગવામાં આવી છે. ૩૦ ડિસેમ્બરથી ૯ જાન્યુઆરી સુધી સત્યાગ્રહ છાવણી ઉપર પાંચ પાંચ ગ્રામજનો દ્વારા ઉપવાસ ઉપર બેસવામાં આવશે. અસરગ્રસ્ત વસાહત મહામંડળના પ્રમુખ ભરતસિંહ બિહોલાએ જણાવ્યું હતું કે, અમારી માગણી છે કે, આ ગ્રામજનો જ્યાં વર્ષોથી રહે છે, તે જગ્યાને કાયમ માટે રહેવાસી પ્લોટ તરીકેની માન્યતા આપવામાં આવે. આ ગામોને કાયદેસર રીતે ગામતળનો દરજ્જો આપી તેના વહીવટી અને વિકાસના પ્રશ્નોનું કાયમી નિરાકરણ લાવવામાં આવે. સરદાર સરોવર યોજનાના અસરગ્રસ્તની જેમ જમીન અને પ્લોટ આપવા. અસરગ્રસ્ત ખેડૂતોને ફાળવવામાં આવેલી ચીપ ટાઈપની દુકાનો ભાડા પદ્ધતિથી નહીં પરંતુ માલિકી હકથી આપવામાં આવે. ગાંધીનગર શહેરના સમકક્ષ સુવિધાઓ આપવા માટે અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે પરંતુ તેમની માંગણીઓ સંદર્ભે કોઈ જ નિર્ણય લેવામાં આવતો નથી.

# અમદાવાદ જિલ્લાના કાર્યકર્તાઓ માટે સાણંદમાં અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘની શિબિર યોજાઈ

### આ શિબિરનો મુખ્ય હેતુ રાજપૂત સમાજનો સર્વાંગી વિકાસ અને સંગઠિત કરવાનો છે

• અમદાવાદ

અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા અમદાવાદ શહેર અને જિલ્લા માટે કાર્યકર્તા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર સાણંદના શ્રી વિદ્યા ફાર્મ, નળસરોવર રોડ ખાતે યોજાઈ હતી. આ શિબિરનો મુખ્ય હેતુ રાજપૂત સમાજનો સર્વાંગી વિકાસ સાધવાનો, સંગઠનને મજબૂત કરવાનો અને સમાજના યુવાનોમાં નેતૃત્વ ક્ષમતા વિકસાવવાનો હતો. શિબિરમાં સમાજના આગેવાનો, કાર્યકર્તાઓ, યુવાનો અને મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શિબિરની શરૂઆત સવારે રજિસ્ટ્રેશન અને નાસ્તા સાથે થઈ હતી. ત્યારબાદ શિબિરનો શુભારંભ કરવામાં આવ્યો અને ઉપસ્થિત કાર્યકર્તાઓએ પોતાનો પરિચય આપ્યો. કાર્યક્રમ દરમિયાન ગયા વર્ષની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત, આગામી વર્ષની કામગીરી અંગે



વિસ્તૃત ચર્ચા અને વિચારવિમર્શ હાથ ધરવામાં આવ્યો. અમદાવાદ શહેર અને જિલ્લા દ્વારા આગામી વર્ષમાં યોજાનાર વિવિધ સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક કાર્યક્રમોની રૂપરેખા પણ રજૂ કરવામાં આવી. સંગઠન વિસ્તાર, નવી રચના, કાર્યકર્તાઓની ભૂમિકા અને જવાબદારી અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. બપોરના સત્રમાં સંગઠન વિષયક ચર્ચા, મહાનુભાવો દ્વારા માર્ગદર્શન, ભોજન સમારંભ અને ખુલ્લી ચર્ચાનું આયોજન કરાયું હતું. અંતમાં, કાર્યકર્તાઓના ઉત્સાહ, નિષ્ઠા અને સમર્પણને બિરદાવી આભાર વિધિ સાથે શિબિરનું સમાપન કરવામાં આવ્યું.

ઉપસ્થિતોએ જણાવ્યું હતું કે આ કાર્યકર્તા શિબિર રાજપૂત સમાજના સંગઠનને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ છે.

# માણસાના બિલોદરામાં એરંડાના ખેતરમાં પોલીસનો દરોડો, 2.88 લાખની જીવલેણ દોરીનો જથ્થો ઝડપાયો

• માણસા

ઉત્તરાયણ પર્વ નજીક આવતા જ પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા તત્વો સામે ગાંધીનગર પોલીસે લાલ આંખ કરી છે. માણસા પોલીસ સ્ટેશનના સ્ટાફે બાતમીના આધારે બિલોદરા ગામની સીમમાં આવેલા એક એરંડાના ખેતરમાં દરોડો પાડી 2.88 લાખની કિંમતની કુલ 960 નંગ ચાઈનીઝ દોરીના રીલ જપ્ત કર્યા છે. જોકે પોલીસને જોઈ આરોપી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. આ અંગે માણસા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉત્તરાયણ પર્વ પૂર્વે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના વેચાણ અને સંગ્રહ સામે ગાંધીનગર જિલ્લા પોલીસે આક્રમક વલણ અપનાવ્યું છે. માણસા પોલીસ સ્ટેશનના પીઆઈ રાકેશ ડામોરની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી. દરમ્યાન બાતમી મળી હતી કે, બિલોદરા ગામનો દલપુજી અમાજી ઠાકોર નામનો શખ્સ મહેસાણા-હિંમતનગર હાઈવે પર ચડાસણા તરફ જતા રોડ પાસે આવેલા સર્વે નંબર 361 વાળા ખેતરમાં ચાઈનીઝ દોરીનું વેચાણ કરી રહ્યો છે. જે બાતમીના પગલે પોલીસ એરંડાના ખેતરમાં ત્રાટકી હતી. જ્યાં એરંડાના વાવેતરની વચ્ચે છુપાવેલા પ્લાસ્ટિકના 20 જેટલા કાર્ટૂન મળી આવ્યા હતા.બાદમાં પોલીસે કાર્ટૂન ખોલીને તપાસ કરતા તેમાંથી કુલ 960 નંગ પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના રીલ મળી આવ્યા હતા. જેની બજાર કિંમત મુજબ આ જથ્થાની કુલ કિંમત રૂ.2.88 લાખ જેટલી થાય છે. જોકે પોલીસના દરોડા દરમિયાન આરોપી દલપુજી ઠાકોર હાજર મળી આવ્યો ન હતો. આ તમામ જથ્થા પર 'મોનોફિલ ગોલ્ડ' એવું લખાણ હતું અને તે જાહેર જનતા તેમજ પશુપક્ષીઓ માટે અત્યંત જોખમી હોવાનું જણાયું હતું. જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડીને નાય લો ન કે સેન્થેટીક મટીરીયલથી બનેલી દોરીના ઉત્પાદન અને વેચાણ પર કડક પ્રતિબંધ લાદવામાં આવ્યો હોવા છતાં તેનું ઉલ્લંઘન કરવા બદલ માણસા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જેતપુરમાં હિટ એન્ડ રન કેસ : બાઈક ચાલકની માહિતી આપનારને પોલીસ આપશે 10 હજારનું રોકડ પુરસ્કાર

• સુરેશ ભાલીયા જેતપુર,

જેતપુર તાલુકા પોલીસે એક હિટ એન્ડ રન કેસમાં ફરાર બાઈક ચાલકને પકડવા માટે જાહેર જનતાની મદદ માંગી છે. જેતપુર-જૂનાગઢ હાઈવે પર થયેલા અકસ્માતમાં એક રાહદારીનું મૃત્યુ થયું હતું, અને અજાણ્યો બાઈક ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. પોલીસે માહિતી આપનારને 10,000ના રોકડ પુરસ્કારની જાહેરાત કરી છે. આ ઘટના ગત તારીખ 22 ડિસેમ્બર, 2025ના રોજ સાંજે આશરે 06:30 વાગ્યે રાજાણી-ટી પાસે બની હતી. હાઈવે ક્રોસ કરી રહેલા એક રાહદારીને ડબલ સવારી અજાણ્યા મોટરસાયકલ ચાલકે અડફેટે લીધા હતા. અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાને કારણે ભોગ બનનાર રાહદારીનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યો બાદ બાઈક ચાલક સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. પોલીસના અનુમાન મુજબ, બાઈક પર સવાર બંને ઈસમોને પણ સામાન્ય ઈજાઓ પહોંચી હોઈ શકે છે. જેતપુર તાલુકા પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે જો કોઈ પાસે આ અજાણ્યા બાઈક સવારો વિશે કોઈ માહિતી હોય, તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરે. માહિતી આપનાર પ્રથમ નાગરિકને 10,000નું ઈનામ આપવામાં આવશે અને તેમની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.

ગાંધીનગરમાં સેરિમોનિયલ પરેડમાં પોલીસનું શક્તિપ્રદર્શન

# આતંકી હુમલો હોય કે તોફાનો રેન્જ આઈજીની હાજરીમાં પોલીસે કૌવત બતાવ્યું

• ગાંધીનગર

નવા વર્ષની ઉજવણીના ચુસ્ત બંદોબસ્તની તૈયારીઓ વચ્ચે આજે ગાંધીનગર જિલ્લા પોલીસ વડાની કચેરીના વિશાળ પરેડ ગ્રાઉન્ડ ખાતે રેન્જ આઈજી વિરેન્દ્રસિંહ યાદવની અધ્યક્ષતામાં ભવ્ય સેરિમોનિયલ પરેડ અને વાર્ષિક ઈન્સ્પેક્શન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના પોલીસ અધિકારીઓ અને જવાનોએ પોતાની શિસ્ત અને શારીરિક સજ્જતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આ સેરિમોનિયલ પરેડ બાદ પરેડ ગ્રાઉન્ડ ખાતે વિવિધ પોલીસ સ્ટેશનોના જવાનો દ્વારા અનેક ઈવેન્ટ્સ રજૂ કરવામાં આવી હતી. જેમાં સ્કવોર્ડ ડ્રીલ, રાયફલ પીટી, લાઠી ડ્રીલ અને યોગાસન જેવી શારીરિક કવાયતો મુખ્ય હતી. ખાસ કરીને, અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવતા પથ્થરમારો અને તોફાનોને કાબૂમાં લેવા માટે ટીયર ગેસ અને ફાયરિંગ સાથેની 'દંગલ મોકડ્રિલ' યોજવામાં આવી હતી. આ ઉપરાંત આતંકવાદીઓની ઘૂસણખોરી રોકવા અને નાકાબંધી તોડીને ભાગતા ગુનેગારોને હથિયારો



સાથે ઝડપી પાડવાનું દિલધડક ડેમોસ્ટ્રેશન પણ કરવામાં આવ્યું હતું. ઘોડેશ્વાર પોલીસ અને ડોગ સ્ક્વોડ દ્વારા ગુનાશોધક પ્રવૃત્તિઓના જીવંત નિદર્શન જોઈ ઉપસ્થિત સૌ પ્રભાવિત થયા હતા. આ અવસરે રેન્જ આઈજીએ પરેડનું નિરીક્ષણ કરી સલામી ઝીલી હતી અને ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ટીમોને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. પરેડ બાદ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના પ્રશ્નો સાંભળવા માટે 'સંવાદ' અને જનતાના પ્રશ્નોના નિરાકરણ માટે 'લોકદરબાર'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે રેન્જ આઈજીએ પોલીસ અધિકારીઓ અને જવાનોને સંબોધતા જણાવ્યું હતું કે, સેરિમોનિયલ પરેડ એ માત્ર શિસ્તનું પ્રતીક નથી પરંતુ તે જનતામાં સુરક્ષાનો વિશ્વાસ જગાડવાનું માધ્યમ પણ છે. ખાસ કરીને જ્યારે થર્ટી ફર્સ્ટની ઉજવણી નજીક છે, ત્યારે પોલીસ દળ કોઈપણ પડકારને પહોંચી વળવા સંપૂર્ણ રીતે સજ્જ છે. આ તકે તેમણે ઉત્કૃષ્ટ સેવા બજાવનારા પોલીસ કર્મીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને ફરજ પ્રત્યેની નિષ્ઠા જાળવી રાખવા પ્રેરણા આપી હતી. જ્યારે રેન્જ આઈજીએ ગાંધીનગર રેન્જ હેઠળ આવતા ચારેય જિલ્લાઓ–ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી અને મહેસાણામાં થર્ટી ફર્સ્ટની ઉજવણીને લઈને કડક સૂચનાઓ આપી હતી. તેમણે વધુમાં ઉમેર્યું કે સરહદો પર સઘન ચેકિંગ શરૂ કરી દેવાયું છે. ફાર્મહાઉસની પાર્ટીઓ પર ખાનગી ડ્રેસમાં પોલીસ નજર રાખશે અને ડ્રગ્સ કે દારૂનું સેવન કરનારાઓને બ્રેથ એનાલાઈઝર અને નાર્કો કિટ્સ દ્વારા ઝડપી પાડવામાં આવશે.

# ૬૨ કિ.મી.ના ૧૦૦ જેટલા CCTV કેમેરા ચેક કરી હિટ એન્ડ રનનો આરોપી ઝડપ્યો

## વિકલાંગ પત્નીની ફરિયાદ બાદ માંગલેજથી સાવલી રોડ પર ૧૦ દિવસ સુધી તપાસ

• વડોદરા

વરણામા પાસેના નેશનલ હાઈવે પર રાત્રે એક આધેડને મોતને ઘાટ ઉતારી ફરાર થઇ ગયેલા અજાણ્યા વાહનને શોધી કાઢવા માટે પોલીસે આશરે ૬૨ કિ.મી.ના રૂટ પર હાઈવે પર આવેલી હોટલો તેમજ અન્ય સ્થળના સીસીટીવી કેમેરા શોધીને કપચીની હેરાફેરી કરતા એક ડમ્પરને શોધી કાઢી બનાવના ૧૦માં દિવસે આરોપીની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ સુરત-વડોદરા નેશનલ હાઈવે પર વરણામા કટ પાસે તા.૧૭ના રોજ રાત્રે સાડા આઠ વાગે માળીનું કામ કરતા ૫૫ વર્ષના મફત મનસુખભાઈ (રહે. મોટો તરબદાવાસ, કરખડી, તા.પાદરા) રોડ ક્રોસ કરતા હતા ત્યારે અજાણ્યા વાહને ટક્કર મારતા તેમનું સ્થળ પર જ કરૂણ મોત નિપજ્યું હતું. આ બનાવની વરણામા પોલીસ સ્ટેશનમાં મૃતકની વિકલાંગ પત્નીએ ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.

હિટ એન્ડ રનની ઘટનામાં અકસ્માત કરીને ફરાર વાહનની તપાસ શરૂ કરવામાં આવી હતી. રાત્રિનો બનાવ હોવાથી અકસ્માત કરનાર ડમ્પર ઓળખી શકાઈ ન હતી જેથી કરજણ તાલુકાના માંગલેજ ચોકડીથી ધાનોરા ગામ તરફથી આવતા વાહનોની તપાસ હાથ ધરી હતી પરંતુ ફળદાયી વિગતો જાણી શકાઈ ન હતી. દરમિયાન વડોદરા તરફની હોટલોના સીસીટીવી કેમેરા ચેક કરતા ડમ્પર દુમાડ ચોકડીથી અંદર જતી દેખાઈ હતી અને ટ્રકની આગળની સાઈડ પર જય આશાપુરા મા તેમજ જય રણછોડ લખેલ હોવાથી ડમ્પરનો નંબર જાણી શકાયો હતો.દરમિયાન પોલીસે નંબરના આધારે તેના માલિક અતુલ ચન્દ્રસિંહ ચૌહાણને ફોન કરીને પૂછતા ડ્રાઈવર ઉદેસિંહ તખતસિંહ પરમાર (રહે.ઉપલેટ, ચામુંડા માતા ચોક, તા.ઠાસરા, જિલ્લો ખેડા)એ અકસ્માત કર્યો હોવાનું જણાવ્યું હતું. પોલીસે ડ્રાઈવરને પૂછપરછ કરતાં તેણે અકસ્માતની કબૂલાત કરતા તેની ધરપકડ કરી ડમ્પર કબજે લીધું હતું. પોલીસે જણાવ્યું હતું કે આરોપીને શોધી કાઢવા માટે ૧૦૦ જેટલા સીસીટીવી કેમેરા ચેક કર્યા હતાં. ડમ્પરમાં ભરેલી કપચી માંગલેજ પાસે ખાલી કરીને પરત સાવલી તરફ જતો હતો ત્યારે અકસ્માત સર્જાયો હતો.

# નર્સિંગની વિદ્યાર્થિનીનો પીછો કરી હેરાન કરતો બાઈક ચાલક

• વડોદરા

નર્સિંગની વિદ્યાર્થિનીનો બાઈક પર તેના ઘર સુધી પીછો કરી હેરાન કરતા આરોપી સામે પોલીસે ગુનો દાખલ કરી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

આજવા રોડ વિસ્તારમાં રહેતા અને નર્સિંગનો અભ્યાસ કરતી ૧૯ વર્ષની યુવતી ગત ૨૪ મી ડિસેમ્બરે સાંજે સાડા પાંચ વાગ્યે છૂટીને બસમાં બેસીને ઘરથી થોડે દૂર ઉતરી હતી. ત્યાંથી તે ચાલતી ઘરે જતી હતી. તે સમયે એક બાઈક ચાલક તેની નજીક આવ્યો હતો. મારી બાઈક પાછળ બેસી જા. તને તારા ઘરે મૂકી જઈશ. તેવું કહેતા યુવતી ગભરાઈ ગઈ હતી. તે ઉતાવળે પગે ઘર તરફ ચાલવા લાગી હતી. આરોપી તેની બાઈક વધારે રેસ કરીને હેરાન કરતો હતો. આરોપીએ યુવતીનો તેના એપાર્ટમેન્ટ સુધી પીછો કર્યો હતો. યુવતી ભાગીને દાદર ચઢી જતા આરોપી બાઈક ફૂલ સ્પીડમાં ચલાવીને ભાગી ગયો હતો. યુવતીએ ઘરે જઈને પરિવારજનોને જાણ કરતા તેઓએ સીસીટીવીના ફૂટેજ ચેક કરતા આરોપીની બાઈકનો નંબર મળી આવ્યો હતો. જે અંગે યુવતીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

**આ કેવું ભણતર!** આચાર્ય કેમ જવાબદારીમાંથી છટકયા? ચર્ચાનો વિષય બન્યો

# બગોદરા પ્રાથમિક શાળાની શિક્ષિકા ભાન ભૂલ્યા, વિદ્યાર્થીને લાકડીથી ફટકારતાં ફરિયાદ દાખલ

## લગભગ આઠેક વાર માર મારવાની ઘટના સામે આવી: આચાર્ય

• અમદાવાદ

બાવળાના બગોદરા પ્રાથમિક શાળા શિક્ષિકા દ્વારા વિદ્યાર્થીને ઢોર માર મારવામાં આવતા ફરિયાદ દાખલ થઈ છે. અમીબેન નામની શિક્ષિકાએ ગુસ્સામાં આવી ધોરણ 5માં ભણતા વિદ્યાથીને લાકડી વડે માર માર્યો હતો. જેમાં વિદ્યાર્થીને હાથના ભાગે પાટાપિંડી કરવી પડે તેવી નોબત આવી હતી. શાળા દ્વારા ઘટનાની જાણ વાલીને કરવામાં આવતા વાલીએ 112માં જાણ કરી ફરિયાદ નોંધાવી છે. જે મામલે બગોદરા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. શિક્ષણ વિભાગના અધિકારીઓ દ્વારા તપાસ કરી કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.




વાલીએ ઘટના અને ફરિયાદનો ઉલ્લેખ કરતાં કહ્યું કે 'મારો છોકરો સવારો શાળાએ ગયો હતો, ત્યાં બેન દ્વારા તેને ઢોર માર મારવામાં આવ્યો. મને ઘટનાની જાણ થતાં જ મેં 112માં ફોન કર્યો હતો. તેમણે તપાસ કરી હતી અને મારા દીકરાને દવાખાને મોકલ્યો હતો. જે બાદ મને પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો જ્યાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હું ઈચ્છું છું કે બગોદરા પ્રાથમિક શાળાના બધા શિક્ષકો અને પોલીસ આ મુદ્દે ન્યાય મળે તે રીતે પગલાં ભરે'

બગોદરા પ્રાથમિક શાળાના આચાર્યએ જણાવ્યું કે 'મારી શાળામાં ધોરણ 5 કના વર્ગ શિક્ષક અમીબેન રાવલ દ્વારા બાળકોને મારવાની ઘટના લગભગ આઠેક વાર નજર સામે આવી છે. આ પહેલા પણ બેન દ્વારા માર મારવાની ઘટના ફરી નહીં બને તેવી મૌખિક બાહેંધરી પ્રાથમિક શાળાના શિક્ષકો, વાલી અને TPOને આપવામાં હતી. તેમ છતાં આજ રોજ જાણવા મળ્યું છે કે બેને ફરી એક બાળકના હાથમાં માર મારી ઈજા પહોંચાડી છે. એ બાળકને બોલાવી તેના પિતાનો સંપર્ક કરવામાં આવ્યો હતો. તે કામેથી થાકીને આવ્યા હતા એટલે તેમને તેમના ભાઈને મોકલ્યો હતો જે ગુસ્સામાં હતા, તેમને મને ફરિયાદ કરી હતી, મેં સમજાવ્યા હતા બાદમાં મેં કહ્યું હતું કે લેખિત ફરિયાદ મળશે તો અમે ઘટનાની જાણ TPOને કરીશું, અને બેનને યોગ્ય કાઉન્સિલિંગની જરૂર હશે તો તે પણ કરાવીશું'

આચાર્ય, કાર્યવાહી કરીશુંના નામે ધોયેલાં મૂળાની માફક જવાબદારીમાંથી છટકી ગયા છે, પણ એ ભૂલી ગયા છે કે આચાર્ય હોવાના નાતે બાળકોના માનસિક અને શારીરિક ટૉર્ચર ન થાય તે જોવાની પણ જવાબદારી તેમની છે. સવાલ એ છે આચાર્યએ સ્વીકાર્યું છે કે પહેલા પણ અમીબેન દ્વારા માર મારવાની ઘટનાઓ સામે આવી હતી તો ત્યારે જ જો યોગ્ય કાર્યવાહી કરવામાં આવી હોત તો આજે આ બાળક ઈજાનો ભોગ ન બન્યો હોત!

પ્રાથમિકમાં ભણતા બાળકો નાના હોય છે તે કોઈના કોઈ કારણસર નજીવી ભૂલો કરતાં પણ હશે પણ શિક્ષકે બાળક બનીને પ્રેમથી તેમની સાથે કામ કરવું જોઈએ પણ હાલ અનેક એવા શિક્ષકો છે જે બાળકો પર વારંવાર હાથ ઉગામે છે અને તેમણે નુકસાન પહોંચાડે છે, જે કાયદાકીય રીતે ગુનો છે. અમીબેન સામે તાત્કાલિક શિક્ષાત્મક કાર્યવાહી થવી જોઈએ, આચાર્યએ પણ સામેથી સ્ટાફ દ્વારા આવું વર્તન થાય તો સંબંધિત અધિકારીને જાણ કરી એક્શન લેવા જોઈએ જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓ પર લગામ લગાવી શકાય.

પોલીસને જોઇને દારૂ લેવા આવેલા આરોપીઓ વાહનો છોડીને ભાગ્યા

# દારૂના કટિંગ સમયે જ પોલીસની રેડ : ૫૮.૯૫ લાખનો દારૂ કબજે

• વડોદરા

વડોદરાના માણેજા ક્રોસિંગ પાસે કંપાઉન્ડવાળી જગ્યામાં ચાલતા દારૂના કટિંગ સમયે જ પોલીસે રેડ પાડતા નાસભાગ મચી ગઈ હતી.પોલીસે દારૂની ૧૫,૧૧૯ બોટલ કબજે કરી બે આરોપીઓને ઝડપી પાડયા છે. જ્યારે પોલીસને જોઈને ગાડી મૂકીને ભાગી ગયેલા અન્ય આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

વડોદરાના માણેજા ક્રોસિંગ નજીક ખુલ્લા દીવાલવાળા કંપાઉન્ડમાં કેટલાક લોકો વિદેશી દારૂનું કટિંગ કરી રહ્યા છે. જેથી, મકરપુરા પોલીસના સ્ટાફે ઉપરોક્ત સ્થળે જઈને તપાસ કરતા કેટલાક લોકો કન્ટેનરમાંથી વિદેશી દારૂનો જથ્થો પીકઅપ વાન તથા અન્ય વાહનોમાં ટ્રાન્સફર કરી રહ્યા હતા. પોલીસને જોઈને દારૂ લેવા આવેલા આરોપીઓ વાહન છોડીને ભાગી ગયા હતા. પોલીસે સ્થળ પરથી સતિષ મોહનભાઈ ખત્રી (રહે.છીપવાડ ગામ, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, તા. સંખેડા,જિ.છોટાઉદેપુર) તથા બહાદુર શેરૂ સમા(રહે.રતેકાતલા,તા.શીંડુવા,જિ.બાડમેર, રાજસ્થાન) ને ઝડપી પાડયા હતા. જ્યારે સ્થળ પરથી




નાસી છૂટેલા ત્રણ વાહનોના ચાલક, કન્ટેનરના માલિક, કંપાઉન્ડના માલિક, દારૂ મગાવનાર તથા મોકલનાર તેમજ જીગો (રહે. અકોટા) અને સોહિલને વોન્ટેડ જાહેર કર્યા છે. પી.આઈ.એ.એમ. ગોહિલે જણાવ્યું હતું કે, આરોપી સતિષ સામે અગાઉ મંજુસર પોલીસ સ્ટેશનમાં પણ પ્રોહિબિશનનો ગુનો નોંધાયો છે.

પોલીસે દારૂનો જથ્થો કિંમત રૂપિયા ૫૮.૯૫ લાખ, ટેમ્પો, પીકઅપ વાન, કેરી વાહન, બૂલેટ અને ત્રણ મોબાઈલ ફોન મળીને કુલ રૂપિયા ૧.૦૫ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે.

# મોબાઈલ પર મેસેજ કરતા યુવકની બાઈક બસ સાથે અથડાતા મોત

વડોદરા,બાઈક ચલાવતા સમયે મોબાઈલ પર મેસેજ કરતા યુવકની બાઈક બસ સાથે અથડાતા બાઈક ચાલકનું મોત થયું હતું. જ્યારે પાછળ બેઠેલા બે મિત્રોને ઈજા થઈ હતી. જ્યારે અન્ય એક બનાવમાં અટલાદરા નારાયણવાડી પાસે ટેમ્પાની ટક્કર વાગતા પટકાયેલા બાઈક ચાલકનું ઘટના સ્થળે જ મોત થયું છે.દશરથ ગામ માધવનગરમાં રહેતો ઉર્પિત મહેશભાઈ પઢિયાર તેના મિત્રો ભૌમિક રમણભાઈ રોહિત (રહે. મહાકાળી ફળિયું, ઈન્દિરાનગર, દશરથ) તથા વિશાલ કરસનભાઈ તડવી (રહે.રમણ મોતીની ખરી,દશરથ ગામ) મોડીરાત્રે છાણી રામાકાકાની ડેરી પાસે ભેગા થયા હતા. ત્યારબાદ તેઓ બાઈક પર સિટિમાં સેવઉસળ ખાવા માટે બાઈક લઈને નીકળ્યા હતા. ઉર્પિત બાઈક ચલાવતો હતો. તે ફૂલ સ્પીડે બાઈક ચલાવતો હતો અને સાથે મોબાઈલ પર મેસેજ કરતો હતો. મળસ્કે સાડા ચાર વાગ્યે પંડયા બ્રિજ નીચે સામેથી આવતી બસ વળાંક લેતી હતી. તેથી ઉર્પિતની બાઈક બસ સાથે ધડાકાભેર અથડાતા ત્રણેય મિત્રો રોડ પર પટકાયા હતા. ત્રણેય મિત્રોને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન ઉર્પિતનું મોત થયું હતું.પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ ખાતે રહેતો અવિશેક અશોકકુમાર ગુપ્તા (ઉં.વ.૨૯) હાલમાં બિલ અટલાદરા રોડ પર ગાંધી રોડ વિસ્તારમાં રહેતો હતો અને અટલાદરામાં આવેલી એક ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. આજે મળસ્કે પાંચ વાગ્યે તે બાઈક લઈને અટલાદરાથી પાદરા તરફ જતા રોડ પર નારાયણવાડી નજીક સ્પીડ બ્રેકર પરથી પસાર થતો હતો. તે દરમિયાન સામેથી આવતા એક ટેમ્પો ચાલકે તેને ટક્કર મારતા તે રોડ પર પટકાયો હતો.

35000ના ભાડામાં ગોડાઉન આપનાર માલિક અને 10 પાર્ટનર સામે ફરિયાદ

# પરપ્રાંતીય દારૂના સપ્લાયરો દ્વારા દારૂના સ્ટોક માટે વડોદરાની આસપાસ ગોડાઉનોનો ઉપયોગ

• વડોદરા

પરપ્રાંતીય બૂટલેગરો દ્વારા દારૂનો સ્ટોક રાખવા માટે ભાડાના ગોડાઉનો રાખવામાં આવતા હોવાની વિગતો બહાર આવી છે.દશરથ વિસ્તારમાં છ મહિનામાં બીજું ગોડાઉન પકડાતાં તેના ૧૧ ભાગીદારો સામે ગુનો નોધાયો છે અને પોલીસ હવે તમામ ગોડાઉનોની ચકાસણી પણ કરી રહી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલ અને સ્થાનિક પોલીસની નજરથી બચવા માટે રાજસ્થાન અને હરિયાણાના દારૂના સપ્લાયરો દ્વારા વડોદરાની આસપાસના ઓધૌગિક વિસ્તારોની નજીકમાં ગોડાઉન ભાડે રાખવામાં આવતા હોવાના કિસ્સા બહાર આવી રહ્યા છે.

છ મહિના પહેલાં દશરથના એક ગોડાઉનમાંથી રૂ.૨.૪૪ કરોડનો દારૂ અને કન્ટેનર પકડાયા હતા.જેની તપાસ દરમિયાન ગોડાઉન ભાડે રાખનાર બિશ્નોઈ ગેંગનો સાગરીત પોતે છાણી પોલીસ સ્ટેશનમાં જઈ ભાડાકરાર નોંધાવી આવ્યો હોવાની માહિતી ખૂલી હતી.આ ગુનામાં પીઆઈ ગઢવી સસ્પેન્ડ થયા હતા.


ફાઇલ તસવીર

ઉપરોક્ત બનાવ બાદ ત્રણ દિવસ પહેલાં દશરથના શિવ એસ્ટેટમાંથી દારૂનુ બીજું એક ગોડાઉન પકડાયું હતું.જેમાંથી ૩૩ લાખનો દારૂ મળી આવ્યો હતો. છાણીના પીઆઈ આર એલ પ્રજાપતિએ તપાસ કરતાં આ ગોડાઉન રાજસ્થાન જોધપુરના હેમનગર ખાતે રહેતા પ્રકાશ સિયારામે તા.૯-૧૨-૨૦૨૩ના રોજ બેકરીના નામે માસિક રૂ.૩૫ હજારના ભાડેથી રાખી કરાર રજૂ કર્યો હોવાની માહિતી બહાર આવી હતી. જેથી પોલીસે કરાર રીન્યૂ નહિ કરનાર માલિક મયૂર ઓધવજીભાઈ(સર્વોદય સો.,નિઝામ પુરા)અને૧૦પાર્ટનર સામે ગુનો નોંધ્યો છે.

## રાશીફળ (તા.30-12-2025)

**મેષ (અ.લ.ઈ)** આજનો દિવસ ફાયદાકારક રહેશે. સામાજિક વિસ્તાર વધશે અને માન-સન્માનમાં વૃદ્ધિ થશે. મહત્વપૂર્ણ કાર્યો કરવા માટે રસ રહેશે.

**વૃષભ (બ.વ.ઉ)** આજે તમે પોતાને ઊર્જાવાન અનુભવશો. જીવનસાથીને કોઈ કામમાં સફળતા મળવાથી ઘરમાં ખુશીનું વાતાવરણ બનશે. નવા પ્રોજેક્ટ પર કામ કરવાથી તમે ઘણું શીખશો.

**મિથુન (ક.છ.ઘ)** આજે ઓફિસમાં કામનો દબાણ થોડો વધી શકે છે. તમે કેટલાક એવા મામલાઓમાં પડી શકો છો જેના ઉકેલમાં તમને થોડી મુશ્કેલી થઈ શકે. પારિવારિક કામોમાં ઘરના સભ્યોનો સહકાર મળશે.

**કર્ક (ડ.હ)** આજે તમારી કોઈ ખાસ વ્યક્તિ સાથે અચાનક મુલાકાત તમારા કરિયરમાં બદલાવ લાવી શકે છે. આ રાશિના આર્ટ્સના વિદ્યાર્થીઓને થોડી મહેનત કરવાની જરૂર છે.

**સિંહ (મ.ટ)** આજે કલાત્મક કાર્યોમાં તમારી રસ વધશે. ધીરજથી નિર્ણય લેશો તો સફળતાના નવા માર્ગો ખુલશે. જીવનસાથીની મદદથી તમને કોઈ કામમાં ફાયદો થશે.

**કન્યા (પ.ઠ.ણ)** આજે પરિવારજનોનો સહકાર મળશે. તમારા કામ માટે અન્ય લોકોને સહમત કરાવવામાં તમે સફળ થશો. આજે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો તમને ફાયદો કરાવશે.

**તુલા (ર.ત)** આજે પરિવાર સાથે સમય વિતાવવાનો મોકો મળશે. તમારી તમામ પરેશાનીઓ દૂર થશે. કોઈ કામ માટે થોડું દોડધામ કરવું પડે. નવા કાર્યોમાં રસ વધશે.

**વૃશ્ચિક (ન.ય)** આજે પ્રગતિનાં અનેક નવા રસ્તા દેખાશે. તમે પારિવારિક સંબંધોમાં સમન્વય સ્થાપવામાં સફળ થશો. સાંજે બાળકો સાથે સમય વિતાવશો.

**ધન (ભ.ધ.ફ.ઢ)** આજે વ્યાપારીઓને ધનલાભ થશે. તમે બાળકો સાથે ખુશીના પળો વિતાવશો. આ રાશિના સિવિલ એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓ માટે દિવસ અનુકૂળ છે.

**મકર (ખ.જ)** આજે અગાઉ કરેલા કામમાં મહેનતનું સારું પરિણામ મળશે. ઓફિસનું આનંદદાયક વાતાવરણ તમને ઉત્સાહથી ભરશે. તમે જાતને એનર્જેટિક અનુભવશો.

**કુંભ (ગ.શ.સ.ષ)** આજે તમારી કિસ્મતના તારા ઉજળા રહેશે. કોઈ મહત્વપૂર્ણ કામ પૂર્ણ કરવાની યોજના છે તો તે આજે પૂર્ણ થશે. જીવનસાથી સાથે ડિનરનો પ્લાન બનાવી શકો છો.

**મીન (દ.ચ.ઝ.થ)** આજે કોઈ જૂની વાતને લઈને થોડી ચિંતા થઈ શકે, પણ સાંજ સુધીમાં બધું સારું થઈ જશે. ઘરમાં અચાનક કોઈ મહેમાન આવી શકે, જેથી ઘરનું વાતાવરણ આનંદમય બનશે.

# લારી અને ફૂટપાથ પર સિમકાર્ડના વેચાણથી ઓનલાઈન ઠગોને ફાવટ, કડક પગલાં લેવા માગ

વડોદરાઃ ઓનલાઈન ઠગો માટે ખૂબ જ ઉપયોગી એવા સિમકાર્ડનું વેચાણ રસ્તા પર છૂટથી થઈ રહ્યું હોવાથી તેના માટે માપદંડ બનાવી તેનો કડક અમલ કરવો જરૂરી બન્યું છે.

છેલ્લા કેટલાક સમયથી ઓનલાઈન ઠગો બેફામ બનીને લાખો રૂપિયાની લૂંટ ચલાવી રહ્યા છે અને તેમના નેટવર્ક માટે ખૂબ જ ઉપયોગી એવા સિમકાર્ડ લારી અને ફૂટપાથ પર આસાનીથી મળી રહેતા હોવાથી તેના પર રોક લગાવવી જરૂરી બન્યું છે.

વડોદરાના સિનિયર ધારાસભ્યને મુંબઈ પોલીસના નામે નોટિસનો કોલ આવતાં તેમણે રિસ્પોન્સ આપ્યો નહતો અને બચી ગયા હતા.જેથી તેમણે આ મુદ્દે રાજ્યના ગૃહમંત્રી અને પોલીસ કમિશનરને રજૂઆત કરી ઠગો સુધી આસાનીથી સિમકાર્ડ પહોંચતું રોકવા માટે કડક વલણ અપનાવવા કહ્યું છે.તેમણે કહ્યું છે કે,ઓનલાઈન ઠગો દ્વારા ઉપયોગમાં લેવાતા સિમકાર્ડ પરથી બેન્ક ખાતાઓ ખોલવામાં આવતા હોય છે અને તેમાં લાખોરૂપિયાના વ્યવહારો થતા હોય છે.જેને કારણે સિમકાર્ડ લેવા આવનાર વ્યક્તિએ બે સ્થાનિક સાક્ષીને પુરાવા સાથે રજૂ કરવા જોઈએ.જો સિમ કાર્ડ પર બ્રેક વાગશે તો સાયબર ફ્રોડના અનેક કેસો બચી શકશે.

# વડોદરામાં એક વર્ષ દરમિયાન ૯.૪૫ કરોડનો દારૂ પકડાયો, ૮૬૨ નશેબાજ વાહન ચાલકો સામે કાર્યવાહી

વડોદરા : વડોદરામાં વર્ષ દરમિયાન પોલીસે દારૂનો નશો કરીને ફરતા ૩,૪૦૯ લોકોને ઝડપી પાડયા છે. જેમાં દારૂનો નશો કરીને વાહન ચલાવવાના ૮૬૨ કેસ છે. જ્યારે દારૂનો ધંધો કરતી અલ્પુ સિન્ધી ગેંગના ૮ આરોપીઓની ૨૬૮ ગુનાઓમાં સંડોવણી બદલ ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

દારૂના ગુનામાં છૂટયા પછી ફરીથી પ્રોહિબિશનની પ્રવૃત્તિ કરનાર ૧૮૯ લોકો પાસેથી ૫.૬૦ લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. દારૂના ગુનામાં સંડોવાયેલા ૧૩૧ આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરાઈ છે. જેમાં ૧૫ લિસ્ટેડ બૂટલેગરોનો સમાવેશ થાય છે. માથાભારે તેમજ પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકડાયેલા ૧૧ આરોપીઓને તડિપાર કરવામાં આવ્યા છે.દારૂની ચાલતી પ્રવૃત્તિ સામે પોલીસે એક વર્ષમાં કરેલી કાર્યવાહી અંતર્ગત દેશી દારૂના ૨,૦૭૭ અને વિદેશી દારૂના ૧,૧૦૫ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે કુલ ૩,૧૮૨ ગુનાઓમાં ૯.૪૫ કરોડનો દારૂનો જથ્થો કબજે કર્યો છે.



# લગ્નની જીદમાં પ્રેમી બન્યો દુશ્મન, યુવતીની તસવીરો સોશિયલ મીડિયામાં વાઈરલ કરી

## આરોપીએ તેની આબરૂ ખરાબ કરવાની ધમકી આપી ઘટનાને અંજામ આપ્યો

• અમદાવાદ



અમદાવાદના અસલાલીમાં એક તરફી પ્રેમ અને લગ્નની જીદમાં અંધ બનેલા પ્રેમીએ હદ વટાવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પ્રેમિકાના પરિવારજનો લગ્ન માટે તૈયાર ન થતા, આરોપીએ યુવતીને બદનામ કરી લગ્ન માટે દબાણ કરવાના ઈરાદે સોશિયલ મીડિયા પર તેના વાંધાજનક તસવીરો અને વીડિયો વાઈરલ કર્યા હતા. આ મામલે પીડિત યુવતીએ ધોળકાના શખસ સામે પોલીસ ફરિયાદ નોંધાવતા ચકચાર મચી ગઈ છે. મળતી માહિતી અનુસાર, 22 વર્ષીય પીડિત યુવતી છેલ્લા પાંચ વર્ષથી ધોળકાના રહેવાસી યોગેશ વાઘેલા સાથે પ્રેમ સંબંધમાં હતી. જોકે, યુવતીના પરિવારજનો આ સંબંધની વિરુદ્ધમાંહોવાથીયુવતીએદૂર રહેવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આરોપી યોગેશ તેને લગ્ન કરવા માટે સતત દબાણ કરી રહ્યો હતો. જ્યારે યુવતીએ લગ્નની ના પાડી, ત્યારે આરોપીએ તેની આબરૂ ખરાબ કરવાની ધમકી આપી હતી. આરોપીએ સોશિયલ મીડિયા પર ફેક આઈડી બનાવીને તેના પર યુવતીના વાંધાજનક તસવીરો તેમજ વીડિયો અપલોડ કરી તેને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. યુવતી અને આરોપી યોગેશની પ્રથમ મુલાકાત પાંચ વર્ષ પહેલા એક લગ્ન પ્રસંગમાં થઈ હતી. ત્યારબાદ બંને વચ્ચે મિત્રતા અને પ્રેમ સંબંધ બંધાયો હતો. આરોપી યુવતીને છૂપી રીતે મોબાઈલ ફોન મોકલાવી વાતચીત કરતો હતો. જો કે, પરિવારને જાણ થતા તેઓએ ફોન લઈ લીધો હતો, તેમ છતાં આરોપી ગમે તે રીતે સંપર્ક ચાલુ રાખતો હતો. આ પછી વાતચીત દરમિયાન આરોપીએ યુવતીના વાંધાજનક વીડિયો કોલ રેકોર્ડ કરી લીધા હતા. આ પછી આરોપી ધમકી આપી એવું કહેતો હતો કે, 'તારા માતા-પિતા લગ્ન માટે તૈયાર નથી, તેથી હું તારી આબરૂ ખરાબ કરી નાખીશ તો તેઓ મજબૂરીમાં આપણા લગ્ન કરાવી દેશે.' આમ ગત 23મી ડિસેમ્બરના રોજ જ્યારે આ તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા ત્યારે પરિવારને આ પાશવી કૃત્યની જાણ થઈ હતી. આરોપીના આ કૃત્યથી ડરી ગયેલા પરિવારે તાત્કાલિક સાયબર હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ પીડિત યુવતીએ અસલાલી પોલીસ સ્ટેશનમાં હાજર થઈ યોગેશ વાઘેલા સામે વિધિવત ફરિયાદ નોંધાવી છે.

પુરાવા તરીકે વીડિયો ક્લિપની પેનડ્રાઈવ અને સ્ક્રીનશોટ પોલીસને સોંપવામાં આવ્યા છે. પોલીસે આ મામલે આઈટી એક્ટ અને અન્ય કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની અટકાયત કરવાના કાર્યવાહી હાથ ધરી છે.

ગૌરવશાળી પરંપરા

ડભોઈ તાલુકાના સાઠોદ ગામે સરસ્વતી ચેરિટેબલ ટ્રસ્ટ સાઠોદ દ્વારા

# બ્રહ્મભટ્ટ બારોટ સમાજ નો 5 મો સ્નેહ મિલન તથા તેજસ્વી તારલાઓનું સન્માન સમારોહ યોજાયો

## પર્યાવરણનું જતન અને પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં કરવા હાકલ કરવામાં આવી હતી

• ફકીરા ખત્રી ડભોઈ



ડભોઈ તાલુકાના સાઠોદગામે બ્રહ્મભટ્ટ બારોટ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કાર્યક્રમના પ્રમુખ ડૉ બી જે બ્રહ્મભટ્ટ ના અધ્યક્ષ પરના હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં મા તેજસ્વી તારલા ઓ ને સન્માનિત કર્યા બાદ જણાવ્યું હતું કે પાયામાં છે શિક્ષણની જ્યોત, તેજસ્વી તારલાઓને સન્માન મળ્યું, બ્રહ્મભટ્ટ બારોટ સમાજની ગૌરવશાળી પરંપરાને વેગ આપવા ને સમાજને મજબૂત અને સંગઠિત બનાવવાના હેતું થી સાઠોદ ખાતે ભવ્ય વિદ્યાર્થી સન્માન તથા સમાજની નારી શક્તિ વડીલોનો સત્કાર તથા વિશેષ સિદ્ધિ મેળવેલા વિદ્યાર્થીઓ ને એવોર્ડ અભિવાદન સમારંભ યોજાયો હતો.

સમાજ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને મંચ પર સન્માનિત કરીને તેમના ઉજ્જવળ ભાવિ માટે શુભેચ્છા આપવામાં આવી હતી. આ ઉપરાંત, સમાજની સેવા માટે જીવન સમર્પિત કરનાર વડીલોને અને વિવિધ ક્ષેત્રોમાં સમાજનું ગૌરવ વધારનાર વ્યક્તિઓનુ એવોર્ડ આપી સન્માન સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. સમાજની સેવા કરનાર વડીલોના સહિત અન્ય પ્રતિભાઓને સન્માનિત કરાયા હતા.મહાનુભાવોનું પ્રેરક સંબોધન આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ સમાજને પ્રેરણા આપી હતી: મહેમાન ડૉ જીગર ઈનામદારે શિક્ષણના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, 'સમાજની મુખ્ય ધારા સાથે ભળવું હશે તો શિક્ષણ સિવાય કોઈ વિકલ્પ નથી.' સમાજના યુવાનોને સાયબર ફ્રોડ અને ગેરકાયદે પ્રવૃત્તિઓથી દૂર રહેવાની સલાહ આપી હતી. આ કાર્યક્રમ માં ડૉ અશોકભાઈ બ્રહ્મભટ્ટ. ડૉ જીગર ઈનામદાર. ડૉ બી જે બ્રહ્મભટ્ટ સહિત સમાજ ના આગેવાનો અને મોટી સંખ્યામાં સમાજ ના લોકો હાજર રહ્યા હતા સમાજ ના સંગઠનમાં જોડાઈને મજબૂત બનાવવા તન, મન અને ધનથી સહકાર આપવા હાકલ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે. સમગ્ર કાર્યક્રમનું સંચાલનસંસ્થા ના પ્રમુખ સતીષ બ્રહ્મભટ્ટ મંત્રી રજનીકાંત બ્રહ્મભટ્ટ હિતેન્દ્ર બ્રહ્મભટ્ટ મનીશ બારોટ પંકજ બારોટ સહિતના સમાજના આગેવાનો દ્વારા આયોજન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. પર્યાવરણ નું જતન અને પ્લાસ્ટિક નો ઉપયોગ નહીં કરવા હાકલ કરવામાં આવી હતી કાર્યક્રમ ના અંત માં સમાજ દ્વારા રાષ્ટ્ર ગાન કરવામાં આવ્યું

સંલગ્ન તંત્રની બેદરકારીનું પરિણામ ઘાતક નીવડી શકે છે

# ડભોઈની વૈશાલી સોસાયટી પાસે રોડ પર પડેલો વીજ વાયર ઘાતક સાબિત થાય તો નવાઈ નહીં

ગંભીર બેદરકારી

## યુદ્ધના ધોરણે આ ખુલ્લા વાયરોનું પ્રોપર ડ્રેસિંગ અને ફિટિંગ કરવામાં આવે



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ નગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય પ્રવેશદ્વાર સમાન એસ.ટી. ડેપોથી ક્રિષ્ના સિનેમા સુધીના માર્ગને આઈકોનિક રોડ તરીકે વિકસાવવાની કામગીરી ચાલી રહી છે પરંતુ, આ વિકાસના કામમાં કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારી સામે આવી છે, જે ગમે ત્યારે મોટી હોનારતને નિમંત્રણ આપી શકે છે મુખ્ય સમસ્યાઓ અને જોખમો ખુલ્લા વીજ વાયરો: વિશ્વભારતી સ્કૂલ અને કોલેજ નજીક ડિવાઈડર પાસે નવી નખાયેલી સ્ટ્રીટ લાઈટના વાયરો આડેધડ રીતે ખુલ્લા છોડી દેવામાં આવ્યા છે. એક વાયર તો રોડની મધ્ય સુધી લટકી રહ્યો છેવિદ્યાર્થીઓની સુરક્ષા જોખમમાં: આ વિસ્તારમાં શાળાઓ અને કોલેજો આવેલી હોવાથી હજારો વિદ્યાર્થીઓની અવરજવર રહે છે. રમત-રમતમાં કે ઉતાવળમાં કોઈ બાળક આ વાયરના સંપર્કમાં આવે તો ગંભીર અકસ્માત સર્જાઈ શકે છે વીજ પ્રવાહ અંગે અસ્પષ્ટતા: જો આ વાયરોમાં પાવર સપ્લાય ચાલુ હોય અને કોઈ વાહન તેની પરથી પસાર થાય અથવા કોઈ વ્યક્તિ તેનો સ્પર્શ કરે, તો કરંટ લાગવાથી જાનહાનિ થવાની પૂરેપૂરી શક્યતા છે બેદરકારીનો નમૂનો: પ્રથમ તબક્કાની કામગીરીમાં જ વાયરિંગમાં આટલી મોટી ક્ષતિ જોવા મળતા પાલિકાની કામગીરી પર પણ સવાલો ઉભા થયા છે સ્થાનિકોમાં ઉગ્ર રોષ સ્થાનિક રહીશો અને વાલીઓમાં વ હી વટી તંત્ર સામે ભારે રોષ જો વા મળી રહ્યો છે. લોકો પૂછી રહ્યા છે કે, 'જો કોઈ અકસ્માત થ શે તો તેની જવાબદારી કોની?' શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોઈ રહ્યું છે? લોકમાંગ ડભોઈની જનતા અ ને જાગૃત નાગરિકો દ્વારા માંગ કરવામાં આવી છે કે:

નગરપાલિકા દ્વારા તાત્કાલિક ધોરણે કોન્ટ્રાક્ટરને કડક સૂચના આપવામાં આવે. યુદ્ધના ધોરણે આ ખુલ્લા વા યરોનું પ્રોપર ડ્રેસિંગ અને ફિટિંગ કરવામાં આવે. વી જ પ્રવાહ ચાલુ હોય તો તેને તાત્કાલિક બંધ કરી સુરક્ષિત કરવામાં આવે જેથી કોઈ નિર્દોષનો

# રખિયાલના ક્રિષ્ણા મેડીકલ સ્ટોરમાં નશાના વિકલ્પ તરીકે કફસીરપનું કોડવર્ડમાં વેચાણ

## મેડીકલ સ્ટોરમાંથી અન્ય કફસીરપના સપ્લાયર્સ પણ મોટાપ્રમાણમાં કફસીરપનો જથ્થો લઇને વેચાણ કરે છે

• અમદાવાદ



અમદાવાદ શહેર ગ્રામ્ય વિસ્તારોમાં નશો કરવાના વિકલ્પના ભાગરૂપે દારૂના બદલે કફ શીરપનો નશો કરતા લોકોની સંખ્યા વધી રહી છે. જેના કારણે મેડીકલ સ્ટોરમાં દવાની આડમાં તબીબી પ્રિસ્ક્રીપશન વિના કફશીરપનું આડેધડ વેચાણ કરતા તત્વો પણ મોટા પ્રમાણમાં સક્રિય થયા છે.

જેમાં રખિયાલ પોલીસ સ્ટેશનથી માત્ર થોડા અંતરે આવેલા ક્રિષ્ણા મેડીકલ સ્ટોરમાં નશા માટે બેરોકટોક રીતે વેચાણ કરવામાં આવતા કફસીરપ અંગેની ચોંકાવનારી વિગતો સામે આવી છે. સરદારજી નામના મેડીકલ સ્ટોરના સંચાલક પાસેં કફસીરપ ખરીદી કરવા આવતા ગ્રાહકો માટે ખાસ કોડવર્ડ છે. રખિયાલના ક્રિષ્ણા મેડીકલ સ્ટોરમાં નશાના વિકલ્પ તરીકે કફસીરપનું કોડવર્ડમાં વેચાણ 2 - imageજેમાં ગ્રાહક એક વસ્તુ આપો એમ બોલે તો સરદારજી સમજી જાય છે કે આ ગ્રાહક દવા લેવા માટે નહી પણ કફસીરપ લેવા માટે આવ્યો છે. જેથી તે ચુપચાપ મેડીકલ સ્ટોરના એક ખુણામાં જઈને કફસીરપની બોટલ આપી દે છે. જો ગ્રાહક એમ કહે કે બે વસ્તુ આપો તો સરદારજી બે બોટલ આપે.

વાત અહીયાથી નથી અટકતી આ મેડીકલ સ્ટોરમાંથી અન્ય કફસીરપના સપ્લાયર્સ પણ મોટાપ્રમાણમાં કફસીરપનો જથ્થો લઈને વેચાણ કરે છે. આ માટે તેમના હોલસેલના ક્લાઈન્ટ પણ નક્કી છે. રખિયાલના ક્રિષ્ણા મેડીકલ સ્ટોરમાં નશાના વિકલ્પ તરીકે કફસીરપનું કોડવર્ડમાં વેચાણ.

ક્રિષ્ના મેડીકલ સ્ટોરના વેપારી દ્વારા કાયરેક્ટ કંપનીમાંથી ગેરકાયદે પ્રોડ્ક્શન કરાવીને કફસીરપનો મોટો નિયમિત રીતે ખરીદી કરવામાં આવતો હોવાની માહિતી આરોગ્ય વિભાગના કેટલાંક અધિકારીઓને પણ છે. પરંતુ, મિલિભગત હોવાને કારણે દરોડો પાડીને કાર્યવાહી કરવાને બદલે આંખ આડા કાન કરવામાં આવે છે.

# રાજપીપળા ના 6 વિદ્યાર્થીઓની રાજય સરકાર દ્વારા સહાય માટે પસંદગી



• દીપક જગતાપ, રાજપીપલા

શ્રી રત્નસિંહજી મહિડા કોમર્સ કોલેજ, રાજપીપળાની કોલેજમાં છ જેટલા રોજગાર લક્ષી સર્ટિફિકેટ કોર્સ નો અભ્યાસ કરાવવામાં આવે છે. હાલમાંજ આ કોલેજના 6 વિદ્યાર્થીઓ 'ઉદ્યોગ સાહસિકતા નીતિ' હેઠળ નાણાકીય સહાય મેળવવા માટે પસંદગી પામ્યા છે. ગુજરાત રાજ્ય સરકારના 'વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા નીતિ' કાર્યક્રમ હેઠળ કોમર્સ કોલેજ, રાજપીપળા ના બીજા અને ત્રીજા વર્ષના 15 જેટલા વિદ્યાર્થીઓએ ઉદ્યોગ સાહસિક બનવા માટેની તાલીમ મેળવી હતી. તેમાંથી છ જેટલા વિદ્યાર્થીઓએ નવું સાહસ શરૂ કરવા માટેના કોલેજના પ્રાધ્યા પીકા તથા EDC નોડલ ઓફિસર કિંજલબેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ બે પ્રોજેક્ટ જમા કરાવ્યા હતા. જે રાજ્ય સરકાર દ્વારા આર્થિક સહાય આપવા માટે પસંદગી પામ્યા છે. આ અઅંતર્ગત પ્રતયેક વિદ્યાર્થીને રૂપિયા 40 હજારની આર્થિક સહાય રાજ્ય સરકાર તરફથી નવું સાહસ ઊભૂ કરવા માટે આપવામાં આવશે. કોમર્સ કોલેજ રાજપીપળાની બીજા વર્ષની વિદ્યાર્થીની પાટીલ નીલીમા, ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ ઘરિયા મિતીરાજ, પટેલ હર્ષ, માછી જીગર ,ભોઈ કુશલ અને તડવી પ્રતીક ને આ સહાય મળશે જે દ્વારા તેઓ ઉદ્યોગ કરી શકશે. કોલેજના આચાર્ય ડો. હિતેશ ગાંધીસહીત કોલેજ પરિવારે એ દરેક વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા

# મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલના માતૃશ્રી સ્વ. શાંતાબેન પટેલનું બેસણું ૨ જાન્યુઆરીએ કુડાદરા ખાતે યોજાશે

• હાંસોટ/કુડાદરા,

ગુજરાત રાજ્યના મંત્રીશ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલના માતૃશ્રી સ્વ. શાંતાબેન ઠાકોરભાઈ પટેલના દુઃખદ અવસાન બાદ તેમની પ્રાર્થના સભા અને બેસણું આગામી ૦૨ જાન્યુઆરી



૨૦ ૨૬, શુક્રવારના રોજ રા ખવામાં આવ્યું છે. ૯૫ વર્ષની વયે પંચતત્વમાં વિલીન થયેલા શાંતાબેન પટેલના નિધનથી સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે. બેસણાની વિગતોતારીખ: ૦૨ જાન્યુઆરી ૨૦૨૬, શુક્રવાર સમય:સવારે ૯:૦૦ થી બપોરે ૧ ૨ : ૦૦ કલાક સુ ધ સ્થળ: મંત્રીશ્રીનું નિવાસ સ્થાન, ગામ: કુડાદરા, તા. હાંસોટ, જી. ભરૂચ ઉલ્લેખનીય છે કે, લાંબી માંદગી બાદ ગત દિવસોમાં શાંતાબેનનું નિધન થ યું હ તું, જેના કારણે મંત્રીશ્રીના તમામ જાહેર કાર્યક્રમો અને ભરૂચના એસ.ટી. વર્કશોપનું ખાતમુહૂર્ત પણ મોકૂફ રાખવામાં આવ્યું હ તું. શુક્રવારે યોજાનારા આ બેસણામાં વિવિધ રાજકીય, સામાજિક અ ગ્રણીઓ અને સ્વજનો ઉપસ્થિત રહી દિવંગત આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે.

5

# ભાજપની પ્રદેશ સમિતિમાં પાટિલ અને આનંદીબેન જૂથના નેતાઓની બાદબાકી કરાતાં ભારે વિવાદ

• અમદાવાદ



લાંબા સમયની પ્રતિક્ષા બાદ જાહેર થયેલી ગુજરાત પ્રદેશ ભાજપની નવી કારોબારી સમિતિએ પક્ષમાં જૂથબંધીના વિવાદને ફરી સપાટી પર લાવી દીધો છે. નવી સમિતિમાં પૂર્વ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલના નજીકના મનાતા નેતાઓની બાદબાકી કરવામાં આવતા રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે.

બીજી તરફ, પાટીલના વિરોધી જૂથના ગણાતા નેતાઓને મહત્ત્વના હોદ્દા સોંપીને સંગઠનમાં શક્તિ સંતુલન બદલવાનો પ્રયાસ કરાયો હોય તેમ જણાય છે.નવી પ્રદેશ સમિતિમાં ભૌગોલિક સંતુલન ખોરવાયું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. પક્ષના ઈતિહાસમાં ભાગ્યે જ બન્યું હશે તેમ, દક્ષિણ ગુજરાતમાંથી એક પણ મહામંત્રીની નિમણૂંક કરવામાં આવી નથી.

કુલ મહામંત્રીઓ પૈકી ત્રણ મહામંત્રીઓ એકલા સૌરાષ્ટ્ર ઝોનમાંથી મૂકવામાં આવ્યા છે, જેના કારણે ઉત્તર અને મધ્ય ગુજરાતના નેતાઓમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. નવી યાદીમાં કેટલાક એવા નામો છે જેમનાથી સ્થાનિક સ્તરે વિરોધ ઉઠ્યો છે. સુરેન્દ્રનગર જિલ્લા પ્રમુખ તરીકે જેમનો સ્થાનિક કાર્યકરોએ વિરોધ કર્યો હતો, તેમને પ્રદેશ મહામંત્રી જેવું કદાવર પદ સોંપાતા આશ્ચર્ય સર્જાયું છે.

ખેડાના અજય બ્રહ્મભટ્ટને મહામંત્રી બનાવી વડોદરા અને ઉત્તર ગુજરાતના દાવેદારોની અવગણના કરાઈ હોવાની ચર્ચા છે. પૂર્વ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સામે અગાઉ પત્રિકા કાંડ વખતે જેમના નામો ઉછળ્યા હતા અથવા જેઓ તેમની કાર્યપદ્ધતિના વિરોધી હતા, તેમને મહત્ત્વના હોદ્દા મળ્યા છે. પૂર્વ મંત્રી અને પાટીલના કટ્ટર વિરોધી મનાતા ગણપત વસાવાને અનુસૂચિત જનજાતિ મોરચાના પ્રદેશ પ્રમુખ બનાવવામાં આવ્યા છે. જ્યારે ઝંખનાબેન પટેલ જેઓની ટિકિટ કાપવામાં આવી હતી તેઓને પ્રદેશ સમિતિમાં ઉપપ્રમુખનો હોદ્દો આપવામાં આવ્યો છે. ભાજપમાં સામાન્ય રીતે 'એક વ્યક્તિ, એક હોદ્દો'નો નિયમ પળાતો હોય છે, પરંતુ આ જમ્બો યાદીમાં કેટલાક એવા નેતાઓ પણ છે જેઓ પાસે પહેલેથી જ જવાબદારી હોવા છતાં પ્રદેશ સમિતિમાં સ્થાન આપી બીજો હોદ્દો ફાળવવામાં આવ્યો છે. પ્રદેશ પ્રમુખ દ્વારા જાહેર કરાયેલી આ સમિતિથી સ્પષ્ટ થાય છે કે પક્ષમાં હવે પૂર્વ પ્રમુખોના પ્રભાવને ઓછો કરીને નવા સમીકરણો રચાઈ રહ્યા છે. જોકે, દક્ષિણ ગુજરાત અને વડોદરા જેવા મહત્વના ગઢની અવગણના આગામી દિવસોમાં પક્ષ માટે માથાનો દુખાવો બની શકે છે.

આવી ઘટનાઓને દબાવો નહીં, ઉજાગર કરો

સ્પોર્ટ્સ ઇન્સ્ટ્રક્ટર સામે કડક કાર્યવાહી કરવામાં આવેઃ ડો. જ્વેલ વસરા AAP

# GTUની વિદ્યાર્થીની સાથે સ્પોર્ટ્સ ઇન્સ્ટ્રક્ટરની બીભત્સ માંગણી, AAPએ કડક પગલાં લેવા કરી માંગ

### AAP નેતા ડો. જ્વેલ વસરા, યુવરાજસિંહ જાડેજા, ડો. કરન બારોટ, જીતુ ઉપાધ્યાય, જતીન પટેલ, યાત્રિક પટેલ અને જીતેન્દ્ર કલાલે વાઈસ ચાન્સેલરને આવેદનપત્ર આપી કડક પગલાં લેવા માંગ કરી

• અમદાવાદ/ગુજરાત

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની એક વિદ્યાર્થીની સાથે સ્પોર્ટ્સ ઈન્સ્ટ્રક્ટર દ્વારા બીભત્સ માંગણી કરવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતાં આમ આદમી પાર્ટીના મધ્યઝોન કાર્યકારી પ્રમુખ ડોક્ટર જ્વેલ વસરા, યુવા નેતા યુવરાજસિંહ જાડેજા, પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડોક્ટર કરન બારોટ, એજ્યુકેશન સેલના પ્રદેશ પ્રમુખ જીતુ ઉપાધ્યાય, અમદાવાદ શહેર મહામંત્રી જતીન પટેલ, વિદ્યાર્થી પાંખ ASAPના મધ્ય ઝોનના પ્રદેશ પ્રમુખ યાત્રિક પટેલ અને કાર્યકર્તા જીતેન્દ્ર કલાલે યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરને રૂબરૂમાં મળીને આવેદનપત્ર આપ્યું હતું અને કડકમાં કડક કાર્યવાહી કરવા માટે માંગ કરી હતી. આ ઘટના વિશે વાત કરતા મધ્યઝોન કાર્યકારી પ્રમુખ ડોક્ટર જ્વેલ વસરાએ જણાવ્યું હતું કે, આજે અમે આમ આદમી પાર્ટીના ડેલીગેશન સાથે જીટીયુમાં આવ્યા છીએ. આ જગ્યાને વિદ્યામંદિર કહેવાય છે પરંતુ અહીંયા હાલ દુશાસનોનું રાજ ચાલી રહ્યું છે. મારે આ એટલા માટે કહેવું પડે છે કારણ કે ત્રણ મહિના પહેલા એક ઘટના ઘટી હતી. ત્રણ મહિના પહેલા આંતર યુનિવર્સિટીની જ્યારે સ્પર્ધાઓ થતી હોય છે, ત્યારે GTUમાંથી સોમનાથ યુનિવર્સિટીમાં અહીંયાથી બાળકો પોતાનું ડેરીગેશન લઈને ગયા હતા. ત્યાં સ્પોર્ટ્સ ઈન્સ્ટ્રક્ટર આકાશ ગોહિલે એક દીકરી સાથે બીભત્સ માંગણી કરી હતી. આ મુદ્દે વિદ્યાર્થિનીએ પાછા આવીને વાઈસ ચાન્સેલરને વાત કરી અને વાઈસ ચાન્સેલર પોતે એક મહિલા છે, તેમ છતાં પણ તેમણે આ ઘટનાનું ભીનું સંકેલવાની વાત કરી. AAP નેતા ડોક્ટર જ્વેલ વસરાએ વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે આમ આદમી પાર્ટીને આ ઘટના વિશે જાણકારી મળી તો આજે અમે જીટીયુ ખાતે આવ્યા અને વાઈસ ચાન્સેલર રાજલબેનને આવેદનપત્ર આપ્યું. આવેદનપત્ર આપીને અમે માંગ કરી છે કે જ્યાં સંસ્કારોનું સિંચન થતું હોય અને બાળકો જ્યાં પોતાનું ભવિષ્ય બનાવવા આવતા હોય, ત્યાં જો આવી ઘટનાઓ ઘટતી હોય તો માતા પિતા કોના પર ભરોસો કરીને બાળકોને અહીંયા મોકલે? અમે આજે માંગ કરી છે કે આવી જે પણ ઘટનાઓ ઘટે છે તેને દબાવો નહીં અને ઉજાગર કરો. આવી ઘટનાઓ ઘટે છે અને એક્શન લેવામાં આવતા નથી તો આજે અમે એમને રજૂઆત કરી છે કે આવી ઘટનાઓ પર કડકમાં કડક એક્શન લેવામાં આવે.




તમામ હોટલોમાં ગાલા ડિનર ક્રુઝમાં ડિનર ડાન્સ પાર્ટીનું આયોજન

# 31 મી ડિસેમ્બર ઉજવણી માટે પ્રવાસીઓના ધસારાને ધ્યાને લઈ વ્યૂઈંગ ગેલેરીની ક્ષમતામાં વધારો કરાયો

ઓનલાઇન બૂકિંગ ફૂલ થઇ ગયા

SOU ની 55 બસો ઉપરાંત એસટી તંત્ર તરફ થી વધારા ની 40 બસોની સુવિધાઓ વધારાઈ



• દીપક જગતાપ, રાજપીપળા

નર્મદા જિલ્લાનું કેવડિયા પ્રવાસન ધામ તરીકે નવા વર્ષની ઉજવણીમાં સૌથી વધુ આકર્ષણ જમાવી રહ્યું છે. હાલ રોજના 50 થી 60 હજાર પ્રવાસીઓ આવતા sou સત્તામંડળ દ્વારા પ્રવાસીઓની સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે. ડિસેમ્બર 25ના અંતમાં ગુલાબી ઠંડીના વાતાવરણમાં નર્મદા જિલ્લો પ્રવાસીઓ ફરવા માટે હોટ ફેવરીટ બન્યો છે.

ખાસ કરીને વિશ્વની સૌથી ઉંચી સરદાર વલ્લભભાઈ પટેલની 182 મીટર ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી પર હાલ નાતાલ બાદ પ્રવાસીઓની સંખ્યામાં વધારો નોંધાઈ રહ્યો છે. 31મી ડિસેમ્બરની ઉજવણી માટે ઉત્સાહિત પ્રવાસીઓનો ધસારો અને ઓનલાઈન બૂકિંગ ફૂલ થઈગયા છે.

જેને કારણે સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસીઓની એન્ટ્રીની મર્યાદાઓ પણ વધારી દેવામાં આવી છે. પહેલા પાંચ સ્લોટમાં વ્યૂ ગેલેરી 500 હતી. જેમાં રોજની 5500 કરવામાં આવી છે, એટલું જ નહીં ટોટલ 7000 પ્રવાસીઓને આજથી પ્રવેશ મળશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે શનિવારે 50 હજાર અને રવિવારે 70 હજાર કરતા વધુ પ્રવાસીઓ નોંધાયા છે.

2025નો છેલ્લો મહિનો એટલે 31 ડિસેમ્બરની ઉજવણી પણ પ્રવાસીઓ અહીં જ કરે છે, એટલે SOU સત્તા મંડળ અને હોટલો ટેન્ટ સીટી તમામ લોકો નવા વર્ષની ઉજવણીને લઈ તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. તમામ હોટલોમાં ગાલા ડિનર ક્રુઝમાં ડિનર ડાન્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રવાસીઓનો ઘસારો જોતા sou ના ceo અમિત અરોરા દ્વારા એસટી બસોનો વધારો કરવામાં આવ્યો અહીં આવતા પ્રવાસીઓને કોઈ પણ જાતની તકલીફ ન પડે એ માટે તંત્ર ખડે પગે સજ્જ બન્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 31 ઓક્ટોમ્બર 2018 માં પ્રવાસીઓ માટે ખુલ્લું મૂક્યું ત્યારથી અત્યાર સુધી માં 2.75 કરોડ પ્રવાસીઓ એ sou ની મુલાકાત લીધી છે. એક આંકડા મુજબ જોઈએ તો સરેરાશ દરવર્ષે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર 8 વર્ષમાં 5 લાખ કરતા વધુ પ્રવાસીઓ દરવર્ષે આવે છે.

હવે કોઈ પણ તહેવાર હોય કે રજાઓ હોય પ્રવાસીઓ હવે કેવડિયામાં પ્રવાસન ધામ સ્ટેચ્યુ ઓફ યુનિટીને પસંદ કરી રહ્યા છે.. પ્રવાસીઓ માટે હોટલો અને ટેન્ટ સીટીના સંચાલકોએ પણ પ્રવાસીઓની આવનારી 31મી ડિસેમ્બરની ઉજવણી યાદગાર બની રહે તે માટે ડી.જે પાર્ટી, આદિવાસી જમવાનું મેનુ,સ્ટેજ તેવી તમામ પ્રકારની સુવિધાઓ તેમણે કરી છે.

# નર્મદા નિગમની ઘોર બેદરકારી, રાજલી ગામે કેનાલના પાણી ખેતરોમાં ફરી વળ્યાં

### પાણીનું લેવલ ન ઘટાડાતા 100 અને 150 વીઘામાં ઉભો પાક નાશ પામ્યો

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના રાજલી ગામેથી પસાર થતી નર્મદાની સબ માઈનોર કેનાલમાં ક્ષમતા કરતા વધુ પાણી છોડવામાંઆવતાઆસપાસનાખેતરોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. કેનાલના ત્રણ જેટલા કૂવાઓ (સાયફન) માંથી પાણી છલકાઈને બહાર આવતા અંદાજે 100 વીઘા જેટલી જમીનમાં વાવેતર કરેલો પાક પાણીમાં ગરકાવ થઈ ગયો છે નુકસાનની વ્યાપ: કપાસ, તુવેર અને દિવેલા જેવા તૈયાર થયેલા પાક પર પાણી ફરી વળતા ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાઈ ગયો છે.અધિકારીઓની બેદરકારી: સ્થાનિક ખેડૂતો છેલ્લા ત્રણ દિવસથી નર્મદા નિગમના અધિકારીઓને પાણીનું લેવલ ઘટાડવા (રૂલ લેવલ જાળવવા) રજૂઆત કરી રહ્યા છે, પરંતુ તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. કુદરત અને તંત્રનો બેવડો માર: અગાઉ કમોસમી વરસાદને કારણે આર્થિક ફટકો સહન કરી ચુકેલા ખેડૂતો હવે નર્મદા નિગમના અધિકારીઓની આળસને કારણે પાયમાલ થઈ રહ્યા છે ખેડૂતોનો આક્રોશ અમે વારંવાર ફોન કર્યા અને રૂબરૂ રજૂઆત કરી, છતાં અધિકારીઓ નિદ્રામાં હોય તેમ લાગે છે. જો સમયસર પાણી બંધ કરાયું હોત તો અમારો લાખોનો પાક બચી ગયો હોત. હવે આ નુકસાનની ભરપાઈ કોણ કરશે સ્થિતિની ગંભીરતા કેનાલના પાણી સતત ખેતરોમાં ઘુસી રહ્યા હોવાથી જમીનનું ધોવાણ થવાની પણ ભીતિ સેવાઈ રહી છે. એક તરફ સરકાર ખેડૂતોની આવક બમણી કરવાની વાતો કરે છે, ત્યારે બીજી તરફ નર્મદાનીગમના સરકારી વિભાગોની આવી બેદરકારી ખેડૂતોને દેવાના ડુંગર નીચે દબાવી રહી છે.



# ઈખર સ્થિત મરયમ બેન મેમોરિયલ હાઈસ્કૂલમાં નિ:શુલ્ક સર્વ રોગ નિદાન શિબિર યોજાઈ

### મોટી સંખ્યામાં વિવિધ રોગોના દર્દીઓએ લાભ લીધો

• સૈફ અલી ભટ્ટી વાગરા

આમોદના ઈખર સ્થિત મરયમબેન મેમોરિયલ હાઈસ્કૂલમાં લાઈફ લાઈન મેડિકેર સર્વિસ તેમજ મુઆવિન જનરલ હોસ્પિટલ, તાંદલજા, વડોદરાના સંયુક્ત ઉપક્રમે નિ:શુલ્ક સર્વ રોગ નિદાન શિબિર યોજાઈ હતી. આયોજિત નિદાન શિબિરમાં મોટી સંખ્યામાં વિવિધ રોગોના દર્દીઓએ લાભ લીધો હતો. આયોજિત નિદાન શિબિરમાં નિષ્ણાત તબીબો ડો. હિતેશ ભાલારાએ આંખોના તમામ પ્રકારનાં રોગો માટે, સ્ત્રીઓને લગતા તમામ પ્રકારનાં રોગો માટે ડો. રીયા શાહ, ડો. મનોજ પરમારે ડાયાબિટીશ, દમ, ટી.બી.,ન્યુમોનીઆ, હદ્ય ને લગતા તમામ પ્રકારનાં રોગો માટે ડો. ત્વનેશ પટેલ, બાળકોનાં તમામ પ્રકારનાં રોગો માટે ડો. શૈલીન શાહ હાડકા ને લગતા તમામ પ્રકારનાં રોગો માટે તબીબી સેવાઓ પ્રદાન કરી હતી.



હૃદય ની તકલીફનાં દર્દીઓને કાર્ડીયોગ્રામ (ECG) જરૂરત જણાતા વિના મૂલ્યે કરી આપવામાં આવી હતી.ડાયબીટીશના દર્દીઓ ને (RBS) રેન્ડમ બ્લ્ડ સુગર વિના મૂલ્યે કરી આપવામાં આવી હતી. આંખના નંબરની તપાસ મફત કરી આપવામાં આવી હતી. નિદાન શિબિરને લાઈફલાઈન મેડિકેર સર્વિસ ઈખરના સદસ્યો તેમજ ગામના આગેવાનોએ ખુબ સારી જહેમત ઉઠાવી સફળ બનાવી હતી.

# ઢોલાર ગ્રામ પંચાયતમાં લાઇબ્રેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું



• ફકીરા ખત્રી ડભોઈ

વડોદરા જિલ્લા યુવા મોરચા દ્વારા સ્માર્ટ વીલેજ પ્રોજેકટ એન.ઇ. ઇ. વી અંતર્ગત ઢોલાર ગ્રામ પંચાયત માં લાઈબ્રેરી નું લોકાર્પણ નો કાર્યક્રમ રાખવામાં આવ્યું હતું.આ લાઈબ્રેરી માં 600 કરતા વધુ પુસ્તકો રાખવામાં આવી છે જેનો ઉપયોગ ગામ ના તથા આજુ બાજુના ગામ ના બાળકો,યુવાનો,તથા વડીલો તથા તમામ ગ્રામજનો કરી શકે તેવુ સુંદર આયોજન કરવામાં આવ્યુ છે.આ લાયબ્રેરી નો હેતુ તમામ લોકો વાંચન તરફ પ્રેરાય ઉપરાંત આજના સોસીયલ મીડિયા ના યુગ માં બાળકો જ્યારે મોબાઈલ માં વ્યસ્ત હોય છે ત્યારે આ બાળકો લાયબ્રેરીમાં વધુ માં વધુ સમય વિતાવે અને પુસ્તકો પ્રત્યે લગાવ થાય સાથે જ ભણતર સાથે જનરલ જ્ઞાન પણ મેળવે તેવા ઉમદા હેતુ સાથે લાયબ્રેરી નું લોકાર્પણ ડભોઇ તાલુકા ના ઢોલાર ગામે સરપંચ સપનાબેન પાર્થ પટેલ તથા યુવા મોરચા ના મહા મંત્રી પાર્થ કનુભાઈ પટેલ તાલુકા સંગઠન મહામંત્રી દત્તુંસિંહ સોલંકી ભુપેન્દ્રભાઈ પટેલ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ની ઉપસ્થિત માં કરવામાં આવ્યું હતું.

ખાડાઓનો આતંક : ખેડૂતોને આર્થિક ફટકો

# ઉમલ્લામાં એક જ દિવસમાં બે ટ્રેક્ટર અકસ્માતનો ભોગ બન્યા

• ઝઘડિયા/ઉમલ્લા

ઝઘડિયા તાલુકાના ઉમલ્લા રેલવે ફાટક પાસે ગતરોજ ફરી એકવાર ખરાબ રસ્તાના કારણે ગંભીર અકસ્માત સર્જાયો હતો. શેરડી ભરેલું ટ્રેક્ટર-ટ્રેલર અચાનક પલટી જતાં અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે જાન હાનિ ટળી હતી, પરંતુ આ ઘટનાએ ઉમલ્લા બજારના બિસ્માર રસ્તાઓ અને તંત્રની બેદરકારીને ખુલ્લી પાડી દીધી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, શેરડી ભરેલું ટ્રેક્ટર ઉમલ્લા રેલવે ફાટક પાસેથી પસાર થઈ રહ્યું હતું ત્યારે ટ્રેલર તૂટી પડ્યું હતું. શેરડીનો આખેઆખો ભારો ડ્રાઈવરની કેબિન તરફ પડ્યો હતો, પરંતુ ડ્રાઈવરે સમયસૂચકતા વાપરી તુરંત નીચે કૂદી જતાં તેનો જીવ બચ્યો હતો. સ્થાનિકોએ તાત્કાલિક દોડી આવી મદદ કામગીરી હાથ ધરી હતી.

ઉમલ્લા બજારથી રેલવે ફાટક સુધીના માર્ગ પર પડેલા મોટા ખાડાઓ વાહનચાલકો માટે આફત સમાન બન્યા છે. આજ રોજ અન્ય એક ઘટનામાં, ખાતર ભરીને જઈ રહેલા ટ્રેક્ટરનું વ્હીલ પણ ખાડાને કારણે તૂટી ગયું હતું, જેનાથી ખાતરનો જથ્થો રસ્તા પર ઢોળાઈ ગયો હતો અને ખેડૂતને આર્થિક નુકસાન વેઠવું પડ્યું હતું.



વારંવાર સર્જાતા અકસ્માતોને પગલે સ્થાનિક રહીશો અને ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની માંગ છે કે ઉમલ્લા બજાર અને રેલવે ફાટક નજીકના આ જીવલેણ ખાડાઓને તાત્કાલિક પૂરવામાં આવે અને માર્ગનું નવીનીકરણ કરવામાં આવે. જો વહેલી તકે રસ્તો દુરસ્ત નહીં કરાય તો કોઈ મોટી જાનહાનિ થવાની ભીતિ સેવાઈ રહી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

## બોલીવુડ ગોસીપ

### મને આમિર અંકલનો એક રૂપિયો પણ નહીં મળે... નેપો કિડ હોવાના આરોપો મુદ્દે ઈમરાન ખાનનો જવાબ

ઈમરાન ખાને વર્ષ ૨૦૦૮માં જેનેલિયા ડિસુઝા સાથે પોતાની પહેલી ફિલ્મ 'જાને તુ... યા જાને ના' થી રાતોરાત ખ્યાતિ મેળવી હતી. તેની પછીની ફિલ્મોએ ઠીક-ઠાક પ્રદર્શન કર્યું પરંતુ તેનું કરિયર કંઈ ખાસ ન ચાલી શક્યું. હાલમાં તે વર્ષોથી બોલિવૂડથી દૂર છે. હવે એક ઈન્ટરવ્યુમાં ઈમરાન ખાને પોતાના કરિયરના ઉતાર-ચઢાવ અને ગ્લેમરથી દૂર જીવન વિશે ખુલીને વાત કરી છે. સમદિશના પોડકાસ્ટ 'અનફિલ્ટર્ડ વિથ સમદિશ' પર વાતચીત કરતા અભિનેતાએ કહ્યું કે, 'મારી પહેલી ફિલ્મની સફળતાએ મને બોલિવૂડના ઉભરતા સ્ટાર્સની કેટેગરીમાં તો પહોંચાડી દીધો પરંતુ ટૂંક સમયમાં તેની ચમક ફીકી પડી ગઈ અને કામ પણ ઓછું થઈ ગયું. જોકે, મારી પહેલી હિટ ફિલ્મ પછી મારી ફી વધી ગઈ હતી પરંતુ એ વાતમાં તદ્દન સચ્ચાઈ નથી કે, મને ફેમિલી નામના કારણે સરળતાથી સક્સેસ મળી ગઈ હતી.' અભિનેતાએ 'નેપો કિડ'ના ટેગનો સીધો જવાબ આપતા કહ્યું કે, 'મોટા ભાગના લોકો એવું માને છે કે, આમિર ખાનનો ભાણેજ હોવાના કારણે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સફળતાની ગેરન્ટી મળી જાય છે.

### શૂટિંગ વખતે સાજિદ ખાન દુર્ઘટનાનો શિકાર! સર્જરી કરાવવી પડી; ફરાહ ખાને આપી હેલ્થ અપડેટ

બોલિવૂડ ડાયરેક્ટર અને સલમાન ખાનના શો 'બિગ બોસ'ના એક્સ કન્ટેસ્ટન્ટ સાજિદ ખાન એક દુર્ઘટાનો શિકાર બન્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે સાજિદ ખાન એક પ્રોજેક્ટ માટે શૂટિંગ કરી રહ્યો હતો ત્યારે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં સાજિદ ખાનને પગમાં ઈજા પહોંચી છે અને તેનો પગ ફ્રેક્ચર થઈ ગયો છે. ફિલ્મ ડાયરેક્ટરને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. સાજિદની બહેન અને ડાયરેક્ટર-કોરિયોગ્રાફર ફરાહ ખાને પોતાના ભાઈનું હેલ્થ અપડેટ શેર કર્યું છે. સાજિદ ખાને ગત મહિને જ પોતાનો ૫૫મો બર્થડે સેલિબ્રેટ કર્યો હતો. તેની બહેન ફરાહ ખાન આ અવસર પર ખૂબ જ ખુશ હતી અને તેણે પોતાના ભાઈને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. જોકે, હવે તેણે સાજિદ અંગે ખરાબ સમાચાર આપ્યા છે. ફરાહ ખાને ખુદ સાજિદના અકસ્માતની પુષ્ટિ કરી છે. આ સાથે જ અકસ્માત બાદ શું-શું થયું અને હવે સાજિદની તબિયત કેવી છે તે પણ જણાવ્યું. સાજિદનો અકસ્માત શનિવારે થયો હતો અને રવિવારે તેની સર્જરી કરવામાં આવી હતી. સાજિદ ખાન એકતા કપૂરના કોઈ પ્રોજેક્ટ માટે શૂટિંગ કરી રહ્યો હતો. ત્યારે સેટ પર તેનો અકસ્માત થયો.

### એપેન્ડિક્સ સર્જરી પછી કિરણ રાવને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી

પ્રખ્યાત ફિલ્મ નિર્માતા અને નિર્માતા કિરણ રાવે થોડા મહિના પહેલા તેના ચાહકોને કેટલાક ચિંતાજનક સમાચાર આપ્યા હતા જ્યારે તેણીએ જાહેર કર્યું હતું કે તેણીની તબિયત અચાનક બગડવાથી તેણીને એપેન્ડિસાઈટિસ



સર્જરી કરાવવી પડી હતી. નવા વર્ષના દિવસના થોડા દિવસો પહેલા જ તેણીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. હવે, સુપરસ્ટાર આમિર ખાનની ભૂતપૂર્વ પત્ની કિરણ રાવે તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર તેના તાજેતરના સ્વાસ્થ્ય અપડેટ શેર કર્યા છે. તેણીએ હોસ્પિટલમાં તેના સમયના કેટલાક ફોટા પણ શેર કર્યા છે અને એક લાંબી નોંધ લખી છે. ૨૮ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ, ફિલ્મ નિર્માતા કિરણ રાવે એપેન્ડિક્સ સર્જરી કરાવ્યા પછી તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર આરોગ્ય અપડેટ શેર કર્યું હતું. તેણીએ ઘણા ફોટા પણ શેર કર્યા હતા. પહેલા ફોટામાં તેણીના હોસ્પિટલના રૂમનો નજારો દેખાતો હતો.

## એરપોર્ટ પર હજારો ચાહકો વચ્ચે થલાપતિ વિજય પડી ગયા, સુપરસ્ટાર માટેનો ક્રેઝ બધી હદો વટાવી ગયો



શું તમે ક્યારેય કોઈ સ્ટાર માટે આટલો ક્રેઝ જોયો છે? આ સુપરસ્ટાર જ્યાં પણ જાય છે, ચાહકો તેને ઘેરી લે છે; આ અભિનેતા હજારો લોકોમાં હલચલ મચાવવા માટે જાણીતા છે. તે ક્યારેય પોતાનો સ્ટાર પાવર બતાવવામાં નિષ્ફળ જતો નથી, અને તે થલાપતિ વિજય સિવાય બીજું કોઈ નથી. આ વખતે વિજય સાથે પણ આવું જ બન્યું. રવિવારે મોડી રાત્રે થલાપતિ વિજય ચેન્નાઈ પરત ફર્યા ત્યારે એરપોર્ટ પર થોડીવાર માટે અંધાધૂંધી ફેલાઈ ગઈ. મલેશિયાથી પરત ફરેલા અભિનેતા અને રાજકારણીની એક ઝલક જોવા માટે ઉત્સુક ચાહકો ચરમસીમાએ પહોંચી ગયા. પોલીસે કોઈક રીતે વિજયને ભીડમાંથી બહાર કાઢવામાં સફળતા મેળવી અને હજારો લોકોને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો.

ચાહકોની ભારે ભીડ વચ્ચે, વિજય પોતાનું સંતુલન ગુમાવી બેઠો અને લપસી પડ્યો અને પડી ગયો. સદનસીબે, તેને કોઈ ઈજા થઈ ન હતી. તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે) ના પ્રમુખ અને લોકપ્રિય અભિનેતા વિજય, રવિવારે રાત્રે મલેશિયામાં ફિલ્મ "જાન નાયકન" ના ઓડિયો લોન્ચ કાર્યક્રમમાં હાજરી આપ્યા પછી ચેન્નાઈ એરપોર્ટ પર પહોંચ્યા. જેમ જેમ તે એરપોર્ટના બહાર નીકળવાની નજીક પહોંચ્યો, તેમ તેમ મોટી સંખ્યામાં ચાહકો તેમની એક ઝલક જોવા માટે એકઠા થયા. ભીડ અચાનક બેકાબૂ બની ગઈ, જેના કારણે તેમની કાર પાસે થોડીવાર માટે હંગામો થયો. અંધાધૂંધી દરમિયાન, વિજય પોતાનું સંતુલન ગુમાવી બેઠો અને તેની કાર સુધી પહોંચતા પહેલા જ જમીન પર પડી ગયો.ઘટનાસ્થળે તૈનાત સુરક્ષા કર્મચારીઓએ તાત્કાલિક પરિસ્થિતિ પર કાબુ મેળવ્યો, તેમને ટેકો આપ્યો અને તેમને સુરક્ષિત રીતે તેમની કાર સુધી લઈ ગયા. આખી ઘટના થોડીક સેકંડમાં જ સમાપ્ત થઈ ગઈ, અને પરિસ્થિતિ ટૂંક સમયમાં કાબુમાં આવી ગઈ. વિજય સંપૂર્ણપણે સુરક્ષિત અને સુરક્ષિત હોવાનું જાણવા મળે છે. વિજય કુઆલાલંપુરથી પરત ફર્યા પછી આ ઘટના બની, જ્યાં તેઓ તેમની છેલ્લી ફિલ્મના ભવ્ય ઓડિયો લોન્ચમાં હાજરી આપી હતી. કેટલાક ટીવી અહેવાલોમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે વિજયના કાફલામાં એક વાહનને એરપોર્ટ પરિસરમાં એક નાનો અકસ્માત થયો હતો. જો કે, આ સંદર્ભમાં અધિકારીઓ કે વહીવટીતંત્ર દ્વારા કોઈ સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું નથી.

આ પહેલા, ૨૭ ડિસેમ્બરે, વિજયે કુઆલાલંપુરના બુકિત જલીલ સ્ટેડિયમમાં આયોજિત "જન નાયકન" ઓડિયો લોન્ચ ઈવેન્ટમાં એક વિશાળ સભાને સંબોધિત કરી હતી. આ ઈવેન્ટમાં લગભગ ૧૦૦,૦૦૦ લોકો હાજર રહ્યા હોવાના અહેવાલ હતા, જેના કારણે મલેશિયન બુક ઓફ રેકોર્ડ્સે તેને મલેશિયામાં ઓડિયો લોન્ચ ઈવેન્ટમાં સૌથી મોટી હાજરી જાહેર કરી હતી. આ પ્લેટફોર્મ પરથી વિજયે પોતાના ભવિષ્ય વિશે એક મહત્વપૂર્ણ સમજ પણ શેર કરી. તેમણે ફરી એકવાર સ્પષ્ટતા કરી કે તેમણે જાહેર જીવન અને રાજકારણ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે સિનેમાથી દૂર રહેવાનો નિર્ણય લીધો છે.

તેમના ભાવનાત્મક ભાષણમાં વિજયે કહ્યું કે જ્યારે તેમણે પોતાની ફિલ્મ કારકિર્દી શરૂ કરી હતી, ત્યારે તેમને લાગતું હતું કે તેઓ રેતીનું એક નાનું ઘર બનાવી રહ્યા છે, પરંતુ પ્રેક્ષકોએ તેમના માટે એક મહેલ અને કિલ્લો બનાવ્યો હતો. તેમણે એમ પણ કહ્યું કે તેઓ તેમના ચાહકો માટે આદર અને પ્રેમથી સિનેમાને અલવિદા કહી રહ્યા છે.

**ઇગલ ટીમ અને સ્થાનિક પોલીસ અમનપ્રીતને પકડવા માટે ખાસ ટીમો બનાવી રહી છે**

## અભિનેત્રીનો ભાઈ ડ્રગ કેસમાં ફરાર, પોલીસે તેની ધરપકડ માટે તૈયારીઓ શરૂ કરી

બોલિવૂડ અભિનેત્રી રકુલ પ્રીત સિંહનો ભાઈ અમનપ્રીત સિંહ ડ્રગ કેસમાં ફરાર છે. અમનપ્રીત સિંહનું નામ મસાબટેંક એક્ટ હેઠળ નોંધાયેલા ડ્રગ કેસમાં આરોપી તરીકે રાખવામાં આવ્યું છે. ઈગલ ટીમ અને સ્થાનિક પોલીસ અમનપ્રીતને પકડવા માટે ખાસ ટીમો બનાવી રહી છે. તાજેતરમાં પોલીસે ટૂપ બજારમાંથી બે ડ્રગ ડીલર, નીતિન સિંઘાનિયા અને શ્રેણિક સિંઘવીની ધરપકડ કરી હતી. તેમની પૂછપરછ દરમિયાન, અમનપ્રીતનું નામ સામે આવ્યું હતું. પોલીસે આરોપીઓ પાસેથી આશરે ૧૦૦ ગ્રામ ડ્રગ્સ જપ્ત કર્યા હતા. વધુમાં, ઈગલ ટીમે પુરાવા એકઠા કર્યા છે કે અમનપ્રીત નિયમિતપણે ધરપકડ કરાયેલા ડીલરો પાસેથી ડ્રગ્સ ખરીદતો હતો.



અમનપ્રીતનો ડ્રગ્સના કેસમાં ગુનાહિત ઈતિહાસ છે. પોલીસે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક મહિનામાં અમનપ્રીત સામે આ બીજો કેસ દાખલ કરવામાં આવ્યો છે, અને તે અગાઉ ડ્રગ્સનો ઉપયોગ કરીને પકડાયો છે. પોલીસ આ કેસમાં અન્ય મુખ્ય વ્યક્તિઓ સંડોવાયેલા છે કે કેમ તેની તપાસ કરી રહી છે. જો અમનપ્રીત મળી આવે છે, તો આ નેટવર્ક અંગે વધુ મહત્વપૂર્ણ ખુલાસાઓ થવાની શક્યતા છે. પોલીસ આ મામલાની તપાસ કરશે અને કેસની સત્યતા ઉજાગર કરવાનો પ્રયાસ કરશે.

અમનપ્રીત સિંહ એક સમયે તેની બહેનની જેમ અભિનેતા બનવાનો હતો. ૨૦૨૦ માં, એવા અહેવાલો આવ્યા હતા કે અમનપ્રીત ટૂંક સમયમાં તેની બહેન રકુલપ્રીતની જેમ દક્ષિણ ભારતીય સિનેમામાં અભિનય કરતો જોવા મળશે. હવે, અમનપ્રીત મસાબટાંક નામના ડ્રગ કેસમાં આરોપી છે, અને પોલીસ ટૂંક સમયમાં તેની ધરપકડ કરવાની યોજના બનાવી રહી છે. અમન અને તેની બહેન, રકુલપ્રીત વચ્ચે ગાઢ મિત્રતા છે. રકુલપ્રીતે દક્ષિણ ભારતીય સિનેમામાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી અને ત્યાં જ સ્ટારડમ મેળવ્યું. બાદમાં તે બોલીવુડની એક હિટ અભિનેત્રી બની. રકુલપ્રીત સિંહના લગ્ન જેકી ભગનાની સાથે થયા છે, જે પોતે એક બોલીવુડ સ્ટાર છે, અને તેના પિતા એક પ્રખ્યાત નિર્માતા છે.

**વૈશ્વિક સિનેમામાં ગ્લેમરથી વિદ્રોહ સુધીનાં બાર્ડો યુગનો અંત**

## ફ્રેન્ચ અભિનેત્રી અને એનિમલ રાઈટ્સ એક્ટિવિસ્ટ બ્રિજિટ બાર્ડોનું ૯૧ વર્ષે નિધન



ફ્રાન્સની દિગ્ગજ અભિનેત્રી, ૧૯૬૦ના દાયકાનાં સેક્સ સિમ્બોલ અને પાછળથી એનિમલ રાઈટ્સ કાર્યકર બની ગયેલાં બ્રિજિટ બાર્ડોનું ૯૧ વર્ષની વયે નિધન થયું હતું. તેઓ દક્ષિણ ફ્રાન્સમાં સ્થિત તેમના ઘરમાં મૃત મળી આવ્યા હતા. આ સાથે યુરોપના સિનેમામાં ગ્લેમરથી વિદ્રોહ સુધીના બાર્ડો યુગનો અંત આવ્યો છે.બ્રિજિટ બાર્ડોને વર્ષ ૧૯૫૬માં ફિલ્મ 'એન્ડ ગોડ ક્રિએટેડ વુમન'થી વૈશ્વિક ખ્યાતી મળી હતી.૧૯૫૦થી ૬૦ના દાયકામાં બ્રિજિટનું નામ ગ્લેમર અને બોલ્ડનેસનો પર્યાય બની ગયું હતું. તેમણે પરંપરાગત છબીઓને તોડતા મહિલાઓની આઝાદી અને આત્મ-અભિવ્યક્તિને નવી ઓળખ આપી હતી.બ્રિજિટ બાર્ડોનો જન્મ ૧૯૩૪માં પેરિસમાં થયો હતો. અભિનેત્રી હોવાની સાથે ફ્રેન્ચ પોપ ગાયિકા તરીકે પણ બાર્ડોએ ખ્યાતિ મેળવી હતી. જોકે, ફિલ્મી કારકિર્દીમાં ટોચ પર હતાં ત્યારે ૩૯ વર્ષની વયે જ બ્રિજિટે અચાનક ફિલ્મી દુનિયા છોડી દીધી. તેમણે પોતાનું જીવન પશુઓના અધિકારો માટેના આંદોલનને સમર્પિત કરી દીધું હતું. વર્ષ ૧૯૮૫માં તેમને ફ્રાન્સના સર્વોચ્ચ સન્માન લીજન ઓફ ઓનરથી સન્માનિત કરાયા હતા.

**ફિલ્મ 'ધુરંધર'માં રણવીર સિંહે એક ભારતીય જાસૂસની ભૂમિકા ભજવી છે**

## વાસ્તવિક જીવનના રહેમાન ડાકોઇટના એક મિત્રે 'ધુરંધર' ની પ્રશંસા કરી



આદિત્ય ધર દ્વારા નિર્દેશિત ફિલ્મ 'ધુરંધર' એ બોક્સ ઓફિસ પર કબજો જમાવી લીધો છે. આ ફિલ્મની વાર્તા હકીકત અને કાલ્પનિકતાનું મિશ્રણ છે, જે ૨૦૦૦ ના દાયકાની શરૂઆતમાં પાકિસ્તાનના લ્યારી ક્ષેત્રના કુખ્યાત ગેંગસ્ટર રહેમાન દકાતની વાર્તા કહે છે. કાલ્પનિક હોવા છતાં, આ ફિલ્મ કરાચીના હિંસક ગેંગ વોર દરમિયાન બનેલી વાસ્તવિક ઘટનાઓથી પ્રેરિત છે. અક્ષય ખન્ના આ બ્લોકબસ્ટર ફિલ્મમાં રહેમાન દકાતની મુખ્ય ભૂમિકા ભજવે છે. તેણે એક એવા પાત્રને જીવંત કર્યું છે જેનું નામ જ કરોડરજ્જુમાં કંપન લાવી દે છે. ફિલ્મની રિલીઝથી તેની વાર્તા અને પાત્રો વિશે ચર્ચા શરૂ થઈ છે. દરમિયાન, વાસ્તવિક રહેમાન દકાતના નજીકના મિત્ર હબીબ જાન બલોચની પ્રતિક્રિયા વાયરલ થઈ રહી છે.

સોશિયલ મીડિયા પર હબીબ જાનનો એક વીડિયો શેર કરવામાં આવી રહ્યો છે, જેમાં તે ફિલ્મમાં તેના મિત્ર રહેમાન ડાકુના ચિત્રણ પર પ્રતિક્રિયા આપતા જોઈ શકાય છે. હબીબ જાન બલોચના જણાવ્યા અનુસાર, તેણે ફિલ્મ બે વાર જોઈ છે અને બોલિવૂડ દ્વારા રહેમાનના ચિત્રણ માટે આભારી છે. વીડિયોમાં બલોચ કહે છે, "હું પાત્ર વિશે વાત નહીં કરું, કારણ કે ફિલ્મોમાં આવું ઘણીવાર બને છે. પરંતુ હું ચોક્કસ કહીશ કે જે પાકિસ્તાન ન કરી શક્યું, તે ભારતના બોલિવૂડે કર્યું. આભાર, બોલિવૂડ!"

હબીબે ફિલ્મની પ્રશંસા કરી, પરંતુ તેમણે રહેમાન ડાકોઈટને ખલનાયક તરીકે દર્શાવવા સામે અસંમત વ્યક્ત કરતાં કહ્યું, "તે એક હીરો હતો, એક ઉમદા માણસ હતો. પાકિસ્તાન હંમેશા તેમનો ઋણી રહેશે. જો રહેમાન અને ઉઝૈર બલોચ ન હોત, તો પાકિસ્તાન આજે બાંગ્લાદેશ જેવી જ સ્થિતિમાં હોત, અથવા તેનાથી પણ ખરાબ હોત."

આદિત્ય ધર દ્વારા દિગ્દર્શિત ધુરંધરમાં, રણવીર સિંહ એક ભારતીય જાસૂસની ભૂમિકા ભજવે છે જે ૨૦૦૦ ના દાયકામાં લ્યારીમાં રહેમાન ડાકોઈટની ગેંગનો ભાગ બન્યો હતો. ફિલ્મમાં સારા અલી ખાન, અક્ષય ખન્ના, સંજય દત્ત, આર. માધવન, અર્જુન રામપાલ અને રાકેશ બેદી સાથે મુખ્ય ભૂમિકાઓમાં રણવીર પણ છે.

**દયા અને મદદરૂપ સ્વભાવનો ઉપયોગ લૂંટના સાધન તરીકે કરવામાં આવ્યો તે શરમજનક**

## રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા સંગીતકાર જીવી પ્રકાશ ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યા

સાઉથ સિનેમાના જાણીતા સંગીતકાર અને અભિનેતા જીવી પ્રકાશ કુમાર આ દિવસોમાં કોઈ નવા પ્રોજેક્ટ્સ માટે નહીં, પરંતુ એક આઘાતજનક ઓનલાઈન છેતરપિંડી માટે સમાચારમાં છે. જરૂરિયાતમંદોને મદદ કરવામાં તેમની ઉદારતા માટે જાણીતા જીવી પ્રકાશનું આ વખતે શોષણ થયું. એક નકલી એકાઉન્ટે ભાવનાત્મક વાર્તા અને નકલી ફોટાનો ઉપયોગ કરીને ૨૦,૦૦૦ રૂપિયાની છેતરપિંડી કરી.



સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર, એક યુઝરે એક મહિલાનો ફોટો શેર કર્યો, જેમાં દાવો કરવામાં આવ્યો કે તેની માતાનું તાજેતરમાં અવસાન થયું છે અને તેણીને તેના અંતિમ સંસ્કાર માટે પૈસાની સખત જરૂર છે. પોસ્ટમાં જીવી પ્રકાશ કુમારને ટેગ કરવામાં આવ્યા હતા, જેથી તેઓ અપીલ તરફ તેમનું ધ્યાન દોરે. જીવી પ્રકાશના દયાળુ સ્વભાવ અને મદદરૂપ ભાવનાથી પ્રેરાઈને, તેમણે વધુ તપાસ કર્યા વિના ૨૦,૦૦૦ રૂપિયા એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દીધા.ટૂંક સમયમાં, સોશિયલ મીડિયા યુઝર્સે આ દાવા પર સવાલ ઉઠાવવાનું શરૂ કર્યું. ઘણા લોકોએ પુષ્ટિ કરી કે મૃત મહિલાનો હોવાનું માનવામાં આવતો જીવી પ્રકાશ સુધી પહોંચી ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું. એવું કહેવામાં આવ્યું હતું કે પૈસા મળ્યા પછી, સંબંધિત એકાઉન્ટે કોલ્સ અને સંદેશાઓનો જવાબ આપવાનું બંધ કરી દીધું હતું.

આ બાબત પ્રકાશમાં આવતાની સાથે જ જીવી પ્રકાશના ચાહકોએ નારાજગી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે તેમની દયા અને મદદરૂપ સ્વભાવનો ઉપયોગ લૂંટના સાધન તરીકે કરવામાં આવ્યો તે શરમજનક છે. ઘણા વપરાશકર્તાઓએ ભવિષ્યમાં આવી છેતરપિંડીઓને રોકવા માટે આવા કિસ્સાઓમાં પોલીસ ફરિયાદ નોંધાવવાની સલાહ આપી. કેટલાક ચાહકોએ એમ પણ કહ્યું કે જો આવા કૌભાંડો ફેલાતા રહેશે, તો ખરેખર જરૂરિયાતમંદ લોકો માટે પણ મદદ મેળવવી મુશ્કેલ બનશે.આ સમગ્ર ઘટના અંગે જીવી પ્રકાશ કુમાર તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. કાર્યક્ષેત્રમાં, તે હાલમાં નજીકના ભવિષ્યમાં ઘણા મોટા પ્રોજેક્ટ્સમાં વ્યસ્ત છે.

**છેલ્લી ફિલ્મ 'જન નાયકન'ના ઓડિયો લોન્ચ પર જાહેરાત**

## 33 વર્ષની કારકિર્દી બાદ સુપરસ્ટાર થલાપતિ વિજયે એક્ટિંગમાંથી આખરે સંન્યાસ લીધો

સાઉથ સુપરસ્ટાર થલાપતિ વિજયે એક્ટિંગ કરિયરમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી દીધી છે. તેમણે ૩૩ વર્ષના લાંબા ફિલ્મી કરિયર પછી ફિલ્મોને અલવિદા કહેવાનો નિર્ણય કર્યો છે. 'જન નાયકન' ફિલ્મ બાદ હવે વિજય સંપૂર્ણપણે પોતાની રાજકીય પાર્ટી તમિલગા વેત્રી કઝગમ (ફ્દ્ધ) પર ધ્યાન આપશે.



વિજયે આ જાહેરાત ૨૭ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ મલેશિયામાં ડિરેક્ટર એચ. વિનોદની ફિલ્મ 'જન નાયકન'ના ઓડિયો લોન્ચ દરમિયાન કરી હતી. તે હાલમાં ૫૧ વર્ષના છે અને જન નાયકન તેમની છેલ્લી ફિલ્મ હશે. મંચ પરથી તેમણે સ્પષ્ટ કહ્યું કે, હવે તેઓ સંપૂર્ણપણે રાજકારણ પર ધ્યાન આપશે.તેમણે જણાવ્યું કે, ગયા વર્ષે તેમણે પોતાની રાજકીય પાર્ટી તમિલગા વેત્રી કઝગમ બનાવી હતી અને હવે તેમની પાર્ટી ૨૦૨૬માં યોજાનારી તમિલનાડુ વિધાનસભા ચૂંટણી પણ લડશે. વિજય હવે સંપૂર્ણપણે રાજકારણ પર ધ્યાન કેન્દ્રિત કરશે.ચાહકોને સંબોધતા વિજયે કહ્યું, 'મારા માટે એક જ વાત મહત્ત્વની છે. લોકો મારા માટે થિયેટર આવે છે અને લાઈનમાં ઊભા રહે છે. તેથી હું આગામી ૩૦-૩૩ વર્ષ તેમના માટે ઊભા રહેવા માંગુ છું. મારા આ જ ચાહકો માટે હું સિનેમામાંથી સંન્યાસ લઈ રહ્યો છું.'

**૧૦૦૦ કરોડથી વધુની કમાણી કરી**

## 'ધુરંધર' ફિલ્મે ૨૦૨૫માં બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી દીધી

રણવીર સિંહની 'ધુરંધર' ફિલ્મ બોક્સ ઓફિસ પર અસાધારણ રીતે સારું પ્રદર્શન કરી રહી છે. ૫ ડિસેમ્બરે મોટા પડદા પર રિલીઝ થયેલી આ ફિલ્મ માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ ધૂમ મચાવી રહી છે. ધુરંધરે ઘરેલુ બોક્સ ઓફિસ પર અનેક રેકોર્ડ તોડી નાખ્યા છે અને સોશિયલ મીડિયા પર પણ આગ લગાવી રહી છે. આદિત્ય ધર દ્વારા દિગ્દર્શિત, ૨૦૨૫ ની સૌથી ચર્ચિત ફિલ્મ, તે દરરોજ નવા રેકોર્ડ બનાવી રહી છે. આ ફિલ્મ ૨૩ દિવસથી બોક્સ ઓફિસ પર જંગી કલેક્શન કરી રહી છે. અહેવાલ મુજબ, ધુરંધરે તેના ચોથા શનિવારે ભારતીય બોક્સ ઓફિસ પર ૨૦.૫૦ કરોડની કમાણી કરી. આ ફિલ્મનું કુલ સ્થાનિક કલેક્શન ૬૬૮ કરોડ થયું છે, જે શાહરૂખ ખાનની 'જવાન' અને



વિકી કૌશલની 'ચાવા' જેવી મોટી બ્લોકબસ્ટર ફિલ્મોને પાછળ છોડીને બોલિવૂડની સૌથી વધુ કમાણી કરતી ફિલ્મોની યાદીમાં જોડાઈ ગયું છે. આ તાજેતરના આંકડા સાથે, 'ધુરંધર' 'જવાન'ના લાઈફટાઈમ ઈન્ડિયા કલેક્શનને પાછળ છોડી ગયું છે, જે ૬૪૦.૨૫ કરોડ છે. તેણે "છવા" ને ૬૦૧.૫૪ કરોડ અને રાજકુમાર રાવની "સ્ત્રી ૨" ને ૫૯૭.૯૯ કરોડ સાથે પાછળ છોડી દીધી છે,

**સ્ટુડન્ટ ઓફ ધ યર ૨ અભિનેત્રીના ઘણા વીડિયો ઓનલાઈન વાયરલ**

## અભિનેત્રી તારા સુતરિયાને એપી ધિલ્લોને તેના બોયફ્રેન્ડની સામે જ કિસ કરી દીધી

બોલીવુડ અભિનેત્રી તારા સુતારિયા તાજેતરમાં ૨૭ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ એપી ધિલ્લોનના મુંબઈ કોન્સર્ટમાં હાજરી આપ્યા બાદ હેડલાઈન્સમાં આવી હતી. "સ્ટુડન્ટ ઓફ ધ યર ૨" અભિનેત્રીના ઘણા વીડિયો ઓનલાઈન વાયરલ થઈ રહ્યા છે કારણ કે તે એપી ધિલ્લોન સાથે હિટ ગીત "થોડી સી દારૂ" પર સ્ટેજ પર ડાન્સ કરતી જોવા મળી હતી. એક ક્લિપ, જે જંગલની આગની જેમ વાયરલ થઈ હતી, તેમાં એપી ધિલ્લોન તારાને ગળે લગાવતો દેખાય છે. પંજાબી ગાયિકા તેના ગાલ પર ચુંબન પણ કરતી જોવા મળે છે. જેમ જેમ કેમેરા તેના બોયફ્રેન્ડ, વીર પહાડિયા તરફ નજર કરી રહ્યો હતો, ઘણા ચાહકો અને ઓનલાઈન નિરીક્ષકોએ



જોયું કે તે તેના કાર્યોથી નાખુશ દેખાતો હતો.

વીર પહાડિયા તારા સુતારિયા અને એપી ધિલ્લોનના કાર્યોથી અસ્વસ્થ લાગતા હતા, કારણ કે તેમના ડેટિંગની અફવાઓ થોડા મહિના પહેલા જૂન ૨૦૨૫ માં શરૂ થઈ હતી, જ્યારે તેઓ મુંબઈમાં સાથે લંચ કરતા જોવા મળ્યા હતા. જોકે, તારા સુતારિયાનો ડેટિંગ ઈતિહાસ ખૂબ જ રસપ્રદ રહ્યો છે. તેણીને ઘણા સ્ટાર્સ સાથે જોડવામાં આવી છે.બોલીવુડ અભિનેત્રી શિલ્પા શેટ્ટી, જે ટેલિવિઝન શો "ઈન્ડિયન આઈડલ ૧૫" માં જજ તરીકે દેખાઈ હતી, તેણે રેપર બાદશાહ અને અભિનેત્રી તારા સુતારિયા વિશે એક આશ્ચર્યજનક ટિપ્પણી કરી. શિલ્પાએ મજાકમાં ટિપ્પણી કરી, "બાદશાહ, મેં સાંભળ્યું છે કે તમે દિવસ દરમિયાન પણ તારાઓ જોઈ રહ્યા છો. તમે તારાઓ જોઈ રહ્યા છો." શિલ્પા શેટ્ટીના મજાક પર બાદશાહની પ્રતિક્રિયાએ તારા સુતારિયા સાથેના તેમના રોમાંસ અંગેની અટકળોને વધુ વેગ આપ્યો.

### સુપ્રીમ કોર્ટ હવે સમગ્ર અહેવાલનું વિશ્લેષણ કરવા માટે પર્યાવરણીય નિષ્ણાતોની એક નવી પેનલ બનાવશે

# સુપ્રીમ કોર્ટે અરવલ્લી કેસ પર પોતાની ભલામણો પર સ્ટે મુક્યો

**' અમે નિર્દેશ આપીએ છીએ કે સમિતિની ભલામણો અને સુપ્રીમ કોર્ટના અનુગામી તારણો ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ કેસની સુનાવણી સુધી સ્થગિત રાખવામાં આવે' : સીજેઆઇ**

• નવીદિલ્હી,તા.૨૯

સુપ્રીમ કોર્ટે અરવલ્લી કેસમાં મોટો હસ્તક્ષેપ કર્યો છે, તેના પોતાના તારણોને સ્થગિત કર્યા છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે તેનો અમલ હાલ પૂરતો કરવામાં આવશે નહીં. તેના આદેશમાં, સુપ્રીમ કોર્ટે નિષ્ણાત સમિતિની ભલામણો અને તેના પોતાના આદેશ પર સ્ટે મૂક્યો છે. સુપ્રીમ કોર્ટ હવે સમગ્ર અહેવાલનું વિશ્લેષણ કરવા માટે પર્યાવરણીય નિષ્ણાતોની એક નવી પેનલ બનાવશે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને ચાર અરવલ્લી રાજ્યો - દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાત - ને નોટિસ ફટકારી નિષ્ણાત સમિતિના તારણો પર સ્પષ્ટતા માંગી છે.સીજેઆઇ એ જણાવ્યું હતું કે, 'અમે નિર્દેશ આપીએ છીએ કે સમિતિની ભલામણો અને સુપ્રીમ કોર્ટના અનુગામી તારણો ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ કેસની સુનાવણી સુધી સ્થગિત રાખવામાં આવે.'

કોર્ટે જણાવ્યું હતું કે રિપોર્ટના અમલીકરણ અથવા આ કોર્ટના નિર્ણયના અમલીકરણ પહેલાં, નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને માર્ગદર્શન પૂરું પાડવા માટે એક નિષ્પક્ષ, સ્વતંત્ર પ્રક્રિયાની જરૂર છેઃ ું અરવલ્લીની વ્યાખ્યાને ૫૦૦ મીટર વિસ્તાર સુધી મર્યાદિત રાખવાથી માળખાકીય વિરોધાભાસ સર્જાય છે, જેનાથી સંરક્ષણ ક્ષેત્ર સંકોચાય છે? શું આ બિન-અરવલ્લી વિસ્તારોનો વ્યાપ વિસ્તૃત કરે છે જ્યાં નિયમનકારી ખાણકામ કરી શકાય છે?,શું બે વિસ્તારો વચ્ચે ૧૦૦ મીટર કે તેથી વધુ અંતરે નિયમનકારી ખાણકામની મંજૂરી આપવામાં આવશે, અને તેમની વચ્ચે ૭૦૦ મીટરના અંતરનું શું? પર્યાવરણીય સાતત્ય કેવી રીતે જાળવી શકાય? જો નોંધપાત્ર નિયમનકારી ખામીઓ જોવા મળે છે, તો શું શ્રેણીની માળખાકીય અખંડિતતા જાળવવા માટે એક મહત્વપૂર્ણ મૂલ્યાંકન જરૂરી છે?,

સીજેઆઇ સૂર્ય કાંતે કહ્યું, 'અમે પ્રસ્તાવ મૂકીએ છીએ કે નિષ્ણાત સમિતિ દ્વારા રજૂ કરાયેલા અહેવાલનું વિશ્લેષણ કરવા માટે ડોમેન નિષ્ણાતોની એક ઉચ્ચ-શક્તિવાળી નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવે.' સુપ્રીમ કોર્ટે ૨૦ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય



હેઠળ રચાયેલી સમિતિની ભલામણો સ્વીકારી જે આ મુજબ છે - અરવલ્લી ટેકરીઓઃ સ્થાનિક ભૂપ્રદેશ (જમીન) થી ૧૦૦ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતી કોઈપણ જમીન. -અરવલ્લી પર્વતમાળાઃ જો આવી બે કે તેથી વધુ ટેકરીઓ ૫૦૦ મીટરની ત્રિજ્યામાં હોય, તો તેમને ટેકરીઓનો એક જ સમૂહ ગણવામાં આવશે. -આ ટેકરીઓ અને પર્વતમાળાઓમાંના તમામ ભૂમિસ્વરૂપો, તેમની ઊંચાઈ અથવા ઢાળને ધ્યાનમાં લીધા વિના, ખાણકામમાંથી બાકાત રાખવામાં આવશે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જે.કે. મહેશ્વરી અને ન્યાયાધીશ ઓગસ્ટિન જ્યોર્જ ક્રાઇસ્ટની બનેલી ત્રણ ન્યાયાધીશોની બેન્ચ 'અરવલ્લી ટેકરીઓ અને પર્વતમાળાઓ અને સંબંધિત મુદ્દાઓની વ્યાખ્યા' શીર્ષકવાળા કેસની સુનાવણી કરશે. ૨૦ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ આપેલા ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયની ખાણકામ નિયમન સમિતિ દ્વારા સૂચવવામાં આવેલી વ્યાખ્યા સ્વીકારી. સુપ્રીમ કોર્ટ ૨૧ જાન્યુઆરીએ આ કેસની સુનાવણી કરશે.સીજેઆઈએ કહ્યું, 'અમે કહ્યું છે કે, અમે પ્રસ્તાવ મૂકીએ છીએ કે નિષ્ણાત સમિતિ દ્વારા રજૂ કરાયેલા અહેવાલનું વિશ્લેષણ કરવા માટે ડોમેન નિષ્ણાતોની એક ઉચ્ચ-શક્તિવાળી નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવે.' નિષ્ણાત સમિતિની ભલામણો અને સુપ્રીમ કોર્ટના નિર્ણય પર સ્ટે મૂકવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટ ડોમેન નિષ્ણાતોની એક નવી પેનલ બનાવશે. નિષ્ણાત સમિતિના તારણો પર સ્પષ્ટતા માંગતા, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને ચાર અરવલ્લી રાજ્યો - દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતને નોટિસ જારી કરી.સીજેઆઈએ કહ્યું, 'અમે નિર્દેશ આપીએ છીએ કે સમિતિની ભલામણો અને સુપ્રીમ કોર્ટના અનુગામી તારણો ત્યાં સુધી સ્થગિત રહે.' આ કેસની સુનાવણી ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ થશે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, 'અરવલ્લી ટેકરીઓ અને પર્વતમાળાઓની માળખાકીય અને ઈકોલોજીકલ અખંડિતતાને સુરક્ષિત રાખવા માટે ડોમેન નિષ્ણાતોની બનેલી ઉચ્ચ-શક્તિવાળી સમિતિ દ્વારા બહુ-સમયગાળાની તપાસ હાથ ધરવામાં આવશે.'સુપ્રીમ કોર્ટે પોતાના નવેમ્બરના નિર્ણય અને સમિતિની ભલામણો પર સ્ટે આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સમિતિની ભલામણો અને તેના પોતાના નવેમ્બરના તારણ પર સ્ટે આપ્યો છે.સુપ્રીમ કોર્ટ ૨૧ જાન્યુઆરીએ કેસની સુનાવણી કરશે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ડોમેન નિષ્ણાતોની બનેલી ઉચ્ચ-શક્તિવાળી સમિતિએ અરવલ્લી ટેકરીઓ અને પર્વતમાળાઓની બહુ-સમયગાળાની તપાસ કરવી જોઈએ.


---

### દિલ્હીમાં શૂન્ય દશ્યતાને કારણે વાહનો રસ્તાઓ પર ઘૂસી ગયા

## નવા વર્ષના દિવસે કાશ્મીરમાં બરફ પડવાની શક્યતા, ૬ રાજ્યોમાં શીત લહેરનું એલર્ટ જારી

• નવીદિલ્હી,તા.૨૯

સોમવાર (૨૯ ડિસેમ્બર) સવારે દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાઈ ગયું. દિલ્હીમાં શૂન્ય દશ્યતાને કારણે વાહનો રસ્તાઓ પર ઘૂસી ગયા. દરમિયાન, તીવ્ર ઠંડીએ દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં સામાન્ય જનજીવન ખોરવી નાખ્યું છે. હવામાન વિભાગે હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા-ચંદીગઢ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ૩૧ ડિસેમ્બર સુધી રાત્રિ અને સવારના સમયે અને પૂર્વીય ઉત્તર પ્રદેશમાં ૧ જાન્યુઆરી સુધી ગાઢ થી ખૂબ જ ગાઢ ધુમ્મસ રહેવાની આગાહી કરી છે. દરમિયાન, નવા વર્ષના દિવસે જમ્મુ અને કાશ્મીરમાં વરસાદ અને હિમવર્ષાનો નવો રાઉન્ડ શરૂ થઈ શકે છે.



આઈએમડી અનુસાર, પૂર્વીય મધ્ય પ્રદેશ અને અરુણાચલ પ્રદેશના કેટલાક વિસ્તારોમાં ૨૯ ડિસેમ્બર સુધી અને ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને બિહાર, આસામ અને મેઘાલય, ઉત્તર પૂર્વીય રાજ્યો અને ઓડિશામાં ૧ જાન્યુઆરી સુધી ગાઢ ધુમ્મસ રહી શકે છે. આ સમયગાળા દરમિયાન ધીમે ધીમે વાહન ચલાવવા અને ફોગ લાઈટનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે. હવામાન વિભાગના હવામાન અહેવાલમાં જણાવાયું છે કે હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા-ચંદીગઢ, પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ૩૧ ડિસેમ્બર સુધી રાત્રિ અને સવારના સમયે ગાઢ થી ખૂબ જ ગાઢ ધુમ્મસ રહેવાની શક્યતા છે. નારંગી ચેતવણી - પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, બિહાર, આસામ, મેઘાલય, ત્રિપુરા, મેઘાલય, મણિપુર અને નાગાલેન્ડમાં ગાઢ ધુમ્મસની ચેતવણી સાથે ઓરેન્જ ચેતવણી જારી કરવામાં આવી છે. પીળો ચેતવણી - હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ધુમ્મસને લઈને પીળો ચેતવણી જારી કરવામાં આવી છે.

---

## કાનપુર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં 'બંટી ટેક્સ' લાદવામાં આવે છે, ભાજપના એક કાઉન્સિલર

• કાનપુર,તા.૨૯

ઉત્તર પ્રદેશના કાનપુર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રાજકીય તાપમાન આ દિવસોમાં ખૂબ જ ઉંચુ છે. તેનું સૌથી મોટું કારણ એ છે કે ભાજપના મેયર પ્રમિલા પાંડેએ બે ભાજપના કાઉન્સિલરોને ગૃહમાંથી સસ્પેન્ડ કર્યા છે. દરમિયાન, ભાજપના કાઉન્સિલરોએ મેયર અને તેમના પુત્ર પર પણ ગંભીર આરોપો લગાવ્યા છે. તેમનો આરોપ છે કે શહેરમાં 'બંટી ટેક્સ' લાગુ કરવામાં આવી રહ્યો છે. બંટી મેયર પ્રમિલા પાંડેનો પુત્ર છે. બંને કાઉન્સિલરોએ પોતાની હત્યાનો ભય વ્યક્ત કર્યો છે. તેમણે તેમના સસ્પેન્શન સામે હાઈકોર્ટમાં અપીલ કરવાની ધમકી પણ આપી છે. ભાજપના કાઉન્સિલર અંકિત મૌર્ય અને કાઉન્સિલર પવન ગુપ્તાને મેયર પ્રમિલા પાંડેએ અનુશાસનહીનતાના આરોપસર ચાર ગૃહ બેઠકોમાંથી સસ્પેન્ડ કર્યા હતા. પવન ગુપ્તાએ જણાવ્યું હતું કે મેયરના પુત્ર બંટીનો મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સંપૂર્ણ પ્રભાવ છે. તેમનો પુત્ર મેયરના બધા કામ સંભાળે છે. કોર્પોરેશનના ટેન્ડર અને કોન્ટ્રાક્ટ પણ તેમના ઈશારે તેમના જ લોકોને આપવામાં આવે છે. તેઓ એવો પણ આરોપ લગાવે છે કે બંટી પાંડેની કેટલીક દલિત વસાહતો પર નજર છે અને તેમને ખાલી કરાવવાનું કાવતરું ઘડવામાં આવી રહ્યું છે. કાઉન્સિલરે કટાક્ષમાં કહ્યું, 'ભાજપના શાસનમાં, 'રામ જે નક્કી કરે છે' તે હોવું જોઈતું હતું, પરંતુ મહાનગરપાલિકા 'બંટી જે નક્કી કરે છે' ના માર્ગે ચાલી રહી છે.' મેયર પ્રમિલા પાંડેના પુત્ર બંટી નિમણૂકો, ભરતી, કરાર અને ટેન્ડર સહિત તમામ બાબતોમાં દખલ કરે છે. અહીં ભ્રષ્ટાચાર વ્યાપક છે.

---

### મેક્સિકોમાં દર્દનાક દુર્ઘટના

## ટ્રેન પાટા પરથી ઉતરી ખીણમાં ખાબકી ૧૩ મુસાફરના મોત, ૯૮ ઈજાગ્રસ્ત

• મેક્સિકો, તા.૨૯

મેક્સિકોના દક્ષિણી રાજ્ય ઓક્સાકામાં રવિવારે એક અત્યંત દર્દનાક ટ્રેન દુર્ઘટના બની હતી. લગભગ ૨૫૦ લોકોને લઈ જઈ રહેલી એક ઈન્ટરઓશનિક ટ્રેન નિજાંદા શહેર પાસે પાટા પરથી ઉતરી ગઈ હતી. આ ભીષણ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૩ લોકોના મોતની પુષ્ટિ થઈ છે, જ્યારે ૯૮ અન્ય લોકો ઘાયલ થયા છે. આ અકસ્માતે મેક્સિકોના મહત્વાકાંક્ષી રેલ પ્રોજેક્ટની સુરક્ષા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. પ્રમુખ ક્લાઉડિયા શીનબામે સોશિયલ મીડિયા પર દુઃખ વ્યક્ત કરતાં કહ્યું કે વરિષ્ઠ અધિકારીઓને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા છે જેથી પીડિત પરિવારોને શક્ય તમામ મદદ કરી શકાય.મેક્સિકન નેવીના જણાવ્યા અનુસાર, દુર્ઘટના સમયે ટ્રેનમાં ૯ ક્રૂ મેમ્બર અને ૨૪૧ મુસાફરો સવાર



હતા. કુલ ૨૫૦ લોકોમાંથી ૧૩૯ લોકો સુરક્ષિત હોવાનું જણાવાયું છે. ઈજાગ્રસ્તોમાંથી ૫ની હાલત અત્યંત ગંભીર છે, જ્યારે લગભગ ૩૬ લોકોની વિવિધ હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે.ઓક્સાકાના ગવર્નર સાલોમન જારા ક્રૂઝે મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને કહ્યું છે કે રાજ્યની એજન્સીઓ કેન્દ્ર સરકાર સાથે મળીને કામ કરી રહી છે.એટર્ની જનરલ અર્નેસ્ટિના ગોડોય રામોસે પુષ્ટિ કરી છે કે અકસ્માતના કારણો જાણવા માટે ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરવામાં આવી છે. તે તપાસવામાં આવી રહ્યું છે કે શું આ કોઈ તકનીકી ખામી હતી કે રેલવે ટ્રેકના સમારકામમાં કોઈ ખામી રહી ગઈ હતી.જે ટ્રેન સાથે આ અકસ્માત થયો તે મેક્સિકોના સૌથી મોટા અને મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સમાંથી એકનો ભાગ છે.

---

## મેક્સિકોમાં ટ્રેન પાટા પરથી ઊતરી એન્જિન પલટી ગયું : 13નાં મોત

### 98 ઘાયલ, 250 મુસાફરો સવાર હતા

• મેક્સિકો

મેક્સિકોના દક્ષિણી રાજ્ય ઓઆક્સાકામાં એક ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ, જેના પછી ટ્રેનનું એન્જિન પલટી ગયું. ઘણા ડબ્બા પણ પલટી ગયા.આમાં 13 લોકોનાં મોત થયા છે અને 98 લોકો ઘાયલ થયા છે. આ ટ્રેન મેક્સિકોના અખાત અને પ્રશાંત મહાસાગરને જોડતા એક નવા રેલમાર્ગ પર ચાલી રહી હતી. આ રેલવે લાઈનનું સંચાલન મેક્સિકન નૌકાદળ કરે છે. મેક્સિકન નૌકાદળ અનુસાર, ટ્રેનમાં 250 લોકો સવાર હતા, જેમાં 9 ક્રૂ મેમ્બર શામેલ હતા. આ દુર્ઘટના ચિવેલા અને નિજાંડા કસ્બાઓ વચ્ચે એક વળાંક પર



થઈ.ઘાયલોમાંથી 36ને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શીનબાઉમે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું કે પાંચ ઘાયલોની હાલત ગંભીર છે. તેમણે વરિષ્ઠ અધિકારીઓને ઘટનાસ્થળે મોકલીને મૃતકોના પરિવારોને મદદ કરવાના નિર્દેશ આપ્યા છે. ઓક્સકા રાજ્યના ગવર્નર સલોમોન જારાએ X પર પોસ્ટ કરીને જણાવ્યું કે ઘણી સરકારી એજન્સીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને ઘાયલોને મદદ કરી રહી છે. મેક્સિકોના એટર્ની જનરલ અર્નેસ્ટિના ગોડોય રામોસે પણ સોશિયલ મીડિયા પર જાણકારી આપી કે આ ઘટનાની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આ ટ્રેન પ્રશાંત મહાસાગરના સાલિના ક્રુઝ બંદરથી એટલાન્ટિક મહાસાગર સુધી લગભગ 290 કિલોમીટરનું અંતર કાપે છે.આ ઈન્ટરોશિયનિક ટ્રેન સેવા 2023 માં તત્કાલીન રાષ્ટ્રપતિ એન્ડ્રેસ મેન્યુઅલ લોપેઝ ઓબ્રાડોર દ્વારા શરૂ કરવામાં આવી હતી.

---

### સોશિયલ મીડિયા પર યુઝર્સની ફરિયાદોનો ઢગલો

## અમેરિકા સહિત અનેક દેશોમાં ઈન્સ્ટાગ્રામ કલાકો સુધી ઠપ્પ થયું

• વોશિંગ્ટન

અમેરિકા સહિત અનેક દેશોમાં રવિવારે મેટાનું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ કેટલાય કલાકો સુધી ઠપ્પ રહ્યું હતું. યુઝર્સે મુખ્યત્વે લોગીન કરવા અને એપ એકસેસ કરવામાં સમસ્યાઓની ફરીયાદ કરી હતી. આ ફરીયાદો મોટેભાગે અમેરિકામાં નોંધાઈ. આઉટેજ-ટ્રેકીંગ વેબસાઈટ ડાઉનડિટેકટર અનુસાર સમસ્યાઓનો રિપોર્ટ સવારે લગભગ સવારે 4-10 (એટલે કે ભારતીય સમય મુજબ બપોરે 2-40) વાગ્યે ચરમસીમાએ પહોંચ્યો હતો, જયાં 180થી વધુ યુઝર્સે તેની ફરિયાદ કરી. જોકે આ રૂકાવટ વધુ લાંબો સમય નહોતી રહી. અનેક યુઝર્સે કહ્યું હતું કે તેઓ આ રૂકાવટ



દરમિયાન તેઓ ઈન્સ્ટાગ્રામ પર લોગ ઈન કે કધટેન્ટ લોડ નહોતા કરી શકયા. કેટલાકે અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સ્કીન શોટ શેર કરીને સૌને સમસ્યાથી વાકેફ કર્યા. ડાઉન ડિટેકટર ડેટાથી બહાર આવ્યું કે 45 ટકા યુઝર્સે એપ સાથે સંકળાયેલી સમસ્યાઓની ફરીયાદ કરી હતી, જયારે 41 ટકાએ લોગીનમાં આવતી મુશ્કેલીની ફરીયાદો કરી હતી.

---

## ઉતરપ્રદેશના 2017ના અત્યંત ચર્ચાસ્પદ રેપકાંડમાં અંતે સુપ્રીમકોર્ટ નિર્ણાયક બની

### કુલદીપ સેંગરની સજા સસ્પેન્ડ કરવાના આદેશ સામે સુપ્રીમનો સ્ટે

નવી દિલ્હી

ઉતરપ્રદેશ ઉન્નાવ રેપકાંડમાં દિલ્હી હાઈકોર્ટે આરોપી કુલદીપ સેંગરને જામીન પર છોડવાના આદેશ સામે સુપ્રીમકોર્ટે સ્ટે આપી દીધો છે. 2017માં અત્યંત ચર્ચાસ્પદ બની ગયેલા આ કેસમાં છેલ્લા સાડા સાત વર્ષથી જેલમાં રહેલા ભાજપના પુર્વ ધારાસભ્ય અને ઉતરપ્રદેશના બાહુબલી જેવા નેતા કુલદીપ સેંગરએ પોકસો હેઠળની તેની મહતમ થઈ શકતી જેલસજા ભોગવી લીધી છે.

તેથી તેની સજા સસ્પેન્ડ કરીને હાઈકોર્ટે જામીન મંજુર કરતા જ જબરો વિવાદ છેડાયો હતો અને દિલ્હી હાઈકોર્ટના ચુકાદા સામે સુપ્રીમમાં રીટ થઈ હતી જેમાં આજે એક તરફ સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી ચાલુ હતી તે સમયે પણ સુપ્રીમ બહાર રેપકાંડના ભોગ બનેલ મહિલા અને તેની સાથે રહેલ અનેક સંગઠનોએ દેખાવ કરીને સેંગરના જામીન રદ કરવાની માંગણી કરતા સુત્રોચ્ચાર કર્યા હતા.જેમાં કોંગ્રેસના દિવંગત નેતા અહમદ પટેલના પુત્રી મુમતાઝ પટેલ અને મહિલા કોંગ્રેસના અનેક અગ્રણીઓ પણ જોડાયા હતા. આજે સુનાવણી બાદ મુખ્ય ન્યાયમૂર્તિ સુર્યકુમાર ના વડપણ હેઠળની ખંડપીઠે હાલ કુલદીપની સજા સસ્પેન્ડ કરતા આદેશ સામે સ્ટે આપી દીધો છે અને તેથી સેંગર હાલ જેલ બહાર નીકળી શકશે નહી તે નિશ્ચિત થઈ ગયું છે.દેશભરમાં આ મુદે જબરો વિરોધ થયા બાદ તપાસ એજન્સી સીબીઆઈએ સુપ્રીમકોર્ટમાં જઈને દિલ્હી હાઈકોર્ટના આદેશ સામે અપીલ કરી હતી અને તે માન્ય રહી હોવાના સંકેત છે.બીજી તરફ સુપ્રીમકોર્ટે આ દુષ્કર્મ પીડીતાને કાનુની મદદ આપવા પણ આદેશ આપ્યો છે..

---

### પૂર્વ CMએ જમીન પર બેઠેલા મોદીની તસવીર શેર કરી હતી, કોંગ્રેસ નેતાઓએ દિગ્વિજય સિંહની ટીકા કરી

# RSSના વખાણ માટે દિગ્વિજય સિંહ પર રાહુલ ગાંધીનો કટાક્ષ :બોલ્યા- તમે ખોટું કર્યું



• નવી દિલ્હી

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ રવિવારે મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહને RSS અને ભાજપની પ્રશંસા કરવા બદલ કટાક્ષ કર્યો. દિલ્હી સ્થિત કોંગ્રેસ મુખ્યાલય 'ઈન્દિરા ભવન'માં પાર્ટીના સ્થાપના દિવસ કાર્યક્રમ દરમિયાન બંને નેતાઓ આમનેસામને આવ્યા. NDTVના અહેવાલ મુજબ, દિગ્વિજય સિંહ સાથે હાથ મિલાવતી વખતે રાહુલ ગાંધીએ તેમને મજાકીયા અંદાજમાં કહ્યું, 'કાલે તમે અયોગ્ય વર્તન કર્યું.' આ સાંભળીને આસપાસ હાજર નેતાઓ હસી પડ્યા. ત્યાં સોનિયા ગાંધી પણ હાજર હતા. તેઓ પણ હસવા લાગ્યા. પછી રાહુલ અને દિગ્વિજય વચ્ચે થોડીવાર વાતચીત થઈ.ખરેખરમાં, દિગ્વિજય સિંહે 27 ડિસેમ્બરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક જૂની તસવીર શેર કરીને RSS અને BJPના સંગઠનાત્મક માળખાની પ્રશંસા કરી હતી. તસવીરમાં નરેન્દ્ર મોદી અને લાલકૃષ્ણ અડવાણી દેખાઈ રહ્યા છે.

પોતાની પોસ્ટમાં દિગ્વિજય સિંહે લખ્યું હતું- આ ખૂબ જ પ્રભાવશાળી તસવીર છે. કેવી રીતે RSSનો જમીની સ્વયંસેવક અને ભાજપનો કાર્યકર્તા નેતાઓના ચરણોમાં ફ્લોર પર બેસીને પ્રદેશનો મુખ્યમંત્રી અને દેશનો વડાપ્રધાન બન્યો. આ સંગઠનની તાકાત દર્શાવે છે.

દિગ્વિજય સિંહે આ તસવીર પોસ્ટ કરી હતી, જેમાં અડવાણી ખુરશી પર બેઠા છે, જ્યારે મોદી તેમની સામે જમીન પર બેઠા છે. દિગ્વિજય સિંહની પોસ્ટ બાદ પાર્ટીની અંદર તેમની ટીકા થવા લાગી. બીજી તરફ, કોંગ્રેસ સ્થાપના દિવસના કાર્યક્રમને સંબોધિત કરતા પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દિગ્વિજયનું નામ લીધા વિના કહ્યું કે- કોંગ્રેસે ક્યારેય બંધારણ, બિનસાંપ્રદાયિકતા અને ગરીબોના અધિકારો સાથે સમાધાન કર્યું નથી. ખડગેએ એમ પણ કહ્યું કે કોંગ્રેસે ક્યારેય ધર્મના નામે વોટ માંગ્યા નથી અને ન તો મંદિર-મસ્જિદના નામે નફરત ફેલાવી છે. કોંગ્રેસ નેતા પવન ખેડાએ દિગ્વિજયના નિવેદન પર આકરી પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે કોંગ્રેસને ગોડસેની વિચારધારા સાથે જોડાયેલા સંગઠન પાસેથી કંઈ શીખવાની જરૂર નથી. કોંગ્રેસ સાંસદ મણિક્કમ ટાગોરે કહ્યું કે- RSS નફરતના આધારે બનેલું એક સંગઠન છે અને તે નફરત ફેલાવે છે. નફરતમાંથી કંઈ શીખવા મળતું નથી. શું તમે અલ-કાયદા પાસેથી કંઈ શીખી શકો છો? અલ-કાયદા નફરત ફેલાવતું સંગઠન છે. તે સંગઠન પાસેથી શું શીખી શકાય? દિગ્વિજયની સ્પષ્ટતા- RSS-મોદીની નીતિઓનો કટ્ટર વિરોધી છું આ તરફ, વિવાદ વધ્યા બાદ દિગ્વિજય સિંહે પોતાની સ્પષ્ટતામાં કહ્યું કે તેમણે ફક્ત સંગઠનની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું- હું સંગઠનનું સમર્થન કરું છું. હું RSS, PM મોદી અને તેમની નીતિઓની વિરુદ્ધ છું ANI સાથેની વાતચીતમાં દિગ્વિજય સિંહે કહ્યું- વિચારધારાને લઈને કોઈ મતભેદ નથી.